'મહાત્માનો કટોરો' નામનું 'જીવનના સોના' ગ્રંથ શાની વિચારપ્રચારક નવલકથાનું આ પુસ્તકમાં મોટું પ્રકરણ પુસ્તકનું નામ ધરાવે એનું તે પાત્ર એમાં લેખકની નિરોમેદિત દૃષ્ટાંતદૃષ્ટિ તથા નાટ્યક ઉત્સાહિતે થયેલ દર્શન થાય છે 'સંપૂર્ણ પુરુષ' 'ગૃહપુરુષ, એમાં લેખક ભરત મનુષ્યો, 'ભિખારી' 'મજૂરો', 'સ્વતંત્ર આત્માઓ' કહે છે, તે ઉપરાંત 'વિધવા' ને 'પ્રભાવાળો પુરુષ' તથા 'જાતિ' તે 'યોગી' પણ કહે છે તેની વાત કરતા એમની ભાષા જેવી જોશભેર આવી જાય છે એ એવા જેવું કે એનો જ બીજો વાચનલાયક લેખ એ પુસ્તકનો છે લગ્ન પુનર્લગ્ન અને બ્રહ્મચર્ય' વિધવાવિવાહ વગેરે એવા કેટલા લેખો છે તે ગાંધીજીને તે લખાયા હશે તે કામના જેવી ચર્ચાચર્ચી જન્માવી-હશે તે બતાવે છે ને લેખ ગાંધીજીના વિચારોને અનુવાદરૂપ છે

વ વાડીલાલ શાહ નિર્મિત કરો આપેલાનું તત્ત્વ, બીજી રીતે કહીએ તો હૃદયનું તત્ત્વ, ગોખણ અવાજતા નથી પણ તા ચિંતનનું એકદરે બુદ્ધિતત્ત્વનું પ્રમાણ આથી વધુ છે તેમ જૂના જનું ત્યાં નિભાવનનાર પ્રાધાન્યને લીધે મુક્તિઓના વર્ણન સાર એવા વિચાર

વાક્યો તેમના આ બેઉ પુસ્તકોમાં અનેક સ્થળે નજરે ચડે છે શબ્દોને અવતરણચિહ્નોમાં કે કાળા બીબામાં મૂકવાની સ્વ. ગાંધીની કાર્લાઈલની તેવી જ લાક્ષણિકતાની યાદ આપે તેવી રીતે તે તે શબ્દમાં પોતાને ઉદ્દિષ્ટ અર્થસભાર કે અર્થબળ તરફ વાચકોનું ધ્યાન દોરવા માગતા વિચાર-સાવધાન લેખકનું જ કામ છે

ઓજસવાળા ગદ્યમાં કેટલાક બળવાન વિચારો ને ભાવનાઓની ગુજરાતી સમાજને મુલ્યવતી ભેટ ધરી જનાર સ્વ વાડીલાલ શાહના આવાં લખાણો પ્રજાના વાચન માટે સુલભ થવા જોઈતાં હતાં એ કાર્ય ધર્મની આ રીતે થતી બજવણીનું કેટલુંક શ્રેય એ માટે નાણાં આપનારને એકત્ર કરનાર સજ્જનોને જશે પણ ઘણું તો જરો સંપાદક શ્રી ત્રિભુવન હીરજીભાઈ શેમાણીને. એમનો સ્વ શાહ માટેનો આદરભાવ, એમનો આ કાર્ય માટેનો ઉત્સાહ અને એને માટે એમણે લીધેલો સ્નેહશ્રમ, એમના પ્રવેશકાત્મક લખાણમાં, ગદ્યમાં મૂકેલી નોંધ મ પાદપૂરકો તરીકે તેમ કેટલાક લેખોને અંતે બનતા પૂરક મસાલા તરીકે લેખકના જ વાક્યો ને ઉદ્‌ગારોને શોધી ઉચિત સ્થાને મૂકવામાં તેમજ સ્વ. શાહ માટેના પ્રશંસોદ્‌ગારો તથા અભિપ્રાયો એકઠા કરી પાછળ મૂકવામાં સ્પષ્ટ દેખાય છે એમના આ સ્નેહશ્રમને આ પુસ્તકોનો બહોળો ઉપાડ તથા વાચનપ્રચાર મઢી કરો ।

સર્વેશ્વર :

[લેખક, ગુણવંતરાય આચાર્ય, પ્રકાશક, આર આર શેઠની કંપની મુંબઈ, ૨ મૂલ્ય, ૩ ૫/–]

શ્રી ગુણવંતરાય આચાર્યની ગુજરાતના ઇતિહાસને લગતી નવલકથાઓમાં એકનો વધારો કરતી આ કથા ભોલડી વરાના અંત અને વાઘેલા વંશના પ્રારંભના સંધિકાળની કથા છે એનો નાયક લેખકે ધોળકાના રાણા લવણપ્રસાદના પુત્ર વીરધવલને બનાવ્યો છે પાટણની પૂરી અવનતિના દિવસોમાં એ વીરધવલ તથા તેના સમવયસ્ક જુવાન વણિક મિત્રો વસ્તુપાલ અને તેજપાલ કેવી રીતે પાટણ ને તેના રાજાની છડેચોક હામી કરનાર ઘોઘલા બાઝને પકડી સ્ત્રીના વેશમાં તેને પાટણ ને ગુજરાતમાં જાહેર ફેરવવાની ઘાતકી શિક્ષા કરે છે, કેવી રીતે ખંભાત અને ભરૂચના દરિયાઈ બંદરો કબજે કરી ત્યાંના માલિક થઈ પડેલા શંખને રજપૂતો કરી મૂકે છે અને કેવી રીતે પાટણ પર ચડી આવતા માળવાના સેંકડ પરમારનો પરાભવ કરી ગુજરાતના રાજાને તેની ગાદી તથા આગલી પ્રતિષ્ઠા પાછી અપાવે છે, તે છૂટથી કલ્પનાનો, વાર્તાકળાનો અને શૈલીની લખાવટનો હમેશ માફક પૂરતો ઉપયોગ કરીને શ્રી આચાર્યે એમાં વિગતે નિરૂપ્યું છે

વર્ણવાયેલા પ્રસંગો ખરેખર આમ જ બન્યા હતા ઇતિ હ આસ. અને આલેખાયેલાં પાત્રો ખરેખર આવાં જ હતાં, એ તો કોણ જાણે પણ ઇતિહાસ આમ બન્યો હોય તો કેવું સારું, એમ ઇચ્છવાનું મન થઈ જાય એવી અસર શ્રી આચાર્યની ઐતિહાસિક નવલકથાઓના વાચનને અંતે જરૂર થાય છે રાણક-દેવી અને સિદ્ધરાજવાળો પ્રસંગ બન્યો જ નથી એમ લેખકે આ કથામાં બે પાત્રો વચ્ચેના સંવાદમાં દેખાડ્યું છે (અલબત્ત એક ઇતિહાસવિદે પણ એની સામે શંકા ઘણા સમય પહેલાં પ્રગટ કરી જ છે) અને લવણપ્રસાદ તેનો મંત્રી આશારાજ, આશારાજની પત્ની જયતસિંહ મોલકી, અને તેની માળવાના સુવરાજને પરણાવાયેલી દીકરી જયશ્રી, સોંગો રબારી, પાટણના ગોર પેથડશા, એ સૌને સારા અને વીરધવલ વસ્તુપાળ તથા તેજપાળના ગુજરાતના ઉદ્ધારના અભિલાષ અને પુરુષાર્થને પોતપોતાની રીતે પ્રેરક અને સહાયક બનતા આલેખ્યા છે ખરા પ્રેરક અને સહાયક, અલબત્ત બને છે લવણપ્રસાદની નહીં પત્ની મોતીનાદ અને 'કીર્તિકૌમુદી'ના કવિ વૃદ્ધ સોમેશ્વર. જેનેય લેખકે કથાનું પાત્ર બનાવ્યા છે એ વૃદ્ધ રાજપુરોહિત બાર વર્ષ યાત્રામાંથી પાછા આવતા પાટણના સહસ્રલિંગ તળાવની દુર્દશા અને તે જેનું પ્રતીક છે તે ગુજરાતની દુર્દશામાંથી પાટણ ને તેના રાજાને



ઉમારવા તે તેને ત્યાં ભેટી જતા લવણપ્રસાદની મદદ પામે છે લવણપ્રસાદ એના નીલકંઠી પત્નીએ કરાવેલી માનહાનિથી વેર વાળવા ને પાટણની આબરુ રાખવા પાટણ આવેલો હોય છે, પણ ત્યાં તો એને ખબર પડે છે તેજની યુવતી મોતીનંદ પત્ની તરીકે। મોતીનંદને પરણી એ ધોળકા પાછો જાય છે ત્યારે તો જુવાન થયેલો આગલો ચાલી ગયેલી પત્નીથી પોતાને થયેલો પુત્ર વીરધવલ આવી મળે છે એ વીરધવલે ગુર્જરનાની કીર્તિની પુનઃપ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી પરણવાના આગ્રહ લઈ બેઠેલો હોય છે અને મોતીનંદ એમાં એના પ્રેરક મૂર્તિ બને છે સોમેશ્વર પુરોહિત વીરધવલને સહાય કરવા લવણપ્રસાદના મંત્રી આશરાજના બે પુત્રો વસ્તુપાલ ને તેજપાલ અભિનવ સિદ્ધરાજની આજ્ઞાથી માગે છે જે માગણીનો સ્વીકાર આશરાજ તો કરતો નથી પણ એ તો પત્ની કે છે પછી તો વીરધવલ વસ્તુપાલ ને તેજપાલ કે ત્રિપુટીને ગૂર્જરરાષ્ટ્ર સંભાળી લેતી જ બતાવવાની રહી

એ સફળતા જે રીતે મળતી શ્રી આચાર્ય બતાવે છે તે આખળ પ્રાચની ? પરંપરા આમ બન્યું હોય તો કે એવી કલ્પના વાચકના જ મગજે એવી છે આ બીજી રીતે કહીએ તો, વાસ્તવિકતા કે સ્વાભાવિકતાની આપણી માગણી અને ભાવનાને મહીભર કરીને મૂકી દઈએ તો જ લેખકે રચેલી રંગમહાતનો આસ્વાદ કરી શકીએ લવણપ્રસાદના મોતીનંદ સાથેના લગ્નનો પ્રસંગ તેને પોતાને જ લાગ્યો હશે તેવા અદ્ભુત ચમત્કાર જેવો લાગે કે એટલું જ નહિ વસ્તુપાલ ને તેજપાલ ભાભાન ને બન્ને જે આજ્ઞાનીથી કાઢ કરી ને કે વીરધવલ જે આજ્ઞાનીથી તડકેશ્વર મહાદેવેશ્વરને મળતા કરે છે અને માળવાની જબરી સેનાને એક આખા દિવસના યુદ્ધમાં પરાજિત કરી દે છે અને અત્યારસુધી નાયક પાટણપતિ અભિનવ સિદ્ધરાજ જે ગાદીએથી ભૂગર્ભમાંથી આમ પહોંચી પાટણની ગાદીને શોભાવવા મંડી જાય છે તે બધું જાદુઈ ચમત્કાર જેવું નહિ લાગે ? એમ તો અદ્ભુતરસિક તળાવ પૂરું થયાને સો વર્ષ પણ ન થયા હોય ત્યાં એ ખંડેર બની ગયું હોય એ એ 'અભિનવ સિદ્ધરાજ'ને માથી એક પણ પાટણમાં ના હોય જ નહિ, એમાંના એક જયન્તસિંહ સોલંકી પાટણથી એટલેક દૂર દેવગિરિ ને માળવાના માર્ગો પરથી એ ગુજરાત પરના હુમલા પાછા કરવા લડાઈઓ કર્યા કરતો હોય, વીરધવલ ને તેના સાથીઓ ને સૈનિકો પાટણના ચૂડા દેવ પડના ત્રણ દરવાજામાં મુકામ કરે ત્યાં સુધી ગ્યાસુદ્દ ધર્મશાળા જેવા સૂના સ્થળમાં, સાથે પાટણનો રાજ્યહીનરૂ અને નગર-રક્ષક આવ્યા ત્યાં હોય એ બધું પણ એવું છે જેનો લેખ ને વર્ષો ભારી લો નહિ તો ક્યાંય રસ માણી જ શકે નહિ

ક્યારે મારીને કહેતા ને વાતોની જમાવટ કરીને વાર્તારસિયાઓને એથી ગમતા શ્રી આચાર્યની ખાસ કરીને છે એટલે વાચકોને એવો કાર્યક્રમ એમની કૃતિઓમાં ઠીક પ્રમાણમાં મળે છે આ કથા તેમાં અપવાદ નથી બલ્કે તે તેમની કૃતિઓની ઐતિહાસિક કથાઓ કરતાં વિશેષ ધ્યાન ખેંચે એવી બની છે મોતીનંદ ને વીરધવલના પાત્રોનું આલેખન અને નડેસર પ્રકરણમાં વીરધવલ અને મહાલેશ્વર વચ્ચેનો સંવાદ ને આખો પ્રકરણ સેમજ 'માળવા વિજય' પ્રકરણમાં મેહક પરમાર અને વીરધવલનો સંવાદ કથાના આકર્ષક ગણાય તેમ છે 'માળવા વિજય' પ્રકરણમાં શ્રી આચાર્યે વીરધવલને દીર્ઘદર્શી મુત્સદ્દી અને ભાવનાશીલ રાજભક્ત અને રાષ્ટ્રભક્ત બનાવવા સાથે માળવા પરને ગુજરાતના સૈન્યના વેરના પ્રેમ બંધુતા અને ઉદારતાના પ્રભાવથી થતા વિલોપનની વાત વાચકોની ભાવનાશીલતાને સ્પર્શી જાય એવી લખી છે આ બધાને લીધે તેમ વેગીલી અવાલી શૈલીને લીધે નવલકથા ખાસી સુવાચ્ય બની છે

★

ધરતીના મર્મને નવલકથામાં ગૂંથતા કસબી શ્રી દેવશંકર મહેતાની નવી નવલકથા



મીઠી વીરડી

[ભાગ ૧-૨]

લેખક

શ્રી દેવશંકર મહેતા

બન્ને ભાગનું ભેગું

મૂલ્ય રૂ ૧૩/૨૫

[રજિ. પો. રૂ. ૧/૭૫]

'મા-ધરતી મારા હૃદયને જેવા ભાવો ભેટ કરે છે એ ભાવોને કાગળ ઉપર મૂકતો હું રંગાઈ ગયો છું મારી આ કૃતિને સાહિત્યની દૃષ્ટિએ લેખનકળા માનવી હોય તો ભલે માન, પણ મેં તો ધરતીની વાચાને પુસ્તકના પાનામાં વણવા કાજે જ વાતોનો આ શરીર લીધો છે. ચોકી પરગણાના ગામડા જેવા મારા ગામની આજુબાજુ જીવતા જીવન માંથી જ મને જડી રહે છે. સમર્થ લેખકની કોઈયે કિતાબ મેં વાંચી નથી—હું આંખ ઉઘાડું છું ને મારી નજરે જીવાતા જીવનની કિંમતી કિતાબ જોઈ રહી. પડેલી ભાળું છું. એના ભીની ઓળીમાં મેં મારી કલમને ઝબોળી છે. તળપદા શબ્દોનો મને સથવારો સાંપડ્યો છે. વગડાપરવેરા અને અભણ-લખાયેલા લોકગીતોની સુભગ સોડમ માતા ગુર્જરીના ચરણમાં ધરવાની મેં આમનામાં છે'

[લેખકની પ્રસ્તાવનામાં]


— આપની નકલ મેળવવાનું મુખ્ય સ્થળ —

ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ ૧૮ ગાંધીરોડ ફ્લોરીડીન બ્રિજ **અમદાવાદ. ૧**

तोमार कीर्तिर चेये तुमि जे महत् ताइ
तव जीवनेर रथ
पश्चाते फेलिया जाय कीर्तिरे तोमार बारंबार


रवीन्द्रनाथ ठाकुर

[તારી કીર્તિથી તું મહાન છે, એટલે જ તારા જીવનનો રથ તારી કીર્તિને [illegible] પાછળ પાડતો આગળ ને આગળ ધસતો જાય છે]










તંત્રી ઈશ્વરલાલ મો. દવે
સંપાદક જયન્ત પરમાર
વર્ષ ૩૨ · અંક ૨ · મે ૧૯૬૧
સળંગ અંક ૩૭૩







ભારતી સંઘનાં નવાં પ્રકાશનો

મહાભારતની કથાઓ	ધૂમકેતુ	૪/—
સુખની ચાવી	ઈશ્વર પેટલીકર	૧/૨૫
ગૃહસંસાર		૧/૫૦
સંસ્કારની સુવાસ		૧/૫૦
પ્રેમસગાઈ	,	૧/૫૦
મૂળરાજ સોલંકી	ચુનીલાલ વ. શાહ	૬/૫૦
શ્રેયોમાર્ગ (નવી આ.)		૨/૫૦
જગ દીકરાની મા	,	૧/૨૫
વિશ્વાસનું વાવેતર	પન્નાલાલ પટેલ	—/૭૫
અંજપો	શેખાદમ આબુવાલા	૨/૨૫
જીવનમધુ	જયન્ત પરમાર	૪/—
દૈયર	'ઉમાકાન્ત'	૬/૨૫
અંકુર	બાબાભાઈ પટેલ	૩/૫૦
પુનર્મિલન	,	૪/૭૫
સાથ વિનાનો સંગાથી	ભૂપત વડોદરિયા	૫/૫૦
કબજિયાત કેમ મટાડશો?	ડા. ભૂ. મો. દવે	૪/—
આફ્રિકાની લોકકથાઓ (૪ ભાગ)	,	૬/૭૫
સફરના સાથી	ભગવત નાયક	૫/—
ભવની વાટે	અજ્ઞાત	૫/૭૫
મીઠી વીરડી (ભાગ ૧ ૨)	દેવશંકર મહેતા	૧૪/૨૫
ધરતીના આરના		૮/૭૫
માનવતાનો નાદ	ઈશ્વરભાઈ પટેલ	૩/૭૫
વીર પગલી	પીતાંબર પટેલ	—/૭૫
ધરમ તારો સંભાળ રે		૧/૫૦
પીતાંબર પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ		૫/—
મેળાના પંખી	ભાનુશંકર એ. વ્યાસ	૪/૫૦
મોતની ઓથમાં	નવનીત સેવક	૨/૫૦
ભૂતિયા પહાડમાં	,,	૨/૫૦
ધરતીના અમી	મણિભાઈ પટેલ	૪—
સાહિત્યનિકષ	અનંતરાય મ. રાવળ	૪/૨૫
ભારતયાત્રા	રામનારાયણ ના. પાઠક	૭/—
ધર્મકથાઓ ૧ થી ૫	ગો. ના. પાઠક	૭/—
પાનખર અને વસંત	સાને ગુરુજી	૫/૭૫
શ્યામ	,,	૬/૭૫
જીવન-ઝંઝાવાત	રંભાબેન ગાંધી	૨/—
લગ્નગીતો-લોકગીતોની ગૂંથણી	,,	૨/૫૦
રાખમાં વસે છે અમારા	રમણિક પટેલ	૩/૫૦
સાધના અને સિદ્ધિ	પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ	૭/૫૦
તૃષા અને તૃપ્તિ	,	૬/—
સાચા જીવનરે	સનાભાઈ પટેલ	૩/૫૦
ઝેરવી રાત	ટી. પી. સત્યક	૩/૫૦
હજી તો રાત બાકી છે		૩/૨૫
અમૃતપાન	ચુનીલાલ સેલારકા	૪/૫૦
ખરેલા તારા	જિતુભાઈ પ્ર. મહેતા	૪/૫૦
જીવીમા	વિજયકુમાર ત્રિવેદી	૧/૨૫
ચીંથરે વીંટ્યા રતન	.	૧/૨૫
અંતિમ દીપ	મોહનલાલ પટેલ	૪/૫૦
ધારાપુરીનો ખજાનો	ગમુ ઠક્કર	૧૩/૫૦
વનની વાતો	કૃષ્ણપ્રસાદ ભટ્ટ	૨/૭૫
ઢોળેલા આંસુ	.	૫/—
વંદના	મામાભાઈ ભાવસાર	૧/૫૦
ચાલો ચાલો પેણે	સ. વસંત જોધાણી	—/૭૫
મૂની પડી રે મીરાં	ઘનશ્યામ ઠાકર	૨/૫૦




— ઉપરના નવા પ્રકાશનો ઉપરાંત અમારા બધા પ્રકાશનોનું સૂચિપત્ર મંગાવો.—


ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ — ૧૪, ગાંધીરોડ, [illegible] બ્રિજ — અમદાવાદ, ૧







અંક ૮ : મે '૬૧
સળંગ અંક ૩૭૩





'ઊર્મિ' : વર્ષ ૩૨

સમાજમાં સંસ્કાર અને

ક્રમ




સૂચના

* લવાજમ વરસનું : સાડાસાત રૂપિયા પરદેશમાં દશ રૂપિયા (શિ. ૧૫)
* દર માસની ૧લી તારીખે નિયમિત પ્રગટ થાય છે
* વરસના એપ્રિલ, જુલાઈ, ઑક્ટોબર અને જાન્યુઆરી એ ચાર માસમાંથી કોઈપણ માસથી ગ્રાહક થઈ શકાય છે
* વી. પી. થી લવાજમ વસૂલ કરવામાં જે વધારાનો ખર્ચ થાય છે એ ગ્રાહકે જ ભોગવવાનો હોય છે એટલે, લવાજમ પૂરું થયાનો નોટિસ મળે ત્યારે ગ્રા. નં. અને પૂરા સરનામા સાથે કૃપા કરીને મનીઑર્ડરથી જ લવાજમ મોકલી આપવું
* નમૂનાનો અંક મંગાવતી વખતે ૭૫ નવા પૈસાની ટિકિટો બીડવી જરૂરી છે મફત અંક કોઈને મોકલાતો નથી
* દરેક જાતના પત્રવ્યવહારમાં ગ્રા. નં. લખવો ખાસ જરૂરી છે
* અસ્વીકૃત લખાણ પાછું મેળવવા જેટલી ટિકિટો બીડવી જરૂરી છે એ સિવાયનાં અસ્વીકૃત લખાણો પંદર દિવસ પછી રદ કરાય છે
* જાહેરખબર માટેનું, લવાજમ મોકલવાનું, લખાણો મોકલવાનું અને બીજા દરેક જાતના પત્રવ્યવહારનું સરનામું –

'ઊર્મિ—નવરચના'
ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિ.,
૬૪, ગાંધીરોડ : ફ્રેન્ડીઝ બ્રિજ
અમદાવાદ, ૧

પ્રકાશક ઈશ્વરલાલ મો. દવેએ અને મુદ્રક કાંતિલાલ છોટાભાઈ પટેલે માલિક ભારતી સાહિત્ય સંઘ (પ્રાયવેટ) લિમિટેડ વતી ૬૪, ગાંધીરોડ ફ્રેન્ડીઝ બ્રિજ અમદાવાદથી પ્રસિદ્ધ કર્યું અને નવજીવન મુદ્રણાલય, રતનપોળ, અમદાવાદમાં છાપ્યું. તંત્રી ઈશ્વરલાલ મો૦ દવે અને સંપાદક જયન્ત પરમાર





ઉપદેશ અને આચાર

આ જ્ઞાનને નિર્દેશિતામાં ખપાવી દેવું તે બહાદુરી નથી. અજાણ્યું ને અજાણ્યું કરે બરાબર એ કહેવત સાચી છે પણ જે જ્ઞાનને અજાણ્યા ન રહેવા ન [illegible] શકાય મ [illegible] અજ્ઞાનતાનું પ્રદર્શન પણ ન કરી શકે. પ્રદર્શન કરે એને જ સાબિત કરી આપે છે કે તે અજ્ઞાન નથી. અજ્ઞાનતાનું [illegible] ન થાય ત્યારે એ અજ્ઞાનને આશીર્વાદરૂપ ગણવું પડે. ત્યારે અજ્ઞાનીઓ પણ જ્ઞાનનો ભંડાર ઠાલવવા બેસે. [illegible] જ્ઞાનથી [illegible] ન સમાય ત્યારે એ અજ્ઞાનીની કથા તો ત્યાં અટકે [illegible] તેમ તેમ [illegible] હોય તેમ તેના પર ચીડ ઉઠી જાય. માણસ જ્ઞાની હોય કે અજ્ઞાની પણ એને દેખાડો કરવા જ્યારે પ્રેરાય ત્યારે તેનું જ્ઞાન કે અજ્ઞાન બધુંય ભુંસાઈ જાય અને જે બાકી રહે તે નબળાઈ. એ નબળાઈને પોષવા કાંઈક ને કાંઈક [illegible] કરે તે [illegible] આગામનું તો [illegible] કરે જ છે સાથે સાથે પોતે પણ અહિત [illegible] વહોરી લે છે. આ અજ્ઞાન [illegible] વૃત્તિ આદમીને [illegible] વૃત્તિ આજનું સર્વવ્યાપી દૂષણ છે. [illegible] જ્ઞાન અજ્ઞાનનું પ્રદર્શન અત્યારની પેઢીને [illegible] છે. એ [illegible] આજની પેઢી [illegible] છે. એ [illegible] જૂની પેઢીને એ [illegible] છે. નવી પેઢીને ઉતારી પાડવા [illegible] છે અને નવી પેઢીને દરેક રીતે [illegible] પાડવા [illegible] પેઢીએ પેઢીએ વિચારોની [illegible] અને દૃષ્ટિની જે [illegible] અનુભવવા મળે છે એમાંની આજની પેઢીની આ એક મથામણ જ છે—પોતે ન હોવું તે દેખાવું, પોતાનામાં હોય તે [illegible] બીજાને [illegible] પોતે ન જાણે [illegible] કોઈની પાસેથી કાંઈ શીખવાની વૃત્તિ પણ ન રાખવી. એવી વૃત્તિથી જાણે પોતે [illegible] જાય છે એવું અનુભવવું—આ [illegible] આપણને ક્યાં લઈ જશે? આપણી ઊગતી પેઢીનું આ [illegible] દૂષણ દૂર કરવાનું [illegible] ત્યારે જ ને? [illegible] ઉપદેશથી કાંઈ સુધરવું નથી.



'ગીતપિયાસી'

પીંપરો પાન વિનાની

પીંપરો પાન વિનાની,
રૂપ છટાની છોળ ઊડે તોયે,
રૂપનાં રૂપ નિરાળી—
પીંપરો

ધીમી ધીમી એની યૌવન કેરી,
મહેકી ઉઠે છે મલ્હાર
રોમે રોમે એના નર્તન જાગે
પુલકી પારાવાર—
સોંગે જાણે સાન પુરાણી
—પીંપરો

વનદેવીના વસ્ત્ર ઉડાડી,
વાયરો નટખટ થાય,
લાલ ગુલાબી દશનો ફૂટે,
મન અંગે ન સમાય
પીએ જાણે વાનગી લ્હાણી
પીંપરો

તડકો

આ તડકો શો તડપાવે છે!
પ્રીતિનું જ્યાં બિન્દુ નથી ત્યાં,
મૃગજળથી ભરમાવે છે—આ

અણુ અણુ આલિંગી આગ,
તીવ્ર તૃષા જન્માવે છે
અમીવર્ષણનું ચૂપ સંકોરી,
સપના ઉર સરજાવે છે,
કો નખરાળી નારી પેઠે,
તલસાની અકળાવે છે આ

કામિની કોઈ કઠોર પેઠે,
અનલ કટોરા પલપલ પાય,
કૂણા કાળજાના સંવેદન,
શુષ્ક નીરસને શે સમજાય?
ગુમાન એનું ગગને જઈ
વંટોળે ધૂળ ચડાવે છે—આ

શુષ્ક હૃદયના શબ્દો જેવી,
લાગી લૂ વરસાવે છે
મખમલ ગાદી માંહીં ગતેલા,
કુળિયાનેય બનાવે છે
આખર તો પોતે પીગળી જઈ,
વત્સલ વર્ષા લાવે છે—આ


ધીમ ધખે

આ ધીધમાર શા ધીમ ધખે!
આતુર જનમન ધનજળ તલખે—આ

આ અનરાધાર અગન વચ્ચે,
પશુ પંખી વનવનના તરસે,
કણ કણ અંગારા શા સ્પર્શે,
તરસ્યા નેણા નભપટ નીરખે—આ

આ હેત વિનાના હૈયાઓ,
તનમન તડપાવે તાપ નર્યો,
શું રૂદ્રતણા ક્રોધાગ્નિનો,
કો આભેથી અંગાર ખર્યો?
આ અનલ રસે, જલથલ છલકે—
આ ધીધમાર

★



એ આપણી ભાષામાં ભારીએ આપની નિકટ ગોઠવતાં ઠાકુરની જન્મશતાબ્દિ નિમિત્તે એમના બે ગીતો અહીં રજૂ થાય છે. તમામ હેતુ ગીતો વિશ્વની કવિની રચના હતી તેમ છતાં ઉપાશ્રિત તેના અવસાન વખતે પ્રગટ થયેલું પણ તેમનું આખરી ગીત તો ગીત મૃત્યુ 'સુકાનીને સાદ' જ છે. એ કાવ્ય તેમના ... એ પછી તો આગલે દિવસે એ ટેથી જ રચેલું અને એ તો પાન સુધી પણ ... એમની ... એમના અવસાન પછી આશ્રમમાં પહેલી વાર ગવાયું હતું. 'દુઃખનો છલનાવેષ' એ કાવ્ય વિશે કાંઈક મૃત્યુના પ્રથમ સ્પર્શ કે જેમ બધે પ્રસિદ્ધ થયાં પાછું ... ગીતનો ધ્વનિ તો અનન્ત ઉપર મૃત્યુ પહેલા ભયની જનના વર્ણવે છે

દુઃખનો છલનાવેષ

दुःखेर आधार रात्रि बारे बारे
ऐसेछे आमार द्वारे
एक मात्र अस्त्र तार देखेछिनु
कष्टेर विकृत भाण
त्रासेर विकट भंगी
अन्धकारे छलनार भूमिका ताहार
जतबार भयेर मुखोस
तार करेछि विश्वास
ततबार हयेछे अनर्थ पराजय
एइ हारजीत खेला
जीवनेर मिथ्या ए कुहक
शिशुकाल हते विजडित पदे पदे
एइ विभीषिका
भयेर विचित्र चलच्छवि
मृत्युर निपुण शिल्प विकीर्ण आंधारे

દુઃખની ઘોર અંધાર–રાત્રિ વારે વારે મારે દ્વારે આવી છે
એનું એક માત્ર અસ્ત્ર છે એનું કષ્ટ—— ભયાવહ ઉપાડ અને ત્રાસની વિધવિધ ચેષ્ટાઓ અંધકારમાં એ ભજવી રહી છે પોતાનો છલના-વેશ. એના ભય પુરબાનો જેટલી વાર ભરોસો કર્યો છે, તેટલી વાર હું હાર્યો છું
હારજીતનો આ જુગાર ! જિંદગીની આ માયાજાળ
બાળપણથી જ મારે પગલે પગલે જડાતી આવેલી આ બિભીષિકા, ભયનું આ વિચિત્ર ચલચિત્ર——
અંધકારમાં આલેખાયેલું આ મૃત્યુનું ચાતુરીમય કલાવિધાન

સુકાનીને સાદ

समुखे शान्ति पारावार
भासाओ तरणी हे कर्णधार
तुमि हबे चिरसाथी,
लओ लओ हे क्रोडे पाति
असीमेर पथे ज्वलिबे
ज्योतिर ध्रुवतारका
मुक्तिदाता तोमार क्षमा तोमार दया
हबे चिरपाथेय चिरयात्रार
हय जेन मर्त्येर बन्धनक्षय
विराट विश्व बाहु मेलि लय
पाय अन्तरे निर्भय परिचय
महा अजानार

હે કર્ણધાર ! સામે જ પારાવાર શાંતિ છે
મારી તરણી હંકાર. હે મારા ચિરસાથી !
મને તારા ખોળામાં લઈ લે ને મહાન જ્યોતિના ધ્રુવતારાને પ્રકાશ અસીમને માર્ગે ઝગાવજો
હે મુક્તિદાન ! આ ચિરંતન યાત્રાનું ચિરપાથેય તારી ક્ષમા અને તારી દયા બનો
મૃત્યુના આ બંધનો તૂટી જાઓ. વિરાટ વિશ્વ મને તમારા બાહુમાં ભાવી લો
એ મહાન અજાણ્યાનો સાથ પરિચય નિર્ભયતાથી મારા અંતરમાં થાઓ

★



'રાજહંસ'

સમયના શોર-ગોર

પ્રકૃતિ—એકલો લોક !

કવિ ન્હાનાલાલે ઘણીય વાર મનને પ્રકૃતિ સાથે ઝૂલાવ્યું છે. એમણે વિરાટને કેટલીય વાર કાવ્યની શીશીમાં ઉતારી આપણાં હૈયાં વિરાટ અને ઉદાર બને એવા પુરુષાર્થ કર્યા છે. એમણે સુખદુઃખ સભર આ ઊંડા વિશ્વને ફરી ગજાવ્યું છે અને એમાં ફરતાં ફરતાં આનંદના અઘેળ કર્યાં-કરાવ્યા છે ને વિરહ વાદળ ઓઢા—ઓઢાડ્યા છે.

ત્યારે વિરાટ પણ જાણે સૂક્ષ્મ હતું મનની અંદર સમાય એવું હતું. હવે માનવીને સ્થૂળ વિરાટ મળ્યું છે, પ્રવેશ થયો છે ને કંઈ એની સાથે સંપર્ક વધવાના એના ગજા વડે માનવીનું સામર્થ્ય વધશે. એ સીમાએ પ્રાકૃતિક છે ને મટી અવકાશી હસ્તી થવાની એના સ્વભાવનું પરિવર્તન થવાનું ને સંભવ છે કે એના દેહની રચનામાં પણ ફેરફાર થવાના.

આપણી ગૃહવ્યવસ્થા, સમાજરચના, રાજ્યશાસન ધર્મ-પ્રતિષ્ઠા ન્યાય અને સ્વતંત્રતા—એના પ્રચલિત મૂલ્યોમાં ઘણા મૂળભૂત ફેરફારો પણ થવાના. હજુ એકાદ દાયકો તો આની અતિ નહિ વરતાય પણ પછી તો એ અસરોનો વેગ વધવાનો.

એમાંથી જ શું અત્યાર સુધી થયો રહ્યું અણુયુદ્ધ આવી પડશે? કે એમથી માનવશક્તિઓને વહેંચવાની નવી દિશા મળી જશે? આનો જવાબ વિજ્ઞાનીઓ ના આપી શકે ને જ્ઞાનીઓ મૌન નહિ એમના ધ્યાન ચિંતન ના ક્યારના કામે લાગ્યા જ હશે.

અવકાશસિદ્ધિ—માનવસત્તાની કે મહેશના?

વિજ્ઞાનની ઐતિહાસિક સિદ્ધિ, માનવી અવકાશની યાત્રા કરી હેમખેમ નિશ્ચિત સ્થળે પાછો ફર્યો, ત્યારે એનો આનંદ ધરતી પર થવો જોઈએ એવો દેખાયો નથી. હર્ષ અને ચિંતા બંને સાથ ગૂંથાઈ જાણે રક્ત રાઈ ગઈ છે. રશિયનોએ હુંકાર કર્યો છે તે અણુના જેતા અવિવેક છે એમની શક્તિના સદુપયોગ વિશે શંકા ઉપજાવનારો છે.

નગર બીજા બહુ રહેવાસીઓ આ ધરતી ઉપરના પ્રવાહનો ઝીણી શકતા હોય તો એમને જણાયું હશે કે થોડા આગેકદમની કૂદથી એક મહાન સિદ્ધિને રશિયાએ હાથવગી બનાવી લીધી છે એમ તો અહીં પણ વરાળ વીજળી વાયરલેસ વિમાન વગેરે મહત્વની શોધો થઈ ચૂકી છે પણ ત્યારે એનાથી ગભરાટ જગાવનાર નહોતા. એને વખતે ખુવારીઓ ગર્વ પામી હતી જ્યારે એમાં રહેલી શક્તિઓથી સહુ ખુશ થયા હતા.

નેહરુએ સ્પષ્ટ વ્યક્ત કરી છે કે આ સિદ્ધિ શાંતિ લાવનાર બનો એ વખતસરની ચેતવણી છે. ટૂંકા ગાળામાં અવકાશમાંથી ધારે ત્યાંથી માનવીને ઉતારી શકાય એવા પૃથ્વીમાં નવો જ સંજોગ છે. એમાંથી શું શું નીપજશે તેનો હમણાં સ્પષ્ટ ખ્યાલ આવે એમ નથી. સહુ વિચારમાં—ફિકરમાં મૂકે એવી આ ઘટના બની છે.

આપણે ચંદ્ર ઉપર પહોંચીએ કે શુક્ર ઉપર ભીતરીએ—ત્યારે માનવી ઊતર્યો છે એમ કહી આપણે નહિ હરખી શકીએ ત્યાં રશિયન પહોંચ્યા છે કે અમેરિકન એ તપાસવાનું રહેશે. એટલે હમણાં તો એક મોટી સિદ્ધિ ઉપર માનવીના હક લાગતા નથી રશિયાના હક લાગે છે. આખી દુનિયા ઉપર અમુક પ્રકારની પકડ લાવનાર દેશની સિદ્ધિ આપણને જાણે ભારે



પડી ગઈ છે

વિરાટના કરી આવ્યાથી માનવીનું મન વિરાટ થતું નથી. ખરી ઉદારતા તો અંતરના અવકાશમાં જન્મે છે એ હવે સ્પષ્ટ થવું જોઈએ.

રાષ્ટ્રીય સામ્યવાદ સંભવે ખરો?

ભારતના સામ્યવાદીને પોતાને વિચારવાનું સૂઝતું હોય તો પૂછેલો કે વાદ ને નવાઈની વાત છે કે દેશ વિશે આવી ચર્ચા કરનારા એ પક્ષમાં હવે દીઠ્યા, અને તે પણ રશિયન આગેવાન ક્રુશ્ચેવની હાજરીમાં! એ પક્ષમાં પણ નામ ને ખાતર એવા પ્રશ્નો પડ્યા: સામ્યવાદનો રાષ્ટ્રીય ધોરણે વિચાર થઈ શકે કે નહિ, આ દેશની કોઈ ખાસિયત કોઈ જરૂરિયાત ધ્યાનમાં લેવાશે કે નહિ? કે પછી એના વાવટામાં બીજો રંગ કે બીજી ભાત હોઈ જ ના શકે?

લેનિનના મૃત્યુ પછી એની સ્મૃતિને ઝાંખી પાડવા રશિયામાં કેવા યત્ન થયા પ્રુવ આગળનો વાળ લઈ એમનું કામ કરી ગયા એન રશે પોતે મોણું પછી બતાવ એન ક્રાંતિકારી મરીને મુબારક ગણાય એ બીજે એમણે લેનિનવાદ મોખરે આણ્યો અને ક્રિક સ્ટાલિન કમોત વગર હોવામાં પરચો બતાવવા માંડ્યો, તિ એના ખુરશી કાઢી ન આઝ આખિરમાં પછાત અજમાવ્યા રશિયાદાર વધુ ભેદ્યા અને એમાં આંતરરાષ્ટ્રીય સામ્યવાદની આસક્તિ હતી કે એને એક આજના સામ્યવાદીઓમાંથી કેટલાકને લાગે એ દેખીતું છે.

નેહરુજીમાં આમ્યવાદે પરચો બતાવ્યો હતો એ વખતે એમણે ચીંધ્યું પાસે ઠર ઉછરાવ્યા હતા અને એની આતાનાની દેખાઈ એમને ટેમણે પાડ્યા હતા એ ક્રાંતિ લાવી ગણુકીવેની 'તાહેરશી' આભારી હતું એ ઘણાખરે એમની ગણતરી એવી હતી કે આવી ટોળાં મજબૂત બનાવી દેશભરમાં ધૂમ મચાવી દેવી પણ એ પાસા પોબાર ના પડ્યા એ પૂનીને ફરી પક્ષને સમજાવવા—કોના તૈયાર ના રાષ્ટ્ર પહેલું કે સામ્યવાદ એની ખિદમતમાં રહેવું?

સામ્યવાદમાં કોઈ ગુણ નથી એવું તો આ જમાનામાં કોઈ નહિ કહી શકે. છતાં એ હજી ભારતમાં પણ સ્થપાયો નથી, ને ચીનમાં પણ નહિ. એ તો સ્વપ્નું છે, આદર્શ છે એ દિશામાં પ્રયાસ થવા સામ્યવાદી સરકારો રચવામાં આવી છે, ને તેઓ પ્રજાના નામે કારોબાર ચલાવે છે. સામ્યવાદ ક્યારે આવશે તે કોઈ કહી શકતું નથી. કેવો આવશે તેની માત્ર ઊડતી કલ્પનાઓ છે ને તેમ છતાં જે કોઈ સાચાય એવું છે ને તે એમની કાર્યપદ્ધતિ આદર્શને સિદ્ધ કરવા કેવા પગલાં લેવાં પડે તેનો ઇતિહાસ આપણે જોઈ ગયા.

પરંતુ મોટા ભાગનો ઇતિહાસ લખાતો જ નથી. કદાચ ક્યારેય નહિ લખાય. એટલી પ્રગતિ થઈ છે તો અવારનવાર બહાર પડે છે પણ એમાંયે વિશ્વાસ મૂકવો મુશ્કેલ છે. જ્યાં પાછલી લડતનો ઇતિહાસ અને વર્તમાન પ્રગતિ વિશે કશું ચોક્કસ નથી ત્યાં ભવિષ્યની શી વાત કરવી?

આપણે ત્યાં સામ્યવાદી મિત્રો—બિરાદરો—સાથીઓ ઘણા છે. એમના ધ્યેય પણ નિર્મળ છે. રશિયન તો એમની જ એમ એમનાં કદર વિરોધીઓ પણ કબૂલશે. પરંતુ આ સ્થિતિ કોઈ પણ નક્કર અમલમાં હોવાની જ ત્યાં લગી પહોંચી નથી કે એમનું રૂપ બદલવાનું. ત્યાર પછી આર્થિક ને સાંસ્કૃતિક બેકારીને લીધે બધાના વજન થઈને ઊંડી જતાં વાર લાગતી નથી. ત્યારે જનતાનું ભાગ્ય એને જ નામે ગવાય છે. નિત નવી તરકીબો રચે છે અને એમાં તેઓ રૈયતની તો આખી હરામખોરી જ આવે છે. શાસન સર્વોપરી બની રહે છે.

રાષ્ટ્ર કરતાં 'વાદ' વધુ મહત્ત્વનો ગણાય—અગર જો એ આદર્શ હોય તો તે એ આદર્શ સિદ્ધ કરવાના નિયમો સાધનો—પદ્ધતિ પણ વિવેકપૂર્ણ શુદ્ધ હોય તો. પણ એવી પાયાની વાત સામ્યવાદી બિરાદરોને જોવી નથી અને દુનિયાભરમાં એમના 'વાદ'ને સર્વોપરિ બનાવવા તક ખોળતા રહેવું છે. મોરો મેળવવા છે ને વિશ્વ ઠંડા કે ગરમ—પાનું ગણવા છે.



કોમવાદનો પ્રતાપ

ઘણી પાછો કોમવાદ સાપનો પ્રતાપ આપણે ત્યાં શરૂ થયો છે કોમી પક્ષોને સત્તાકારણમાં એટલે કે ચૂંટણીઓમાં આવતા રોકવા માટે આંદોલન શરૂ થયું છે આ દેશનો પહેલા નંબરનો શત્રુ તે કોમવાદ એવું ઘરાવતા નેહરુ અને બીજા ભય છે અને એ ભયંકર દૂષણ મીટાવવા કાયદાનો પ્રતિબંધ નાખવાની તૈયારી ચાલે છે

કોમવાદમાંથી ઉગરવા કો એસ સાધુ નથી એટલી હકીકત સહુ જાણે છે ને કબૂલે છે પણ એને જ રોગો ભાળવા કબૂલ્યા, જિન્નાના કોમી ધોરણે નહેરુએ શાંતિ એ પછી મુસ્લીમ લીગ જોડે એવું જ સમાધાનો કર્યાં ને પક્ષનો પક્ક રાષ્ટ્રીયતામાં કે અહેરો ઉપર ભાળવી રાખી એમ પણ જ હાથે કોમીવાદીઓ નભતા ગયા.

કહે છે કે આ સ્થિતિનો અંત હવે કોંગ્રેસે પણ લાગ્યો છે ને એના પ્રમુખે પોતાનો ઇરાદો જાહેર કર્યો છે કે હવે પછી આવું નહિ બનવા પામે સારા ઇરાદા માણસ ઘણી વાર કરે છે, ચોરના વર્ષે તો દરરોજ દેહ જખ્મ કરે છે પરન્તુ બીજો પ્રકાર સૂણી એ દેહ ત્યારે ને!

આ દેશનું એક નામ હિન્દુસ્તાન છે આ જ દેશમાં હિન્દુઓને જ કોમીવાદી ગણી વગોવવામાં આવે, એમને જુદો પક્ષ કરી પોતાનું સંગઠન કરવું પડે એ નવાઈ નથી! હિન્દુઓને ગાયની કતલ ગમતી નથી, એ બંધ કરાવવા અમદાવાદમાં, લખનૌમાં ને બીજે આંદોલનો આવ્યા પણ હિન્દુઓની વાત એને કોઈ ધ્યાન દઈ! ભારે રહ્યા એહમદ કિદવાઈ જેવા શાન્ત પુરુષે તો ચોખ્ખું જણાવ્યું હતું કે પ્રજાના મોટા ભાગની ઇચ્છા હોય તો કાયદો પણ એ મુજબનો જ થશે. કેટલીએ ઇચ્છા તો એવી હતી, પણ કાંઈ ના ગયા, કારણ કે માગણી 'કોમી' કરી હતી!

નવાઈની વાત છે કે કોમવાદની વાત જ્યારે નીકળે છે ત્યારે હિન્દુ—ભાજપ—જનસંઘ સામે નીકળે છે, મુસલમાન કે પછાત કોમ સામે નીકળતી નથી

કોમવાદમાં પછાતપણું ક્યાં સુધી?

મુસલમાનો કહે છે કે એમના શાસ્ત્ર, કુરાન પ્રમાણે તેઓ એક પત્ની કરે તેનો બાધ નથી, પણ ચાર કરે તેની છૂટ છે આ છૂટ ધર્મથી એમની બાહિમ છે અને આ બિનસાંપ્રદાયિક રાજ્યમાં તે અબાધિત રહેવી જોઈએ એવી એમ એમનો આગ્રહ છે!

આપણે એક રાષ્ટ્ર કરવા માગીએ છીએ, જેમાં એકતા હોય, સરખા આદર્શો ને ભાવનાઓ હોય, કાયદાની નજરમાં સહુ સમાન હોય લગ્નની બાબતમાં આપણે એક પત્નીત્વને વાજબી ઠરાવી કાયદામાં સ્થાન આપ્યું છે પણ કોમના ધોરણે મુસલમાનોને એમાંથી બાકાત રાખ્યા છે આપણે નાગરિક 'કોમી' ધોરણનું નો ચૂંટણીમાં પણ 'કોમી' થવા દેવા જોઈએ ને!

પછાત કોમના માણસોને એ પદ ભાવી ગયું છે, એમાંથી છૂટવાનું ગમતું નથી, થાય પણ ક્યાંથી! આવું જ ઇતિહાસમાં ભાઈઓનું થયા જેવું છે સ્વાર્થ આપણો છે એમને જ પોતાનું હિત સમજાતું નથી અને લગ્ન જેવી બાબતમાં વિશેષ અધિકાર—જુદા હક મેળવવા આગ્રહ કરે છે પોતાને જ સામાન્ય હિંદી નાગરિકથી જુદા પાડવા માગતા હોય તેમને ભારતીય અન્યાય થવાનો જેની શી નવાઈ! એ સમજાતું નહિ જોઈએ શકતા હોય તો એ પાછા વળે એમને કોમવારીના ધોરણે રાખીને, ગાયની કતલ ગમાનને કે ચાર ચાર સ્ત્રીઓ કરીને તેઓ એટલા અલગ પડી જશે, અળખામણા થઈ જશે ને પછાત પડી જશે કે એમના ઉપર બીજી કોમોના અન્યાયો થતા લાગશે. ને ત્યારે એ લોક રાડ અને વેરી લેતા શીખશે ત્યારે એમનો વિરોધ પણ 'કોમી' ગણાશે ને નિંદાશે

કોણથી શરૂઆત લેવી જોઈએ?

ભાષાવાદ, કોમવાદ ને નાત જાત—એ ત્રણ વાર વાર વગોવાય છે, કોઈ એની વધારે ચર્ચા નથી મનમાં મહાનુભાવિ રાષ્ટ્રપતિ પણ શાન્ત રહે છે—

લોકોને જાગૃ બનાવે । પણ આવી વલણ હોવાથી આ નાપ લોકોને ઓળખવાનું કામ અઘરું પડતું છે

આ વગોવણું છે પાયા વિનાના નથી પણ એની પાછળ કોઈ થોડ ઉગાડવામાં આવે છે તેના હેતુ તો એ દૂષણો મિટાવવા કે સુધારવાનો નથી જોઈએ તો એવી હોય છે કે દેશનું ધ્યાન બીજા મુદ્દાઓ ઉપર ખેંચે તે જાતના એક એવું લોક વળગાડી આપવું કે ગામમાં અટવાયા કરે જનતાને આક્રમણો કોરના । તદ્દીક જ આ વગોવણાં-વલખાં ખપ લાગે છે એનાથી આપણું ટીકાવાન હેતુ જ નથી

ગતવાર આ ગોપ દૂષણોને માથે તપ એવો નાપજ વાનો છે ચમત્કારથી જ એના અનુભવના ચિહ્નો રાક થઈ ગયા છે મહારાષ્ટ્રે શિવાજીના સાહસના ત્યાં પાળી પૈસાદારોના જ વિચાર ચલવવાના હજુ તો ઉમળકા જ હેઠે ત્રીજ યોજનાના ગાળાની માટેની મુકરર રાખેલી રકમમાં કેરબાર નહિ કરવાનું આગ્રહપૂર્વક જણાવેલું ને મહારાષ્ટ્રની જનતે વશ થઈ નમતું મૂકેલું બંગાળમાં પાવું થતું જ આવ્યું છે કે દિવસે ને દિવસની ખુમારી પાતળી દેખાય ને ફિરંગી સામ્યવાદીઓની ઘોર કરવાની, એનું સ્વરૂપ ખુલ્લું થવાનું

એમાં આનો કે કોઈ દેવાનો અર્થ નથી રોગ ખોળવો હોય તો કેન્દ્ર નિષ્ક્રિયતાનો છે જ અત્તા ગોળીબારો કરી હિલચાલનું સમર્થન કરે ને પછી ઢીલી પડી જાય એની તાત્ત્વિક કેટલી મગીન છોઈ જડે તો આપણે વિચાર કરવાનો રહ્યો એકતા ટકાવી રાખે એવી કેન્દ્ર પાસે ગુંજાશની હોય ને કરામતી વખતે પણ દૂર ના જાણનાર એવો આપણે આવા રાખવાની ખરી ? આપણા ભિન્ન ને ચોક્કસ હવે રહ્યા છે ખરા ?

સુધારી લેવાય જાગી શકાય એવા અજ્ઞાની નાબૂદી માટેના પ્રયાસો વ્યર્થ છે

ગોળીબારનું સાધન વાજબી નથી

ગોળીબારની વાત આવી એટલે સ્વભાવો નજરે ચડે છે અને જમશેદપુર પછી બનારસના આદિવાસી પ્રદેશમાં થયેલા ગોળીબાર તરફ જોવું પડે છે બિહારના આદિવાસીઓ પણ એમાથી ટાળી ઉભર્યાં ।

એમનો એક રાજા હતો એ રાજાના ખાઈ બહુ તાકાત કેટલા વર્ષો એ રાજા લોકપ્રિય હતો એટલે તો લોકોને મહુ લાગ્યું મારો રાજા હોત ત્યુનની ટોળ અત્યારે હોત તો એના દેહ બનાવી દેવ કર નિર્માણનો ઉત્સવ હોત પ । આ શ્રીમંત મહારાજા ગુમ થયાને વાત કેટલાને ના ગમી ને તેમ એણે ભરાયા

જ્યારે નામીપણું થાય ત્યારે લોકોને ગજબ એ વાત જાણે આપણા અધિકારીઓ માટે હજુ નથી છે । એમણે એ નામીપાણી દૂર કરવા કશું ન કર્યું તેમ એમને ટોળાં મળતા ભેગા પણ કશું ના કર્યું એ ક્યારે ટોળાં મોટાં બને કારણે એને તેમાંને ચડે—એની ખાતે ગાળ બોલાઈ અને પછી તક મળતાં એમને ગોળી બાર કર્યો ।

હવે આ ગોળીબારના બચાવ થવાના ગયા જ છે એટલે એમ કે હવે પાછા ગોળીબાર જ થશે પોતાની ની ઇચ્છા કે લોકોની લાગણી ક્યારે ધુમાતી છે આ દેશ લોકોના જેને આ લોકનાયક ચાલે છે એ માનો કે આપણે હવે સુધારતા કેરવા જશું ?

હોય કોઈ વાર લોકોની માન્યતા ભુલાવેલી હોય પણ એને સુધારવાની જરૂર ખરી કે એને દબાવી દેવાનું જ આપણું કામ છે ? શું ગોળીબાર એમ જ સાધન બની રહ્યું છે ? બીજા ઉપાય શૂરતા થી કે કરવા જ નથી ?

આ આદિવાસીઓને કોઈએ ભડકાવ્યા હશે ઉશ્કેર્યા હોય કાઈ પક્ષના કે કોઈ વાદના તેઓ ભોગ બન્યા હોય એમ તો હજુ સમજાયું નથી મજૂરોને ગામ ના વડે પ્રત્યાઘાત પાડે છે ને બોલ્યા વગર જાય છે એવું પણ ત્યાં ક્યાંથી હોય ? અને તેમ છતાં—

અંગ્રેજ સરકારે આનું જ કર્યું હોત તો ત્યારે આ દેશના આગેવાનો પ્રધાન ક્રમનો પત્ર લઈ પહોંચી ઓ !! રેવડી દાણાં નાણું કરી મૂકત હવે આજે એવો જમાનો છે કે એમના વતી સહાનુભૂતિના બે બોલ પણ કોઈ ની નહિ શકે ન રહ્યું કે બાળના

પ્રદેશમા મહારાજા હિન્દુ હતા એટલે હિન્દુ હોવાનું એમને અભિમાન રાખ્યુ હતું।

'નવા રજવાડા' ઉપર અંકુશ જોઈએ


જૂના મહારાજાઓ ગયા તેમ અત્યારના એક વર્ગે રાણો એટલે અંગ્રેજ વીર કરીએ નાખ્યું ગાદ આમુક ખડક ઉપર ઘસાતા માંડે ત્યારે એને જમીનદેસ્ત કરી જ મૂકે. એમ તો એમ પણ રાજાઓ કોઈ એક જાત ખતમ થાય અને બીજી ઊગી નીકળે ત્યારે આપણે વિચારવાનું-વિમાસવાનું રહ્યું આજે દેશમાં ઘણા નવા રજવાડાં સ્થપાયા છે ને એના અનેક ગાદીઓ દેશમા મહાલે છે એમને ઘણી સત્તાઓ છે ને ઘણા હોદ્દે છે તે ભલે રહ્યા પણ એમની કોઈ હદ નથી કોઈ રુકાવટ નથી એમના ખરીદ-ખરચ સુમાર વિનાના છે, ને એમાંનુ ઉપાડેલી કામગીરી અધૂરી, દેશથી લાખોમાં ખપત્યાર જેવી જણાય તો યે પૈસો નવાબી ઊંની ખાય લાગ વાની નથી

નેહરુ જેને આ જમાનાના નવાં તીર્થધામો ગણાવે છે ત્યાં આવા રજવાડાની શરૂ થઈ છે એક નવી લાખ રૂપરાથી જોરદાર મનલમી શોખ ઉભાપી ને રૂપિયાના નવાબી આવો જનતથી ઊતરી રહી છે એમની સંખ્યા હજારોની છે, ત્યા વિચારક એક પ્રસ્તાવના મહારાજાનો છેડ ઊડે તેથી વિસાતનો।

'જાહેર' ક્ષેત્ર—પબ્લીક સેક્ટરને જરા આઘુ રાખી આપણા લોકપ્રિય પ્રધાનમંડળો તરફ જોઈએ તો તે હેન્સીકવાર હુન્ય ભરાઈ આવે છે અગર હિંમત હોય તો પછીથી એ બંને આપણી સરકાર એન્વાર વિનંતિ કરે તો જણાશે કે એમાંથી કેટલાના ખાતામાં નાણા રોકાયેલા પડ્યા છે। એ નાણાનો ઉપયોગ સાધુશાહીમા ધૂમ થાય છે નહિ કે જોઈતી નીતિએ અન્નના બજારોમા છૂટથી વેચાય છે આ પણ ત્રાસોની વાત છે પણ એમ તો કોઈવાર સરકાર એમની બધી વાત બહાર આવે

અને કેમ ધાર્યું નહિ બનતાં? આવતી ચૂંટણીઓ તો કોંગ્રેસને સોંપી આપેલી જ છે પણ તે પછી જે નવી સત્તા મળશે તેની ખુમારી અને લોકો નારાજી પામ થશે તેમનો રોષ એ બંને વચ્ચે જે ટક્કર લાગશે ત્યારે નેહરુ પણ થાકી જશે અને ત્યારે નેહરુ આ દેશના મહી સારાયે વિષમ થઈ ગયા હશે આપણા કોંગ્રેસના સ્વયંસેવક ભાઈઓ એમની એમ ગાંધુ સ્વધને સોંપી ફરજ બજાવતા હશે એ દિવસ હવે દૂર નથી ૧૯૬૨ના ઓગષ્ટમાં થનારા ને એની ઓછાણીઓ કેવી છે તે વળી આવતા અંકે તપાસી જોઈશું





के लोईबे मोर कार्य, कहे सन्ध्या रवि,
शुनिया जगत रहे निरुत्तर छवि।
माटिर प्रदीप छिलो से कहिलो स्वामी,
आमार जेटकु साध्य कोरिबो ता आमि '

रवीन्द्रनाथ ठाकुर

'ઉપાડી કોણ આ લેશે કાર્ય મારું?' પૂછે રવિ
સંધ્યા ટાણે સુણી પ્રશ્ન રહે જગ નિરુત્તર
માટીનો દીવડો નાનો હતો, તેણે કહ્યું 'પ્રભો!
મારાથી જે હશે સાધ્ય તે સૌ કરી છૂટીશ હું'





એંસી વર્ષનું આયુષ્ય જીવન સાથે ઝઝૂમવામાં જ ગાળ્યું તેવા મહા-માનવ

કવિવર રવીન્દ્રનાથ ઠાકુર

સારાયે ભારતે અને વિશ્વના અન્ય દેશોએ આ વર્ષની છઠ્ઠી મેએ આવતી કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની જન્મશતાબ્દિ નિમિત્તે ૧૯૬૧નું આખું વર્ષ કવિવરની જન્મશતાબ્દિનું વર્ષ મનાવ્યું છે વિશ્વમાં જેમની કીર્તિ વ્યાપ્ત છે એવા એ મહામાનવને અંજલિ આપવામાં 'ઊર્મિ નવરચના' સાથ પૂરાવે છે કવિવરના જીવનને આવરી લેતો આ લેખ ૧૯૬૧ના ૭–૮ ઓગસ્ટે કલકત્તાના જાણીતા અંગ્રેજી દૈનિક હિન્દુસ્તાન સ્ટાન્ડર્ડે ખાસ પ્રગટ કરેલ અંકમાં આપેલ કવિની વિસ્તૃત જીવની ઉપરથી અને અન્ય અધિકૃત અંગ્રેજી પુસ્તકોને આધારે તૈયાર કર્યો છે


રવીન્દ્રનાથ ઠાકુરના અવસાનથી આપણે કેવળ આ યુગના મહાકવિ જ નથી ગુમાવ્યા પણ એ આપણા માનવતાપ્રેમી અને રાષ્ટ્રપ્રેમીને ગુમાવ્યા છે એવી એક પણ જાહેર બાબતે નહોતી કે એમના પ્રતિભાશાળી વ્યક્તિત્વથી અંકિત રહી હોય શ્રીનિકેતન અને શાંતિનિકેતનથી તેમણે આ પાયાને અને આખા વિશ્વને દાખવ્યા સંસ્કારો છે આ શબ્દો એક એવા મહામાનવના મૃત્યુ વેળા ગાંધીજીએ ઉચ્ચાર્યા હતા કે જેની જોડ વિશ્વમાં નથી

સને ૧૮૬૧ના મે માસની છઠ્ઠી તારીખે પરોઢિયે સાડા વાગ્યે રવીન્દ્રનાથનો કલકત્તામાં જન્મ થયો હતો (ટાગોર શબ્દ અંગ્રેજોએ કરેલો અપભ્રંશ રૂપ છે) કુટુંબનું નિવાસ સ્થાન જોડાસાંકો માન નંબર ૬ દ્વારકાનાથ ઠાકુર લેન પર આવેલું છે એ જ તેમનું જન્મસ્થાન અને ત્યાં જ સને ૧૯૪૧ની છઠ્ઠી ઓગસ્ટે બપોરે બાર વાગ્યે તેમણે દેહ છોડ્યો એમનું બાળપણ વીત્યું આ મકાનના એક ભાગમાંથી ઘણા ખરા ભાગ અહીં જ વીત્યો દ્વારકાનાથ ઠાકુર જેવી નામાંકિત વ્યક્તિ હતા તેમના જ નામથી કોઈ સ્ટ્રીટ દ્વારકાનાથ ઠાકુર લેન એ નામ આપવામાં આવ્યું

પિતા દેવેન્દ્રનાથ અને માતા શારદાદેવીના ૧૪ સંતાનો પૈકી ચૌદમા સંતાન તરીકે રવીન્દ્રનાથનો જન્મ થયો હતો દ્વારકાનાથ યથાર્થ રીતે જ રાજકુમાર ગણાતા પરંતુ આ માનવ વ્યક્તિના પુત્ર દેવેન્દ્રનાથ બાબા તરીકે જાણીતા હતા—બ્રહ્મોસમાજ ઈશ્વર પરિવર્તન એક પાન વાચનમાં આવતાં તેમની લાગણી જાગી તેમણે ઈશ્વર સંબંધમાં જ લાગણી ગાળી

આ પ્રકારે વૈભવ અને ધાર્મિક સંસ્કારો વચ્ચે રવીન્દ્રનાથનો ઉછેર થયો બાળપણ શાળાના અભ્યાસને બદલે ઘેર શિક્ષકો રાખીને ભણાવવામાં વધારે વીત્યું પિતાની દેખરેખ અને તાલીમનો લાભ તેમને ઠીક ઠીક મળ્યો માત્ર વર્ષની વયે કવિતા રચવાનું શરૂ કર્યું હતું

ઓગણીસમી સદીના વીસ વર્ષના ઉંમરથી તેઓ પિતા સાથે એ જ જમીન પર આવ્યા વિશ્વભારતી શાંતિનિકેતન છે પહેલી વાર પિતા સાથે એ ભૂમિ ઉપર ગયા ત્યારે રવીન્દ્રનાથ બાર વર્ષના હતા અગિયાર વર્ષની ઉંમરે જનોઈ બાદ કલકત્તા ગયા ત્યાં પિતા સાથે ઉત્તર ભારતની યાત્રાએ નીકળ્યા એ સમય દરમ્યાન આર મહિના હિમાલયમાં





વેદાન્તની પાઠે સ્થા એ દરમિયાન પિતા પાસેથી સંસ્કૃત વ્યાકરણ અંગ્રેજી અને ખગોળશાસ્ત્રનું સાદું એવું જ્ઞાન મળ્યું.

તેર વરસની વયે એ કલકત્તાની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં દાખલ થયા અને ખીજે જ વરસે માતા શારદાદેવીનું અવસાન થયું એ જ અરસામાં તેમની પ્રથમ કવિતા ‘અભિલાષા’ તત્ત્વબોધિની પત્રિકામાં પ્રસિદ્ધ થઈ. આજે જેમના જ સાહિત્યિક વિશ્વસરમાં ઊભરાઈ રહ્યા છે ત્યારે મોરફોના શતાબ્દિ મહોત્સવ નિમિત્તે યોજિત રજિસ્ટ્રાર ઓમની ટેગ ઇનિંગ્સે આ મહાન ભારતીય કવિને અંજલિ આપતાં કહ્યું કે

ઘણાં રાષ્ટ્રને તેના પોતાના લેખકો—જાગીના પ્રખ્યાત, પ્રતિભાશાળી લેખકો હોય છે પરંતુ બધા લેખકો ખરેખર મહાન હોતા નથી. જેમણે માનવજાતને નવા વિચારો અને નવી ભાવનાઓથી સમૃદ્ધ કરી છે, જેમણે અંતરાત્મામાં રહેલી મહાનતાને જગાડી છે અને સુખી જીવનનો રાહ ચીંધ્યો છે તેઓ જ મહાન છે. રવીન્દ્રનાથ એ પ્રકારના માનવી હતા. તેમણે ભાવિ પેઢીઓને પોતાના સ્વપ્નને આગળ ધપાવવાનો અનુરોધ કર્યો હતો.”—કવિવરનું આ ભાવિ એમની કિશોરાવસ્થામાં જ જાણે સરજાઈ ગયું હતું.

એ પછી વિચારનું મેઘ બનાવીને પત્રમાં ઊતાર્યું અને એ જ વખતે બનફૂલ નામનું આઠ ખંડમાં વહેંચાયેલું દીર્ઘ કાવ્ય પણ રચ્યું જે ૧૮૭૫માં ‘જ્ઞાનાંકુર’ નામના માસિકમાં પ્રગટ થયું. એ જ અરસામાં ‘ભાનુસિંહ ઠાકુર’ના ઉપનામથી વૈષ્ણવી પદોની રચનાઓ પણ તેમણે પ્રગટ કરવી. ૧૮૭૬માં બીજી વાર પિતા સાથે હિમાલયના પ્રવાસે ગયા.

ત્યાંથી પાછા ફરવામાં આવ્યા ત્યારે તેમણે અભિનેતા તરીકે નાટકમાં ઊતરવાનું શરૂ કર્યું. તેમના મોટા ભાઈ સત્યેન્દ્રનાથ ઠાકુર અમદાવાદમાં ડિસ્ટ્રિક્ટ જજ હતા. તમને ત્યાં ૧૮૭૮માં અંગ્રેજી ભણવા આવ્યા. શાહીબાગમાં શાહજાદાએ બંધાવેલ મહેલમાં એ જજનું નિવાસસ્થાન હતું. સાબરમતીના નીર એ મહેલને

અડીને વહે છે. એ મહેલમાં કિશોર રવીન્દ્રનાથ રહેતા. આંખો ફરી મહેલના છેક ઉપરના માળની ઓરડીમાં રહીને સંસ્કૃત અને અંગ્રેજી પુસ્તકો ઉથલાવતા. ચાંદની રાતે મહેલની અગાસીમાં આંટા મારતા અને કેટલીય રાતો એ જ અગાશીમાં સૂઈ રહેતા. રવીન્દ્ર સંગીતની શરૂઆત પણ અમદાવાદના મહેલની અગાશીએ થઈ છે. બંગાળી સંગીતનો સ્વર સૌ પ્રથમ પહેલો રવીન્દ્રનાથે ગુજરાતની સાબરમતીના તીરે નોંધ્યો. નરસિંહરાવે તેમની ડાયરીમાં પણ નોંધી છે. અહીં જ રવીન્દ્રનાથે વાર્તા રચવી પણ શરૂ કરી. આ રીતે અમદાવાદનું તેમના જીવનમાં મહત્ત્વ નોંધી જાતે જ પોતાની આત્મકથામાં સ્વીકારે છે.

આમ થોડાક જ માસના અમદાવાદના નિવાસ પછી એ જ વર્ષના સપ્ટેમ્બરમાં તેમના એ ભાઈ સાથે તે ઇંગ્લેન્ડ ગયા. સત્તર વરસની વયે ઇંગ્લેન્ડ જતાં પહેલાં તેમનું પ્રથમ કાવ્ય-પુસ્તક ‘કવિ કાહિની’ પ્રગટ થયું. બ્રાઇટનની સ્કૂલમાં દાખલ થયા. ત્યાંથી થોડા જ વખતમાં તેમને લંડનમાં યુનિવર્સિટી કૉલેજમાં મૂકવામાં આવ્યા. ત્યાં અંગ્રેજી સાહિત્ય અને સંગીત શીખ્યા. મ્યુઝિયમની એમણે અવારનવાર મુલાકાત લીધી. ગ્લેડસ્ટન અને બ્રાઇટની સાંભળવા માટે હાઉસ ઑફ કૉમન્સમાં પણ જઈ આવ્યા. અહીં રહીને જ એમણે ‘ભગ્ન તરી’ કવિતા અને યુરોપના પ્રવાસપત્રો લખ્યા.

૧૮૮૦માં ભારતમાં આવ્યા પછી ‘વાલ્મિકી પ્રતિભા’ અને ‘કાલમૃગયા’ એ બે નાટકો રચ્યાં. વાલ્મિકી તરીકે પહેલ નાટકમાં અને અંધ ઋષિ તરીકે બીજા નાટકમાં તેમણે અભિનય કર્યું. આ નાટક જોનારાઓ પૈકીના તેમના નિકટના સ્નેહી જ ભવ્યાનું એ જોનાર પ્રેક્ષકોમાં બંકિમચંદ્ર ચેટરજી પણ હતા. તે પછી પ્રથમ જાહેરમાં બોલવાનો પ્રસંગ કલકત્તા મેડિકલ કૉલેજના લેક્ચર થિયેટરમાં આવ્યો.

૧૮૮૧ના મે માસમાં કાયદાના અભ્યાસ માટે ફરી ઇંગ્લેન્ડ જવાનું નક્કી થયું પણ એ વિચાર ફરી




જવાથી મહાસભીજ પાછા ફરીને મસૂરીમા પિતાની પાસે ગયા થોડા સમય માટે અમદાવાદમા બીજા ભાઈ સત્યેન્દ્રનાથ સાથે ત્યા થોડા વખત માટે કવિતા અને સંગીતની આરાધના માટે રહ્યા તે પછી પિતા સાથે કલકત્તા રહેવા ગયા બંગાળી સાહિત્યની એકેડમી સ્થાપવામા આગળ પડતો ભાગ લીધો ૧૮૮૪ના થોડા વખત ફરવાનું થયું આ ત્યા ... ... અને ... ... રચના આ આરંભમા થઈ

... કલકત્તા ... પછી તેમનુ લગ્ન ... ...) સાથે થયુ ૧૮૮૩ના ડિસેમ્બરની એ ૯ની તારીખ હતી બીજા વરસ આદિ બ્રાહ્મો સમાજના મંત્રી તરીકે તે નીમાયા ... ... અને ... ... ૧૮૮૫મા ... માસિક તેઓ એ પણ તેમા તમામ ... ... નવલકથા મુકુટ નામનુ નાટક અને ... ... લખ્યા

૧૮૮૬મા તેમને પિતાની માંદગીમા ચાકરી કરવા તે મુંબઈ જઈને ... રહ્યા એમની પહેલી પુત્રી બેલાનો જન્મ એ જ વર્ષે થયો ડિસેમ્બરમા કલકત્તામા ભરાતા બીજા ... ... અધિવેશન માટે જ રચેલુ ગીત એમના જ ... ગાઈને અધિવેશનનો પ્રારંભ થયો એ જ અરસામા ... ... તેમણે ... ... ૧૮૮૭મા પહેલી ... ... કવિતાઓ રચી

૧૮૮૮ની ૨૭મી નવેમ્બરે તેમને પહેલા પુત્ર રથીન્દ્રનાથનો જન્મ થયો ૧૮૯૦મા ... ... થી ... ... મુંબઈને કિનારે ઊતર્યા અને શાંતિનિકેતનની જાગીર ... ... તમને કહેવામા આવે ... ... તમારો ... ... કવિવરે એક પત્રમા લખેલુ ...



[... રવીન્દ્રનાથ ઠાકુર ... ... વર્ષે

... ... એમની ... ... તેમની ... ...

... ... એમના ... ...

તેનો સંગ્રહ 'સોનાર તરી' ૧૮૯૧માં પ્રગટ થયો હિંદુ સમાજ વિષે કેટલાય વિદ્વાનો સાથે લેખો દ્વારા ચર્ચા કરી બંધુતા અને મજૂરો વિષે ઠીક ઠીક લખ્યુ ૧૮૯૨માં એમની મશહૂર વાર્તા કાબુલીવાલા 'સાધના'માં પ્રસિદ્ધ થઈ આ વખતે કટક પુરી અને ભુવનેશ્વર પણ જઈ આવ્યા ત્યાંથી કલ્પના જઈને ચિત્ર ઉપર હાથ અજમાવ્યો પણ એમાં ફાવટ નહિ આવવાથી પાછા કવિતા તરફ વળ્યા 'વિદાય અભિશાપ' આ અરસામાં રચાઈ

રાજકારણને લગતો પહેલો નિબંધ 'અંગ્રેજ-ઓ-ભારતવાસી' ૧૮૯૩માં બંકિમ બાબુના પ્રમુખપદે એક જાહેર સભામાં વાંચ્યો ને પછી રાજકારણને સ્પર્શતા લેખો પણ લખેલા ૧૮૯૪માં 'ભિખારી ફીરાઓ મોરે' નામની જાણીતી કવિતા લખી અને કાવ્યમય સીધી સાદી જિંદગીમાંથી વાસ્તવિક અને ધર્મભાવવાળી માનવ જાતની સેવાવાળી જિંદગી પસંદ કરી એપ્રિલમાં બંકિમ બાબુના અવસાનની શોકસભામાં તેમણે ખાસ કલકત્તા આવીને એ મહાન સાહિત્યકારને બિરદાવતી ભવ્ય અંજલિ આપી એ પછી એ બંગીય સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ ચૂંટાયા અને 'સાધના'ના તંત્રીની જવાબદારી સ્વીકારી આ વખતે દ્વિજેન્દ્રલાલ રોયને તેમણે સાહિત્ય જગતને ઓળખાવ્યા નવેમ્બર માસમાં સૌથી નાનો પુત્ર શમીન્દ્રનાથ જન્મ્યો

૧૮૯૫ના નવેમ્બરમાં સાધના બંધ થયું એટલે તે ધંધામાં પડ્યા અને સ્વદેશી કાપડની દુકાન અને શણની મીલમાં ભાગીદારી શરૂ કરી ૧૮૯૬માં ઓરીસા જઈ આવ્યા ત્યાંથી કલકત્તા થઈને એમની માનીતી પદ્મા નદીને તીરે આવ્યા ૧૮૯૭માં બંગાળ પ્રાંતીય પરિષદ નતોરમાં ભરાઈ તેમાં હાજરી આપી અને પરિષદનો બધો વહીવટ બંગાળીમાં ચલાવવા એમણે આગ્રહ રાખ્યો

આ જ અરસામાં લોકમાન્ય તિલકનો ઐતિહાસિક ખટલો ચાલ્યો અને રવિબાબુએ સરકારી પ્રત્યાઘાતી નીતિની ઝાટકણી કાઢી તિલક કેસ માટે જાતે ફાળો ઉઘરાવવા નીકળ્યા

૧૮૯૮માં ઢાકામાં ભરાયેલી બંગ પ્રાંતીય પરિષદમાં બંગાળના ભાગલા પાડવાની સરકારી નીતિ તેમણે વખોડી કાઢી

૧૯૦૧નું વર્ષ તેમના જીવનનું મહત્ત્વનું વર્ષ ગણાય હંમેશ માટે સહકુટુંબ શાંતિનિકેતન રહેવા ગયા અને પિતાની સંમતિથી બોલપુરમાં બ્રહ્મચર્યાશ્રમ શરૂ કર્યો ભારતીય આશ્રમ પદ્ધતિથી ચાલતી આ શાળાના એ જાતે શિક્ષક બન્યા અને રમતગમતમાં વિદ્યાર્થીઓ સાથે જ ભાગ લીધો એ વખતે તેમના જીવનમાં મહત્ત્વની આર્થિક મુશ્કેલી આવી પુરીમાં દરિયાકિનારે નવું જ બંધાવેલું મકાન વેચી દેવું પડ્યું, પોતાની કિંમતી લાયબ્રેરી પણ વેચવી પડી અને એમના પત્નીએ રાજીખુશીથી બધું ઝવેરાત આપી ઘરેણાં પણ દેવું પૂરું કરવા કાઢી આપ્યાં

આ વખતે રાજ્યના કામ ઉપરાંત શાંતિનિકેતનના તંત્રી તરીકેની ફરજ પણ એ બજાવતા ૧૯૦૨માં એમના પત્નીની ગંભીર માંદગીને કારણે કલકત્તા જવું પડ્યું જ્યાં ૨૩મી નવેમ્બરે મૃણાલિનીદેવીનું અવસાન થયું ૧૫ વર્ષના રથીન્દ્રને ૧૦ વર્ષની મીરાને અને આઠ વર્ષના શમીન્દ્રને લઈને કવિ શાંતિનિકેતન આવી પહોંચ્યા ત્યાં આવીને 'સ્મરણ'નાં સૉનેટો લખ્યાં જેમાં તેમના સદ્‌ગત પત્નીને અંજલિ આપેલ છે ૧૯૦૫માં મહર્ષિ દેવેન્દ્રનાથનું ૮૭ વર્ષની વયે અવસાન થયું

સ્વદેશીની ચળવળ આ અરસામાં દેશવ્યાપી બની હતી અને એમાં અગ્રણી મોખરે હતું રવીન્દ્રનાથ પણ એ ચળવળને પૂરો વેગ આપવામાં રોકાયા હતા પણ આ બધી જાહેર પ્રવૃત્તિઓ અને ફરજો વચ્ચે એમના કુટુંબને ભૂલ્યા નહોતા ૧૯૦૬માં એમના મોટા પુત્ર રથીન્દ્રને ખેતીવાડીના અભ્યાસ માટે અમેરિકા મોકલ્યો ૧૯૦૭માં સૌથી નાની પુત્રી મીરાને નગેન્દ્રનાથ ગાંગુલી સાથે પરણાવી અને જમાઈને પણ ખેતીવાડીના અભ્યાસ માટે અમેરિકા મોકલ્યો નવેમ્બરમાં એમનો સૌથી નાનો પુત્ર શમીન્દ્ર મોંઘીરમાં કૉલેરાથી મૃત્યુ પામ્યો આ અરસામાં જ 'ગોરા' નામની એમની જાણીતી નવલકથા પ્રવાસીમાં હપ્તે હપ્તે

આવતી હતી. આ જ વરસે સુરતમાં મહાસભાનું અધિવેશન ભરાયું ત્યારે ગામડે ગામડે ફરીને રચનાત્મક કાર્ય માટે બધાને સમજાવ્યા. હિંદુ મુસ્લીમ એકતાનો પણ પ્રચાર કર્યો.

૧૯૦૮માં 'ગીતાંજલિ'ની રચનાઓ માટે ગોઠવાઈ રોકાયા અને એ જ વર્ષના નવેમ્બરમાં રથીન્દ્ર અમેરિકાથી ત્રણ વર્ષે પાછો ફર્યો ને એને લેવા માટે કલકત્તા ગયા. ત્યાંથી પોતાની જાગીરના પ્રવાસ માટે હોડી પ્રવાસે રથીન્દ્રનાથને લઈને નીકળ્યા. ૧૯૧૦ના જાન્યુઆરીમાં ઠાકુર કુટુંબની એક વિધવા કન્યા સાથે રથીન્દ્રનાથના લગ્ન કર્યાં અને 'ગોરા' રથીન્દ્રનાથને અર્પણ કરી. ૧૯૧૧માં કવિવરની પચાસમી વર્ષગાંઠની ભારે ધામધૂમથી શાન્તિનિકેતનમાં ઉજવણી કરવામાં આવી.

૧૯૧૨ની ૨૮મી જાન્યુઆરીએ બંગીય સાહિત્ય પરિષદે પચાસ વર્ષ પૂરાં કરવા માટે કલકત્તામાં રવીન્દ્રનાથને અભિનંદન આપ્યાં. આ તેમના જીવનનો સુવર્ણકાળ હતો છતાં જાણે કોઈ જાણતા કે તે હરસના રોગથી બહુ પીડાતા. મિત્રોએ તેમને ઈલાજ માટે યુરોપ જવા આગ્રહ કર્યો પણ ચોક્કસ વખતે તો એ ખૂબ મોટી માંદગીમાં પટકાયા એટલે પરદેશ જવાનું મુલતવી રાખવું પડ્યું. આ માંદગીમાં જ ગીતાંજલિનો લગભગ તેમણે અંગ્રેજી ભાષાંતર કર્યું. ૨૭મીએ રવીન્દ્રનાથ યુરોપ ગયા. આ પહેલાં બે વાર યુરોપ જઈ આવેલા પણ આ વખતે યુરોપ જવા જુદા હતા. ત્યારે તે પશ્ચિમમાં પૂર્વને ઠીક રીતે રજૂ કરવા જતા હતા.

૧૬મી જૂને એ લંડન પહોંચ્યા. રોધેન્સ્ટાઈનના મકાનની બાજુમાં હેમ્પસ્ટેડ હીથમાં એ રહેવા લાગ્યા. મેટ્રોપોલીટનમાં યેટ્સ મેન્સફિલ્ડ વગેરે સાથે મૈત્રી થઈ. લિબરલ નેતા નેવીસન સાથે પણ ઓળખાણ થઈ. બીજા પણ કેટલાક સાહિત્યકારો જેવા કે વેલ્સ, હાર્ડી, ડિકિન્સન અને બર્નાર્ડ શો સાથે પણ ઓળખાણ થઈ. આ વખતે જ એન્ડ્રુઝ તેમને મળ્યા. ત્યાં બધા રવીન્દ્રનાથની કાવ્યપ્રતિભા ઉપર ફીદા થઈ ગયા.

એમાંય યેટ્સ તો તેમનાં કાવ્યો ઉપર ફીદા જ થઈ ગયેલ. ગીતાંજલિની હસ્તપ્રત એણે કેટલાય દિવસ સુધી પોતાની સાથે રાખી. એ ગીતાંજલિની પ્રસ્તાવનામાં લખે છે કે આ અનુવાદનાં કાગળિયાં મેં મુસાફરીમાં સાથે રાખેલાં અને રેલગાડીમાંય હું વાંચતો, હોટલ કે બસમાં વાંચતાં હું ત્યારે જ વાંચતાં બંધ રહેતો કે જ્યારે કોઈ અજાણ્યું એના પર મુગ્ધ બનેલી મારી હાલત પારખી જતું. ઈંગ્લેન્ડના સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓને રવીન્દ્રનાથની ઓળખાણ કરાવવા જુલાઈની ૧૦મી તારીખે યેટ્સે તેમને જમાડવાનો એક સમારંભ ગોઠવ્યો. એ સભામાં કવિએ કહ્યું કે પૂર્વ એ પૂર્વ છે અને પશ્ચિમ એ પશ્ચિમ છે પણ બન્ને મૈત્રી અને શાંતિ માટે મળશે. આ જ અરસામાં મહાન વિવેચક સ્ટોપફોર્ડ બ્રુકે ગીતાંજલિની ટાઈપ કરેલી નકલ વાંચી અને રવીન્દ્રનાથને જમવા નિમંત્ર્યા. એ વખતનો તેમનો પત્ર નોંધપાત્ર હતો. તેમાં બ્રુકે લખેલું કે મેં કાવ્યો પાછાં મોકલ્યાં છે. એ વાંચીને હું ખૂબ ખુશ ખુશ થઈ ગયો છું. એમાં જે પ્રેમ, સૌંદર્ય ભર્યું છે, એને જે આનંદ મને આપ્યો છે તે હું વર્ણવી શકું તે કરતાંય વધુ છે.

તેમના વિદેશવાસમાંય તેમનું વહાલું શાન્તિનિકેતન હજી ભૂલી શક્યા નહોતા. ઓક્ટોબરની શરૂઆતમાં લંડનથી ન્યૂયોર્ક રવીન્દ્રનાથ પહોંચ્યા. એ વખતે ગીતાંજલિ છપાણી હતી. નવી દુનિયા જોવાને એ ઉત્સુક હતા. આતુર હતા કે ગીતાંજલિની નકલની રાહ જોવાય રોકાયા નહિ. અમેરિકા પહોંચીને ઈલીનોઈસ ગયા. ત્યાં એમનો પુત્ર રથીન્દ્રનાથ ભણતો હતો. ત્યાંની યુનિવર્સિટીના અધ્યાપકોને પત્ર લખાવીને ઓળખતા હતા. ત્યાં પહોંચ્યા પછી ત્રીજે અઠવાડિયે ત્યાંની યુનિટેરિયન ક્લબમાં તેમણે ઉપનિષદો વિશે વ્યાખ્યાન આપ્યું. બધા અધ્યાપકો એનાથી ખૂબ પ્રભાવિત થયા. શિકાગો યુનિવર્સિટીના નિમંત્રણથી ૧૯૧૩ના જાન્યુઆરીમાં આ રીતે ત્યાર પછી તે શિકાગો વ્યાખ્યાન આપવા ગયા.

'પ્રાચીન ભારતીય સંસ્કૃતિના આદર્શો' વિષે તેમણે પ્રવચન આપ્યું. બોસ્ટન અને હાર્વર્ડ યુનિવર્સિટીમાં ફરીને ન્યૂ યોર્ક થઈને એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં ઇંગ્લંડ ગયા. આ અરસામાં એન્ડ્રુઝ શાંતિનિકેતનમાં અધ્યાપક તરીકે જોડાયા હતા. રવીન્દ્રનાથની ગીતાંજલિ દરેક અંગ્રેજ વાંચી રહ્યો હતો અને આ રીતે રવીન્દ્રનાથ એ ટૂંકા ગાળામાં ખૂબ ખ્યાત બની ગયા હતા.

જૂનના અંતમાં લંડનના ઉવેસ નર્સિંગ હોમમાં તે ઓપરેશન માટે દાખલ થયા અને ત્યાં એક મહિનો રહ્યા. ૪થી ઓક્ટોબરે મુંબઈ ઊતરીને શાંતિનિકેતન પહોંચ્યા. પૂજાની રજાઓ પછી નિશાળ તાજી જ ખૂલી હતી. ૧૫મી નવેમ્બરે ગામના જંગલમાં પ્રવાસ માટે જતા હતા ત્યારે ગીતાંજલિને મળેલા નોબેલ પારિતોષિક વિષે સમાચાર તેમણે સાંભળ્યા. આખા એશિયામાંથી આ પારિતોષિક મેળવનાર રવીન્દ્રનાથ ઠાકુર પ્રથમ હતા.

ડિસેમ્બરમાં કવિવરે એક અનોખું પગલું ભર્યું. અત્યાર સુધી શાન્તિનિકેતનમાં હિંદુ સિવાય કોઈને પ્રવેશ નહોતો મળતો. આવો ધર્મભેદ અને જાતિભેદ સાવ ભૂંસીને દરેક માટે શાન્તિનિકેતનનાં દ્વાર ખુલ્લાં થયાં.

૧૯૧૫ના માર્ચની ૬ઠ્ઠીએ ગાંધીજી શાંતિનિકેતનની મુલાકાતે ગયા ત્યારથી દર વર્ષે ૧૦મી માર્ચનો દિવસ ગાંધીદિન તરીકે આજે પણ ઊજવાય છે.

૧૯૧૫ના જૂનમાં તેમને નાઈટનો ઇલ્કાબ મળ્યો.

૧૯૧૬ના મેની ૩જી તારીખે રંગૂન થઈને જાપાનના પ્રવાસે કવિવર, એન્ડ્રુઝ, પીઅર્સન અને મુકુલ દે સાથે ઊપડ્યા. જાપાનમાં કોબેમાં શ્રી મોરારજીભાઈ નામના ગુર્જર વેપારીના એ મહેમાન હતા. જાપાનમાં ત્રણ મહિના રહ્યા. ત્યાંથી અમેરિકા જઈને હવાઈ ટાપુઓ ઉપર થઈને જાપાન ગયા અને ત્યાંથી ૧૯૧૭ના માર્ચમાં કલકત્તા પહોંચ્યા. રાજકારણમાંથી એ લગભગ નિવૃત્ત થઈ ગયા હતા છતાં દેશમાં કેટલાય નેતાઓ કારાવાસમાં હતા એ તેમનાથી અસહ્ય થઈ પડ્યું. સ્વદેશપ્રેમના કેટલાક લેખો એ વખતે લખ્યા.

૧૯૧૮માં ડિસેમ્બરની બાવીસમીએ વિશ્વભારતીની સ્થાપના કરી પણ એ વખતે રાજકારણે જુદો જ પલટો લીધો. કાન અધિરા રહીને આ બધું નિહાળી રહ્યા હતા. ૧૯૧૯ના મેમાં તેમણે નાઈટનો ખિતાબ સરકારને પાછો સોંપ્યો. ૧૯૨૦માં પશ્ચિમ ભારતના પ્રવાસે એન્ડ્રુઝ અને ક્ષિતિમોહન સેન સાથે નીકળ્યા ત્યારે ગાંધીજીના આમંત્રણથી સાબરમતીના આશ્રમમાં એક રાત રોકાયા અને સવારની પ્રાર્થનાનું સંચાલન કર્યું. ગુજરાતમાં એ વખતે તેમણે અમદાવાદ ઉપરાંત ભાવનગર, વડોદરા અને સુરતની પણ મુલાકાત લીધી.



શાંતિનિકેતનના આશ્રમની મુલાકાતે ગાંધીજી અને કસ્તુરબા

૧૯૨૦ના મેની ૧૧મીએ કવિ તેમના પાંચમા વિદેશ-પ્રવાસ માટે ઊપડ્યા. લંડનમાં નાઈ-



રના છોડેલા બિતાબને લીધે ત્યાંના લોકોના પડેલા ન્હેટથો તેમના પ્રત્યેનો આદર ન જ્યો. પણ સાક્લિન-સ્મિથગે તેમને એટલા જ ઉમળકાથી નવાજ્યા ત્યાંથી અમેરિકા ગયા અને હેલન કેલરને મળ્યા. તેની પાસે ગાતો અને કાવ્યો ગાયા. હેલન તેમના હોઠ અને ગરદન ઉપર હાથ ફેરવીને એ ગીતો સાંભળ્યા ! (પાને અંધ અને બહેરા હોવાને લીધે) આ અરસામાં ઇન્ડિયા લીગ હિન્દમાં ફેલાઈ ગઈ હતી. શાંતિનિકેતનના બે'ના પૈસા પણ એ લડતમાં જોડાયા હતા. અમેરિકાથી રવિબાબુએ પત્રમાં લખ્યું 'રાજકારણથી શાંતિનિકેતનને દૂર રાખવા આપણે એ ધ્યાન રાખવું જોઈએ કે રાજકારણ આપણું ધ્યેય નથી'

ત્યાંથી ફ્રાન્સ, જર્મની, ડેન્માર્ક, સ્વીડન થઈને ફરી જુલાઈએ મુંબઈ ફર્યા અને સીધા શાંતિનિકેતન ગયા. ૧૯૨૨માં જુલાઈની બાવીસમીએ ગ્રામપુનર્રચનાની સંસ્થાનું શ્રીનિકેતનમાં ઉદ્ઘાટન થયું.

૧૯૨૪માં ઇટાલીના નિમંત્રણથી આઠમી વિદેશયાત્રા શરૂ કરી. મુસોલિનીએ તેમનું સ્વાગત કર્યું. સ્વીટ્ઝર્લૅન્ડમાં રોમાં રોલાંના આગ્રહભર્યા આમંત્રણથી ગયા અને બન્ને બાજુ બાજુના મકાનમાં જ રહ્યા. નૉર્વે અને ગ્રીસ થઈને ૧૯૨૬માં ડિસેંબરે શાંતિનિકેતન પાછા ફર્યા.

તે પછી રશિયા, ચીન વગેરે દેશોમાં પણ જઈ આવ્યા. વિદેશની અનેક સફરોમાં તેમણે ભારતને એમના સુંદર રીતે રજૂ કર્યું. શાંતિનિકેતનમાં દેશ-વિદેશના અનેક મહાપુરુષો આવી ગયા. ૧૯૪૦માં ઑક્સફર્ડ યુનિવર્સિટીએ ડૉક્ટર ઑફ લિટરેચરની પદવી આપી. એ જ વરસે સપ્ટેમ્બરમાં કલિમ્પોંગ ગયા ત્યાં રવિબાબુ અચાનક ભયંકર માંદગીમાં ઝડપાઈ ગયા. ઓક્ટોબરે તેમને કલકત્તા લાવવામાં આવ્યા. ત્યાં ઘણા દિવસો એમની તબિયત સુધરી નહિ. ડિસેમ્બરમાં એ શાંતિનિકેતન આવ્યા.

૧૯૪૧ની ૧૪મી એપ્રિલે શાંતિનિકેતને એમનો એ વર્ષનો જ મંગળ ઉત્સવ ઉજવ્યો. આ પ્રસંગે જ તેમના આ જન્મદિનની ઉજવણી કેવળ ન થઈ. ત્રિપુરાના મહારાજાએ તેમને 'ભારત ભાસ્કર'ના ઇલ્કાબથી નવાજ્યા. જુલાઈની ૩૦મીએ મહાત્માના ઑપરેશન માટે ખાતેના તેમના નિવાસસ્થાને તેમના ઉપર ઑપરેશન થયું. તે પછી એક અઠવાડિયામાં જ ૭મી ઑગસ્ટે આ વિશ્વવિભૂતિ અવસાન પામ્યું. કે જેમનું નિવાસસ્થાન એંશી વર્ષ ઉપર એમનો જન્મ થયો હતો ત્યાં જ જિંદગીનો છેલ્લો શ્વાસ એમણે લીધો. એંશી વર્ષના ગાળા પછી પણ લેખનનું સાતત્ય અકબંધ જ રાખનારા રવીન્દ્રનાથ એક હતા. કવિતા રચના રચતા કવિતા ઊગ્યા છે એવા કોઈ કવિ હોય તો તે રવીન્દ્રનાથ એટલે જ કવિવરનું બિરુદ નિઃશંક તેમને આપી શકાય છે. પશ્ચિમની સંસ્કૃતિને પૂર્વના સંસ્કારનું અમૃત પ્રતિપાદન કરનાર આ મહામાનવ આયુષ્યના એંશી વર્ષ સુધી ભરપૂર જીવન સાથે ઝઝૂમ્યા હતા.



રાજા : પણ કવિ એ કવિતાનો અર્થ સમજાવશે ને ?
કવિ : ના મહારાજ !
રાજા : ત્યારે ?
કવિ : મારી કવિતા હું અર્થ સમજાવવા લખતો જ નથી, એ લખાય છે ગુંજન ગૂંજવા-રેલાવવા કોઈના હૈયામાં સંવેદન જગાડવા.
રાજા : એટલે ?
કવિ : ભમરો ગુંજે અને ફૂલ ખીલે એ બધાનો અર્થ સમજો છો મહારાજ ? એ કહે છે હું આવ્યો. મારી કવિતા પણ એ જ વાતની.

રવીન્દ્રનાથ ઠાકુર

વ્રજલાલ ત્રિવેદી

મહાપ્રસ્થાનને પગલે પગલે





ગુજરાતના જાણીતા ચિત્રકાર શ્રી વ્રજલાલ ત્રિવેદી વીસ વર્ષ પહેલા જ્યારે શાંતિનિકેતનમા ચિત્રકળાનો અભ્યાસ કરતા હતા એ જ વખતે ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરનુ અવસાન થયેલુ શ્રી વ્રજલાલ ત્રિવેદી શાંતિનિકેતનની ગુજરાતી સસદના મત્રી પણ હતા એ મહાન પ્રસગના સાક્ષી તરીકે તેમનાહૃદયનુ સવેદન આ લેખમા શબ્દાંકિત થાય છે જે દરેકના હૈયાને ઘડીભર આસુ સારતું કરી મૂકે રવીન્દ્રનાથ જેવા મહા માનવના સાન્નિધ્યમા રહેવાનુ સદ્ભાગ્ય મેળવનાર શ્રી વ્રજલાલ ત્રિવેદીએ પોતાના એ કાળના સસ્મરણો આલેખતા કેટલાક લેખો લખ્યા છે જે પુસ્તકરૂપે પ્રગટ થાય તો ખૂબ ઉપયોગી નીવડે એ મહત્ત્વના લેખોમાનો આ પણ એક કહી શકાય

'**આ**રે ઓપરેશન નથી કરાવવુ જીર્ણ થઈ ગયેલ કાયા ઉપર હવે ઓપરેશન શા ?' ગુરુદેવ છેલ્લા મહિનાઓમા વારવાર આ વાત કહ્યા કરતા પણ સબધીઓ અને ડૉક્ટરોએ તે ઉપર કઈ ધ્યાન આપ્યુ નહિ ગુરુદેવે સતત એક મહિના સુધી ના ઉચ્ચર્યા જ કરી પણ શસ્ત્રક્રિયા કરીને ગુરુદેવના દેહમા પ્રાણ ટકાવવાની બગાળના મહાન સર્જનની અભિલાષા વધુ ને વધુ જોર કરતી ગઈ. અનેક ડૉક્ટરોએ મળીને નક્કી જ કરી લીધુ કે ગુરુદેવને ઓપરેશન કરવુ જ ઓપરેશનની પોતાને જરા પણ ઇચ્છા ન હોવા છતા સબધીજનો અને ડૉક્ટરોના વધતા જતા દબાણને ગુરુદેવ છેવટે નમતા થયા અને કટાળીને જણાવી પણ દીધુ કે આ દેહ હવે તમારો છે તમો જેમ ઠીક લાગે તેમ કરો.

દરમ્યાન ગુરુદેવની ૮૦મી જન્મજયંતિ અપૂર્વ દબદબાથી ઊજવવાનુ શાંતિનિકેતને નક્કી કર્યુ એ ભવ્ય સમારભ વખતે પણ તેમનુ જીવન-નાવ અસ્થિર હતુ સમારભ શરૂ થયો અને તેમણે સભાગૃહમા આવવા આગ્રહ કર્યો દસ દસ મિનિટે શરીર લથડી પડતુ હતુ. આથી તેમને સમારભમા લઈ જવા સબધીઓએ ના પાડી ડૉક્ટરોએ પણ ના પાડી પણ ગુરુદેવે કોઈનુ સાભળ્યુ જ નહિ સમારભમા બેઠેલા વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓના પ્રેમે એમનામા જોમ અર્પ્યુ અને દરેકની ના છતા પણ તેઓ સમારભમા આવ્યા નૃત્ય અને સગીતની શરૂઆતથી પુષ્પ અને હારતોરાની ભેટો અર્પણ થઈ સમારભની પૂર્ણાહુતિ સુધી તેઓ જરા પણ થાક્યા સિવાય ઉત્સવમા બેસી જ રહ્યા ઉત્સવ દરમ્યાન એક પ્રસગ બની ગયો સગીતના સૂરો તેમનાથી સભળાતા નહોતા તેમને હળવે રહીને કાનમા કહેવામાં આવ્યુ ગુરુદેવ આપનાથી સભળાતુ ન હોય તો કાને ભૂગળી મૂકીશુ ? આ સૂચનથી ગુરુદેવને ઘણુ લાગી આવ્યુ અને વિચારમા પડી ગયા પોતાના રૂમમાં જઈને કવિવર કુદરતને કહે છે મારી જિંદગીની સફરની પૂર્ણાહુતિનો આ પ્રથમ પયગામ એક સ્વપ્ન રૂપ બની રહ્યો છે

શાંતિનિકેતનમા રજાઓ પડી જુલાઈમા શાંતિનિકેતન





ઉત્તરાયણમાં સર્જનનું અવલોકન કરતા ગુરુદેવ

આકાશમાંનો સમય થયો. મોટરે ઉત્તરાયણના પ્રવેશદ્વારના પગથિયા પાસે ઊભી રાખવામાં આવી. થોડું સરકી જવાની મહત્ત્વ તેમને મોટરમાં સુવાડવામાં આવ્યા. નાના બાળકથી માંડીને વૃદ્ધ આશ્રમ પણ વિદાય આપવા સામેલ હતો.

ધીમી ગતિએ મોટરને હંકારવામાં આવી. નીરવ શાંતિ પથરાઈ. મોટરની આગળ તેમની આજુબાજુ પુત્ર રથીન્દ્રનાથ અને નંદન, એમના દૌહિત્ર વીરેશ્વર સેન, ગુરુદેવ પૌત્રી વિનાયક ગામ છે, તેમના પુત્ર રથીન્દ્રનાથ વગેરે બેઠા હતા. ગુરુદેવે અર્ધ સૂતાં અને અર્ધ બેઠેલ અવસ્થામાં દરેકને બે હાથ જોડી સહ પ્રણામ કરી વિદાય લીધી. ભીષ્મ શ્રી એમની ક્યાં જાણે બાણશય્યા ઉપર સૂતા ન હોય એવો આ દેખાવ હતો. ઉત્તરાયણની પૂર્વાભિમુખ કોઈ સદગાન સ્થળ એ મહાકવિએ પોતાની તપોભૂમિને છેલ્લી વખતની આ આશ્રમ છોડ્યો.

પુત્ર ઊઠતાં ગુરુદેવની તબિયત વધુ બગડવા માંડી. એક માસ આશ્રમમાં ઓપરેશન કરવાના આવી કે ગુરુદેવને ઓપરેશન કરાવવા માટે કલકત્તા લઈ જવામાં આવનાર છે. દરેક વસ્તુએ તેમના જન્મ માટે ઉત્તરાયણમાં (તેમના અમલમાં) હાજર રહેવું એ વાત ફરી ચમકી ઊઠ્યા.

બીજે દિવસે સૂર્યોદય થતાં આશ્રમના દરેક વિદ્યાર્થીઓ અને અધ્યાપકો તેમના દર્શને ઉત્તરાયણમાં હાજર થઈ ગયા. ગુરુદેવે આશ્રમમાં હસ્તે રોપેલા વૃક્ષોના પર્ણો જાણે સ્થિર થઈ ગયા હતા. આશ્રમના પક્ષીઓ પણ જાણે પોતાનો કલરવ છોડી મૂંગી વિદાય આપતા હતા. આશ્રમને તેમના વહાલા સ્થળો 'શ્યામલી', 'બકુલવન' અને 'શાલવીથિ' જ્યાં તેમણે અનેક કાવ્યો લખ્યાં હતાં એ સ્થળો પણ અશ્રુભીની વિદાય આપતા હતા. તેમને રહેવાનું અતિ વહાલું ઘર આશ્રમથી પર જ્યાં શાંતિ નહીં લાગ્યું જેમ એમણે જીવનના છેલ્લા દિવસો વિતાવ્યા એવો ભવ્ય ઉત્તરાયણ પણ નિસ્તેજ અને અતુલ લાગવા માંડ્યો.

કલકત્તામાં તેમને પોતાને જ નિવાસસ્થાને લઈ ગયા. બે ચાર દિવસ તેમને આરામ આપ્યો. ૩૦મી જુલાઈએ બંગાળના પ્રખ્યાત સર્જન ડૉ. લલિતમોહન બેનરજીએ તેમનું ઓપરેશન કર્યું. બીજા અનેક ડૉક્ટરો તેમની હાજરીમાં સામેલ હતા. પણ જીવનયજ્ઞ પૂર્ણ થતો હતો એટલે કોઈનું ચાલ્યું નહીં.

ગુરુદેવે આશ્રમ છોડ્યા પછી તેમના ઘડી ઘડીના સમાચાર માટે આશ્રમના વિદ્યાર્થીઓ અભ્યાસ વગેરે અન્ય પ્રવૃત્તિઓ છોડીને ઑફિસ પાસે ટેલિફોન આગળ ટોળાંબંધ જમા થતા. સતત ટેલિફોનમાં રાત્રે ૧૨ વાગ્યે ટેલિફોનની ઘંટડી વાગી અને ઑફિસ બહાર એકઠું થયેલું વૃંદ ચમકી ઊઠ્યું. ખબર આવ્યા.

'ગુરુદેવ ૧૨ ને ૧૩ મિનિટે શાંતિથી મહા નિદ્રામાં પોઢયા છે'

આશ્રમ આખો રડવા માંડ્યો. તેમના વહાલા વિદ્યાર્થીઓ નિસ્તેજ બન્યા. આશ્રમમાં દોડાદોડ થઈ ગઈ. ગુરુદેવના મૃતદેહના કેવી રીતે દર્શન થાય? સૌ વિચારમાં પડ્યા. આશ્રમના વ્યવસ્થાપકની લેવાય એટલી સૂચનાઓ લીધી. શ્રી ક્ષિતિમોહન સેનની પર્ણકુટિએ વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓનાં ટોળાં ઘેરી વળ્યાં. 'અમારા ગુરુદેવને અહીં લાવો. અમારે આખરી દર્શન કરવા છે.' આશ્રમમાંથી કલકત્તા ગયેલા બે માણસો ગુરુદેવના એક સ્મિતા-પત્રને લઈને પાછા ફર્યા છે. એ કાગળ રેંકડામાં આ પ્રેર. તેમાં લખ્યું હતું 'મારી છેલ્લી અભિલાષા છે કે મારા મૃતદેહને શાંતિ પવિત્રમાં શાંતિનિકેતનમાં મારા રહેવાના સ્થાન 'ઉત્તરાયણ'ની પાછળના ભાગમાં આમ્રવનના મહારાજાના મકાન પાસે જ અગ્નિ સંસ્કાર દેવો. બનાય તે કોની ઇચ્છા છે થી ગણાશે.

સાથે એક કાવ્ય પણ હતું. એની નીચે લખ્યું હતું: મારા મૃત્યુ પછી આ કાવ્ય* મંદિરમાં બેસી સૌ ગાજો. ને પછી આ મીલબંધ કવરની અંદરના ગાનની કોઈને જાણ ન થવી જોઈએ.

સંધ્યા સમયે આખો આશ્રમ મંદિરમાં પૂજ્ય ગુરુદેવને શ્રદ્ધાંજલિ અર્પવા હાજર થઈ ગયો. મૂક પ્રાર્થના બાદ શ્રી ક્ષિતિમોહન સેન, શ્રી મલ્લિકજી, શ્રી હજારી પ્રસાદ દ્વિવેદીજી વગેરેએ ભવ્ય અંજલિઓ આપવા માંડી.

'આપણા ગુરુદેવ સમસ્ત વિશ્વ સાથે એકરૂપ થઈ ગયા છે. માતાપિતાના લાડમાં ઉછરેલા અને સ્નેહીજનોના સ્નેહ પામેલા અને એ જ જાહ્નવીને કિનારે કે જેને માટે તેને પ્રેમ અને પૂજ્યભાવ હતો અને જ્યાં તેમના પૂર્વજો માતાપિતા, ભાઈ, ભગિની અને પત્નીનો દેહ પંચમહાભૂતોમાં મળ્યો હતો તેજ ગંગાના કિનારે તેમણે સૂવાનું પસંદ કર્યું.

---

*'મૃત્યુને સાદ' નામનું આ કાવ્ય હવે પછી છે

અમે દીન-હીન માનવીઓ—

આ ભાઈઓનો રોષ હું સમજી શકું છું રાષ્ટ્રના પૈસા વેડફાય એ તો ક્યા નાગરિકને ગમે ? દેશમાં કામ થાય છે તે કરતાં બગાડો થાય છે લાંચ રુશ્વત વધી છે આ બધું સાચું પણ તે માટે આપણી લોકોની કંઈ જવાબદારી જ નથી !

લાંચ લેનાર અમલદાર પણ આપણા લોકો છે, આપનાર પણ આપણો જ ભાઈ છે કમજોરી તો આપણી પ્રજાની છે લોકો લાંચ લેનારને જાણે છે, આપનારનેય જાણે છે જ્યાં જાહેર સ્થાનમાં ક્યાય તેનો પ્રતિકાર થતો નથી

લોકો જાણતા હોય છે ટીકા કરતા હોય છે કે અમુક વ્યક્તિએ નફાખોરી કરી પૈસા બનાવ્યા છે અમુક કાળા બજાર કર્યા છે એ કોન્ટ્રેક્ટમાં લાંચ આપી ખૂબ કમાણી કરે છે લોકો આ બધું જાણતા હોય છે છતાં એવા એવા શ્રીમંતને જ પ્રમુખસ્થાન અપાય છે તેને જ મંચ પર પ્રધાનશ્રી પાસે બેસાડે છે કેટલાક હાથે ક્યારેક ઉદ્ઘાટન પણ રખાય છે જો લોકો આ રીતે કાળા બજારની, નફાખોરીની, લાંચ રુશ્વતની પ્રશંસા કરતા હોય તો એ બદી કઈ રીતે અટકે ?

કરુણતા એ હતી કે આ ઊંચી ઊંચી ટીકા કરનારાઓ ઠેર ઠેર ઉદ્ઘાટનો આ સમારંભમાં એવા જ એ શ્રીમંતને પ્રમુખસ્થાને લઈ આવ્યા હતા તેમનું અભિનંદનમાં ખાસ પત્રો, આ કરવું કારખાનું હતું વચ્ચે ખાંડની તંગી હતી ત્યારે કાળાબજારમાંથી બે મહિનામાં જ લાખ ઘર ભેગા કર્યા હતા એમણે એ જગ્યાએ રસ્તો બંધાતો હતો તેમાં ભાગ પણ કર્યો હતો જે સમાજ ધનની આવી આંધળી ભક્તિ કરતો હોય અને સામે પગે પ્રતિષ્ઠા આપતો હોય એ સમાજ અનીતિના ધનમાંથી કઈ રીતે મુક્ત થઈ શકે ? જીવનના આ મૂલ્યો બદલાઈ ગયા છે તેનું જ ભારે દુઃખ છે

અત્યંત પેલો રસ્તો નબળો થયો છે પાસ કરનારે તો લોકોના પૈસા જ વેડફાય એવું કર્યું છે એનો બચાવ જ ન થઈ શકે ખરું જોતા તો પ્રધાને એ જાતે ફરી જોઈ તપાસી એ બાબતમાં ઊંડા ઊતરવું જોઈએ અને રસ્તો પાસ કરનાર અમલદારને નસિયત કરી ઘેર બેસાડવો જોઈએ કોન્ટ્રેક્ટરનો દંડ કરી એ પૈસામાંથી એ રસ્તો નવેસરથી તૈયાર કરાવવો જોઈએ અને તેને કોન્ટ્રેક્ટર તરીકે કામ કરતો બંધ કરવો જોઈએ સરકાર જો આવા એક બે કેસ કરે તો યે સારો દાખલો બેસે આવી બાબતમાં અરજીઓ થાય છે પણ બીજું સંકેલાય છે આ લાંચ લેનાર કે લાંચ આપનાર છૂટી જાય છે અને લાંચ આપી તે



સાબિત થાય કે ન થાય, પણ દરેક નેતાના નબળા અંગો છે એ તો હકીકત છે ને ! એ જ મુદ્દા પર તપાસ થવી જોઈએ અને જવાબદાર આગેવાનોને સખત સજા થવી જોઈએ આ બાબતમાં પ્રધાનો અને ઉચ્ચ કોટિના અમલદારો તો જરૂર અનુકરણીય દાખલો બેસાડી શકે

બાકી લાંચરુશ્વત વધી ગઈ છે એવી બૂમો મારવા કરતાં અને અનીતિના માર્ગે ધન મેળવનારની જાહેરમાં પ્રતિષ્ઠા નહિ કરવી જોઈએ એ સમજવાનું છે. આ માટે જનતાની કદર થશે ત્યારે સમાજનું તેજ આપું સાચું બહાર આવશે

પ્રધાનો ખાતમુહૂર્ત કરે કે મોટા સમારંભનું ઉદ્ઘાટન કરે એમાં કંઈ ખોટું નથી એ નિમિત્તે પ્રધાન લોકો વચ્ચે આવે છે લોકો તેમની મુશ્કેલીઓ રજૂ કરી શકે છે પ્રધાનશ્રીને પણ લોકમતનો ખ્યાલ આવે છે સમારંભ તેમને એવી તક પૂરી પાડે છે અલબત્ત, સમારંભ વગર પણ પ્રવાસ ગોઠવી શકાય. લોકસંપર્ક સાધી શકાય કદાચ પ્રધાનોને એ વિશેષ ફાવે પણ ખરું

પણ હવે તો લોકો જ ખાતમુહૂર્તનો કે ઉદ્ઘાટનનો આગ્રહ રાખે છે જાણે પ્રધાનના હાથે ન થાય એવું એક કામ ન થઈ શકે એવી પ્રણાલી ખૂબ મજબૂત જ બેસતી થઈ ગઈ છે એટલે આજકાલ પ્રધાનશ્રીને પોતાના ગામની શાળાના કે વાડી ગુદામ કે બીજા કોઈ નિમિત્તે બોલાવવા પ્રેરાય છે

તે લોકો આ રીતે પ્રેરાય છે તેનું કારણ છે જો કોઈ લોકસેવકના હસ્તે ઉદ્ઘાટન રાખે તો જિલ્લા કક્ષાનો કોઈ કાર્યકર ભાગ્યે જ જોવાય ! છાપાના પ્રતિનિધિઓ પણ તે સમારંભની નોંધ પણ ન લે અમલદારો પણ આવતા રહે પણ જો પ્રધાનશ્રી આવે તો ગામમાં કલેક્ટર સાહેબ આવે, ડી એસ પી સાહેબ આવે બીજા અમલદારો આવે, જિલ્લા કોંગ્રેસના પ્રમુખ અને બીજા કાર્યકરો આવે મંચ પર બેસવાની જગ્યા ન રહે એટલા બધા ઉભરાઈ જાય છાપાવાળાઓ ચાપ સામે હેવાલ તૈયાર કરે

અને છાપામાં એ હેવાલ પણ આવે લોકોને પણ આ જોઈતું હોય છે એટલે તે રીતે કાર્યકરો કે લોકો તે પ્રધાનને લાવે તેનો જ તેમનો મહિમા છે

મેં તો આનો અનેકવાર અનુભવ કર્યો છે ખુદ કોંગ્રેસના કાર્યકરોને પણ સભાની કે ચર્ચાની પડી નથી પ્રધાનશ્રી પધારે એટલે જાણે સમારંભ પૂરો થયો સભાઓ ઉદ્ઘાટન બાદ ખાલી થવા લાગે એ તો કે લોકોને સાચી સમજ આપવાની એમાં કંઈ પડી જ નથી પ્રધાનશ્રી સ્ટેજ પર આવ્યા, સાથે જ મોટા ફોટા પડાવ્યા એ જ જાણે એક કામ થઈ ગયું છે કેવળ એક ભાવ તેને જ ગણ્યું છે

આની અસર લોકો પર પણ પડી છે લોકો હવે તો લોકસેવકોનો નહિ પણ પ્રધાનશ્રીનો મહિમા કરે છે એક પ્રસંગે તાલીમ શિબિરનું ઉદ્ઘાટન રાખ્યું સન્માનિત લોકસેવક રવિશંકર મહારાજ આવવાના હતા હું પણ એમની સાથે ગયો હતો મહારાજની વાણી સાંભળવી એ એક લહાવો છે એમણે પ્રવચન ગામ પર સ્વપ્નની મહેર પર પ્રેરક અને સુંદર પ્રવચન કર્યું પણ એ પ્રવચનની નોંધ નથી કોઈ પત્રે લીધી જિલ્લાના નેતાઓ પણ નહોતા તેવી જ એક બાજુ શિબિરનું ઉદ્ઘાટન નાયબ પ્રધાને કર્યું તેના ફોટા છપાયા તેનો હેવાલ છપાયો અને આ નાયબપ્રધાની સાથે હતા તેમના નામો પણ ગાજી ગયા

મહારાજની અનુભવવાણી તો કાર્યકરો માટે અમૂલ્ય છે એવા મનના મેલ ધોવાય છે અને તે સેવા માટેની દૃષ્ટિ વિકસાવે છે પણ મૂલ્યો જ બદલાઈ ગયા છે સેવાની ઉપેક્ષા થાય અને સત્તાની આરતી ઉતરાય એ સમાજની તંદુરસ્તી માટે ખતરનાક છે કદાચ આ માર્ગ પ્રજાનું તેજ હણનાર જ બને

પ્રધાનશ્રી પધારવાના છે એવી જાહેરાત થઈ એટલે લોકોએ માંગણી આવે છે એક ગામમાં જિલ્લાના ખેડૂતોનું સંમેલન હતું પ્રધાનશ્રી ઉદ્ઘાટન માટે પધાર્યા હતા તેમને તો આ ઉદ્ઘાટન પતાવી બીજે વીસ

મધુમેન્દ્ર કમળરાય દેસાઈ

દરિયાકાંઠે વસતાં પંખીઓ

દરિયા કિનારે જેમ માનવ વસે છે તેમ પક્ષીઓની પણ ખાસ જાતનો વસવાટ દરિયાકાંઠો હોય છે. અહીં એવાં પક્ષીઓ પૈકી અકસ્માત્ જ દેખાઈ આવેલા પક્ષી-શિકારક ગરુડ શ્રેણીના બાજની વાત રજૂ કરે છે.

કાળપુચ્છ ગડેરા અથવા લાંબી-ચાંચ

તેતર કરતાં કદમાં કંઈક મોટાં આ કાળપુચ્છ ગડેરાની ચાંચ પાતળી અને લાંબી રહે છે અને તેનો વસવાટ પાણીકાંઠે હોય છે. આ ગડેરમાં કેટલાક પંખીની ચાંચ સહેજ ઉપર બાજુ વળાંક લીધેલી માલૂમ પડે છે. રંગમાં તે અર્ધે સુધી ગુલાબી અને છેડે કાળી થાય છે. લાંબા રાખોડી રંગના પગવાળું આ પંખી પોતાનો ચારો પાણીમાંથી શોધવા માટે જ પ્રકૃતિએ પેદા કર્યું હોય એવું જણાય છે. તેને ઓળખવા માટેની ખાસ નિશાની તે સફેદ પૂંછડીમાં આવતો કાળો પટ્ટો છે. જો કે આ પંખીની પૂંછડી બહુ લાંબી હોતી નથી પણ જ્યારે ઊડે છે ત્યારે તેમાં આવતો કાળો પટ્ટો સ્પષ્ટ દેખાય છે. પાંખમાં આવતા મોટા પીંછાં કાળા રંગના અને તેમાં આવતો સફેદ પટ્ટો પણ તરત જ દેખાઈ જાય છે. ઉડાનમાં તેના પગો પૂંછડીની બહાર સારી પેઠે નીકળે છે. તેનો શિયાળુ રંગ માથા અને છાતી ઉપર ભૂખરો કથ્થઈ આવે છે, જ્યારે પીઠ સાદા રાખોડી કથ્થઈ રંગની હોય છે. પેટાળ ઉપર રાખોડી ધોળો અને પાંખ ડાબાર ઉપર આવે છે. ઉનાળામાં આ પંખી રતાશ પડતો કથ્થઈ રંગ ધારણ કરે છે તથા પડખાં તથા પેટાળમાં સફેદાઈ આવે છે અને આ સફેદાઈમાં કેટલીક વખત આડી અવળી લીટીઓ દેખાય છે. આવા પ્રકારનો રંગ આપણને માર્ચથી મે માસ સુધીમાં જોવા મળે છે. નાની ઉમરના કાળપુચ્છ ગડેરાનો રંગ પુખ્ત વયના પંખીના શિયાળુ રંગ જેવો હોય છે પણ ગળા ઉપર અને છાતી ઉપર વધારે રતાશ પડતો કથ્થઈ રંગ આવે છે.

કાળપુચ્છ લાંબી-ચાંચનો વસવાટ નદીઓ સરોવરો તળાવડાં ઉપર હોય છે. તથા છીછરાં પાણી જેમાં વનસ્પતિની વિપુલતા હોય ત્યાં તો ખાસ જોરમાં આવે છે. કેટલીક વખત મીઠાના અગર ઉપર પણ દેખાય છે. સામાન્ય રીતે આ પંખી સમુદ્રનું ચારી નથી. છતાં નવા આવેલા પંખીઓ સમુદ્રમાં જતાં જોવામાં આવી જાય છે. તેની લાંબી ચાંચ પગ અને ગરદન ઉપરથી તે ઓળખાય તો તરત પરખાઈ આવે છે. જ્યારે ઊડે છે ત્યારે ટીઉક ટીઉક અવાજ કરે છે. એપ્રિલ મે માસમાં વતની મુસાફરી કરવાનો સમય આવે છે ત્યારે ટીઉક ટીઉક કરતાં પાંખો ફફડાવીને એકબીજાને નરી લડાઈનું આશ્વાસન આપતાં જોવામાં આવે છે. આપણે ત્યાં આ ગડેરા સપ્ટેમ્બર ઓક્ટોબર માસમાં આવી જાય છે.

આઈએ દૂર બીજા સ્થળે ખાતમુહૂર્ત કરવાનું હતું એટલે તે તો પ્રવચન કરી ઊભા થયા.

મારી તજવીજથી વચ્ચે પ્રધાનશ્રી સાથે કાર્યકરો ઊપડ્યા, અને લોકો ઊભા અને માત્ર ત્રીજા ભાગના લોકો જ રહ્યા. સભા તો હજી શરૂ થની હતી. ઠરાવો થવાના હતા. મહત્ત્વના નિર્ણયો લેવાના હતા. છતાં એની ન તો કાર્યકરોને પડી હતી ન તો લોકોને પડી હતી. આ માનસ ક્યાં લઈ જશે! પ્રધાનની ઉપસ્થિતિ વગર સભા ન થાય કે લોકો હાજર ન રહે એ લોકજીવનની પંગુતા છે. પ્રધાનશ્રીએ એ માટે આગળ લેવો પડે તે કાર્યકરોની સેવાનો અભાવ છે. આ પંગુતામાંથી વહેલામાં વહેલી તકે નીકળી જવું જોઈએ અને લોકોને પણ કાઢવા જોઈએ. એ સેવાની સહકારની કાર્યની પ્રમ શિસ્તની મૂળજાત નરી સમાજને સાચા મૂર્તિ સમજાવવી જોઈએ. વાતાવરણના પડઘા જો આ માર્ગે નહિ જાય તો પ્રજાજીવન નબળું પડશે અને કાર્યને ધક્કો વાગશે.

*



કાળપુચ્છ ગડેરાનું પ્રજનન યુરોપ અને પશ્ચિમ એશિયામાં થાય છે અને શિયાળો ગાળવા દક્ષિણમાં આફ્રિકા અને ભારતમાં આવી જાય છે. તેમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતનો સમાવેશ થઈ જાય છે. વર્ષાની સમાપ્તિ સાથે તેઓનાં મંડળી આપણાં ખારાં કાંઠા ઉપર આવી જાય છે. વળી બહુ મોડેથી વસંતમાં પાછા જનારાઓ આવવાવાળા છે. મોડામાં મોડા જુલાઈ માસમાં તેઓ આપણી પાણીકાંઠે છૂટી જાય છે.

આપણે ત્યાં તેનો આહાર અળસિયાં અને બીજા કાદવના અને પાણીમાં થતાં કીટકજંતુનો છે. આ ગડેરા પણ પોતાની લાંબી ચાંચનો ઉપયોગ અનેવા માટે રેતમાં ખોસે છે અને ચાંચની લંબાઈ જેટલા ઊંડા પાણી સુધી તો પોતાનો ખોરાક મેળવી પણ પાડી શકે છે. તે સામાન્ય રીતે જોડીમાં ચાલે છે. પણ ખુલ્લી જગ્યામાં આવે ત્યારે અને પાણી જ્યાં મધ્યમ ઊંડાં હોય ત્યારે તેઓ ઝૂંડમાં પણ આરામ લેતાં જોવામાં આવે છે અને ત્યારે તેમનાં સંખ્યા આશરે ૧૦૦ની પણ હોઈ શકે છે.

અંગ્રેજીમાં કાળપુચ્છ ગડેરાને The black tailed godwit કહેવામાં આવે છે અને Limosa Limosa Limosa (Linn) એ એનું વૈજ્ઞાનિક નામ છે.

પટ્ટાપૂચ્છ ગડેરા અથવા લાલ-ચાંચ

આગળ જોઈ ગયા તે કાળપુચ્છ ગડેરાથી આ ગડેરો કદમાં કંઈક નાનો જણાય છે. તેની સામાન્ય ઓળખ તો આગળ જોઈ ગયા તે ગડેરા જેવી જ પણ તેની પૂંછડીમાં કાળા પટ્ટા નથી પણ તેના બદલે આવે છે. વળી રંગમાં તે ભૂખરીને બદલે ટપકાંવાળો પીળાશ પડતો કથ્થાઈ રંગ હોય છે. આ પાંખ ઉપર જ્યારે ઊડે ત્યારે વર્ણવેલા પટ્ટા દેખાય છે. ત્યારે તેની પૂંછડીમાં રહેલા ઝીણા પટ્ટા જોવામાં આવતા નથી તેમ જ પાંખમાં જોવા મળતો પટ્ટો હોતો જ નથી. અને ચાંચ હોય છે તે થોડી ઊંચે વળેલી.

અને પગથી સહેજ ગાઢ. ઊડે ત્યારે તેના પગ પૂંછડીની બહાર નીકળતા પણ સહેજ જ નીકળતા જણાય છે.

આ ગડેરો ખાસ કરીને સામાન્ય પક્ષી નથી અને આપણે ત્યાં જે થાય છે તે બહુ જાણીતું છે. કચ્છ, ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે શિયાળો ગાળવા આવે છે, પણ ત્યાર પછી તે પાછું દક્ષિણ બાજુ ચાલ્યું જાય છે. કોઈ કોઈ વર્ષે તે ઉનાળામાં પણ જોવા મળે છે. કુઈ કુઈ જેવો અવાજ કરે છે. ત્યાં અવાજથી તે તરત ઓળખાઈ જાય છે. પણ ગડેરાને ભીંડાળી પાણીકાંઠો ભાવે જ છે. તે તળાવમાં કાદવમાં ખોરાક માટે શોધ કરે છે અને દરિયાકાંઠે ખાસ કરીને ખાડીના કાંઠામાં ભરતી ઓટ વખતે એની સંખ્યા આરામ કરતી જોવામાં આવે છે.

પ્રજનન માટે તે ઉત્તર યુરોપ અને મધ્ય એશિયામાં જાય છે અને ત્યાંથી પાછાં ફરતી વખતે ઉત્તર ભારતના કાંઠાઓ તરફ આવે છે. દરિયાકાંઠે અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે આ ગડેરો સામાન્ય પક્ષી તરીકે જોવામાં આવે છે. અને સામાન્ય પક્ષીઓની ગણતરીમાં તો નજરે ચડી શકે એટલી સંખ્યામાં ગણાય છે.

પટ્ટાપૂચ્છ ગડેરાને અંગ્રેજીમાં The bar-tailed Godwit કહે છે અને Limosa Lapponica lapponica (Linn) એ વૈજ્ઞાનિક નામ છે.

રાખોડીઓ રાતા-પગ

ગડેરા જેવા કદમાં મોટા હોવા છતાં આ રાખોડીઓ રાતાપગ હવે પછી આવતા નાના-પગવાળા તેના ભાઈઓ કરતાં મોટો અને વધુ ઊંચો છે અને ટપકાંદાર ભાગમાં બગલા જેવો લાગે છે. ઊડે છે ત્યારે તેની પાંખમાં સફેદ ભાગ આવતા નથી. પીઠ અને પૂંછડીમાં રાખોડી પટ્ટો કથ્થાઈ રંગની કોર છે.

પૂંછડી સફેદ, પીઠ અને પેટ રાખોડી રંગનાં છે અને તેનો અવાજ ઊંચો અને કર્કશ હોય છે અથવા

'ચક ચક' જેવો અવાજ કરવામાં આવે છે શિયાળામાં આ પક્ષીને પીઠ ઉપર અને બાજુમાં સરસ રાખોડી કથ્થાઈ લીટીઓ દેખાય છે અને તેની સાથે રાતા પગ ફરતા લાગી જણાય છે આ પક્ષી કોઈ કોઈ વખત ગીચામાં જોવા મળી આવે છે આથી એમ જણાય છે કે તેને મીઠા પાણીકાંઠા વધારે પસંદ છે જ્યાં તે પાણીના અને કાદવના જીવજંતુથી પેટ ભરે છે તેમાં બીયાનો પણ સમાવેશ કરે છે આ રાખોડી રાતા-પગ પોતાના પ્રજનન માટે ઉત્તર યુરોપ અને એશિયા તરફ ચાલ્યા જાય છે અને શિયાળામાં લાંબો પ્રવાસ ખેડી દક્ષિણમાં ભારતના દરિયા કાંઠે અને કોઈ વરકાંઠે આવી પહોંચે છે સૌરાષ્ટ્રમાં તે ક્વચિત જ જોવા મળે છે

રાખોડી રાતા-પગને અંગ્રેજીમાં The Dusky Red Shank કહેવાય છે અને વિજ્ઞાનિક રીતે ઓળખાવવા માટે Tringa Ery thropus (Pallas) એમ કહેવું જોઈએ

રાતા-પગ

તેતર કરતાં કદમાં મોટું અને લાંબા પગવાળું આ રાતા-પગ તેની રતાશપડતી નારંગી જેવા સાથે તેના વરવાયાની સજાવટમાં ખૂબ જ ચળકતી થાય છે અને મૂળમાં સામાન્ય રીતે આછી નારંગી અને છેડે કાળી રહે છે અને પગનો રંગ પણ રાતો રહે છે જે રંગ ઉપરથી તેનું નામ પાડવામાં આવ્યું છે પીઠ ઉપર કથ્થાઈ રંગની અંદર પીંગાશ ભળેલી હોય છે એ ઉપરાંત તેમાં કાળાં નલકાં જણાય છે બાજુમાં લીટીઓ પણ દેખાય છે પણ શિયાળામાં આ રંગ તદ્દન એક સરખો પીંગાશ પડતો રાખોડી થઈ જાય છે આંખો કથ્થાઈ રંગની રહે છે અને ફરતી પાતળી રાતી લીટી દેખાય છે છાતી અને પેટનો સફેદ ઈંડાળુ ભાગ તેમાં આછી વધતી કથ્થાઈ ટપકાં અથવા બારીક લીટીઓ જણાય છે ઊડે છે ત્યારે તેની સફેદ પટ અને પૂંછડી ઢાંકતાં પીછાં અને પીળાકાર પીંછી આકૃતિ પાંખમાં સાફ વરતાય છે જ્યારે તે ભડકીને ઊડે છે ત્યારે 'ટયુ-ટયુ' જેવો અવાજ કરે છે

વર્ષો પછી રાતા-પગ આપણે ત્યાં સામાન્ય રીતે આવી જાય છે અને તેમાં પણ કેટલાક પક્ષીઓ આવી ગયેલા જોવામાં આવે છે શિયાળામાં તેના ટોળાં દરિયાકાંઠે અને મીઠાના અગરના પાસ પાણીના ભરેલા ક્યારા ઉપર અને નદીના મુખ ઉપર તથા મીઠા જળાશયોના કિનારે ચરતા ફરતાં જોવામાં આવે છે સામાન્ય રીતે સ્વભાવે તે ખાસ કરીને નથી પણ છેક બહાર નજીક આવવા દેવામાં માનતું નથી જો ખાસોયત દરિયાકાંઠાના દરેક પક્ષીઓ જોવા મળે છે પણ વસ્તીવાળા તળાવકાંઠા ઉપર તે ઘણાં નજીક આવવા દે છે તેજ ઉડાનવાળું આ પક્ષી ઘણી વખત તો સાવ જમીન અથવા પાણી ઉપર જ ઊડતું જોવામાં આવે છે સ્વભાવે સનકથી છે પણ કેટલીક વખત મીઠા પાણી કાંઠે એકાકી પણ દેખાઈ આવે છે

એપ્રિલ મહિનામાં જ્યારે તેઓની વતની મુસાફરીનો સમય થાય છે ત્યારે તેઓનો સારી રીતે સંખ્યામાં સમૂહ એકઠો થાય છે પણ કોઈ કોઈ પક્ષી જૂન જુલાઈ માસ સુધી આપણો કાંઠો છોડતું નથી આથી ઘડીભર એ વિચાર આવે કે તેઓ પોતાના બચ્ચા અહીં ઉછેરતા હશે ? પણ હજુ સુધી કોઈ વખત તેના બચ્ચા કે ઈંડા જોવામાં આવ્યા નથી તેઓ અહીં પાણીકાંઠાની જીવાત ખાઈને પેટ ભરે છે

પ્રજનન માટે આ પક્ષી યુરોપ એશિયા માઈનર, તિબેટ, કાશ્મીર વગેરે સ્થળોએ ચાલ્યા જાય છે તેઓની એ ફરજ બજાવી તરત જ શિયાળામાં ભારત અને દૂર પૂર્વના ટાપુઓ ઉપર પહોંચી જાય છે ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં તે સામાન્ય પ્રવાસી પક્ષી છે દરિયાકાંઠે તો આ પક્ષી સમૂહમાં જ ચરતા ફરતાં જોવામાં આવે છે

રાતા-પગને અંગ્રેજીમાં The Red Shank કહે છે અને વિજ્ઞાનિક રીતે ઓળખવા માટે Tringa totanus (Linn) એમ કહેવું જોઈએ



નાના-પગ ટુટવારી

નાના-પગના કરતે લગભગ મળતા કદની નાના-પગ ટુટવારીનો ઉનાળુ રંગ પીઠ ઉપર રેતીઆ ગભોડી અને માથા તથા ગરદન ઉપર બારીક કાળાં લીસોટા જોવામા આવે છે પીઠ ઉપર આવેલાં પાંખના પીંછા લગભગ લીટીદાર રહે છે પીઠ અને ડોક સફેદ રહે છે પૂછડી પણ લીટીદાર અને કથ્થાઈ તથા ગભોડી જેવી રહે છે પેટાળ ભાગ અને પગમાં ઘણું વખત લીલો રંગ અથવા ટપકાદાર હોય છે જ્યારે આ નાના-પગ ટુટવારી આપણે ત્યાં આવે છે ત્યારે તે ઉનાળુ અને શિયાળુ બંને પ્રકારના રંગથી આવે છે એટલે તે પોતાના ઉનાળુ વાઘા સજેલી હોય છે આ વખતે તેની પીઠ ટપકાદાર બહેતો હોય છે શિયાળામા આ પક્ષીનો રંગ કપાળ ઉપર અને ગરદનની બાજુમા સફેદ અને ટપકા વિનાનો અને એકસરખો પાંખનો રંગ લગભગ સાફ ગભોડી હોય છે તથા તેમા આછા કથ્થાઈ રંગનું મિશ્રણ જણાય છે આથી આ પક્ષી વધાર સફેદ અને ગભોડી રંગનુ દેખાય છે છાતીની બાજુમા કેટલીક વખત કથ્થાઈ ટપકા જોવામા આવે છે ચાંચનો રંગ પણ કથ્થાઈ કાળો રહે છે અને તેમા કોઈ કોઈ પક્ષીની ચાંચ ઉપર લીલી દેખાઈ જાય છે પગ નાના-પગના અથવા લીલા તો વળી કેટલીક વખત આ રંગ ભીનાશવાળો પીળો જોવામા આવે છે નર-માદાના રંગ રૂપમા તફાવત હોતો નથી તેઓ પોતાનુ ખોરાક પાણીની અને નદી થતા પ્રાંત પ્રાઈ ભર છે આ માટે કાદવવાળા પાણીમા જતા ઘણી વખત જોવામા આવે છે પોતાના ખોરાક માટે તે નાના વહેળા ઝીલ્ડા આગ, તળાવના અને ખાડીની કિનારીઓ ને ફરે છે

આ પક્ષી પાણીનાંનુ સામાન્ય પક્ષી છે જ્યાં અપ્રીઆર થઈ આખો વહેતા પાણી ઉપર દેખાય છે આપણે તો આ પક્ષીને શિયાળા સિવાય જોઈ ના ના નથી જો અમર તે તેના બીજા જળાશયમાં મનુષ્યા ફરતા દેખાય છે તો પણ તે પોતાનું વ્યક્તિત્વ અપોક નથી એમ દેખાડે છે જ્યારે દરીયાના કાંઠા દૂર અંતરના જળાશય ઉપર જોઈએ એ માર તો ઘણુંભાગે એમના જ જોવામા આવે છે પણ દરીઆની ભરતીથી ભરાતા ખાડા અને મોઢાની ખાડીઓ ઉપર તેનો સમૂહ જણાય છે

પ્રજનન માટે તેઓ દક્ષિણ પૂર્વ યુરોપ અને એશિયામા થઈ મોન્ગોલીયા સુધી મુસાફરી કરે છે અને પોતાની એ ફરજથી પરવારી શિયાળો પહેલા તો આપણે ત્યાં આવી જાય છે અને એપ્રિલમા પાછા ચાલ્યા જાય છે પણ કેટલાક વખત જુલાઈ માસના પણ દેખાવાના દાખલા નોંધ છે

અંગ્રેજીના નાના-પગ ટુટવારીને The Marsh Sandpiper કહેવાય છે અને Tringa Stagnatilis (Bechstein) એમ તેને વૈજ્ઞાનિક રીતે ઓળખાવી શકાય

લીલા-પગ અથવા ટીમટીમા

નાના-પગ કરતા કદમા મોટા અને બીજા લીલા-પગની ચાંચ વધારે લાંબી અને જરા ઉપર વળેલી લાંબી, પગ લીલાશ પડતા ગભોડી રંગના તથા ગભોડી કથ્થાઈ રંગનું આ પક્ષી છે તેનું તાળવું અને ડોક કથ્થાઈ ભૂરી લીટીદાર હોય છે આગળનો રંગ કાળો પીઠ અને પાંખનો રંગ ઘેરો રંગે ર અને ગભરુ લીટીઓ અને ટપકા દેખાય છે પણ શિયાળામા આ રંગ ગભોડી કથ્થાઈ થઈ જાય છે પીઠ ડોક અને પેટાળ સિવાય પૂછડી પણ ધોળા રંગની પણ તેમા કથ્થાઈ રંગની લીટીઓનુ ચિતામણ નજર પડે છે ખાસ કરીને ઉનાળામા તેની છાતી થોડી ટપકાવાળી અને લીટીવાળી હોય છે પેટ ઘેરા રંગનુ પણ વ્યક્તિગત રંગમા થોડો તફાવત આવી જાય છે ઊડતું હોય ત્યારે ઓળખવા માટે તેના ધોળા પગ અને ડોક ઉપરાંત ઉપરના ભાગમા ગભોડી રંગ તથા પાંખના ઘેરા રંગોની અભાવ આટલા વસ્તુ જોવાની રહે છે

ટાયરીમાન ત્યારે સરની આવતી હોય તેવી નદીઓ નાળીઓમાં સરોવરે નાળા નાના તળાવડા

નદીઓ વગેરે ઉપર ફરવુ જોઈએ. જ્યાં તે એકાકી કે સમૂહમાં જોવામાં આવશે. જો કે તે શોધવા દરીઆ કાંઠે જવું વધારે અનુકૂળ છે. પૂરા ભરતીના સમયે તે ગાંડા-પગના સમૂહમાં અને બીજા તેના સગાં સાથે દેખાય છે. બપોરના સમયે જરા આરામ કરી લે છે. તે વખતે પોતાનો એક પગ ઉપાડી લે છે. આ પ્રમાણે એક પગ ઊંચો રાખી આરામ કરવો લગભગ તેમાંમ દરીઆઈ જળચરનો સ્વભાવ છે. અને ભરતી સાથે એક પગે ઠેકડા મારી તે આગળ તે આગળ વધે છે. વર્ષાની સમાપ્તિ સાથે આવી શિયાળો વીતાવી ઉનાળાની શરૂઆતમાં તેઓ આપણો દેશ છોડી ચાલ્યા જાય છે. જો કે ઉનાળાના મહિનાઓમાં ના. ધર્મકુમારસિંહજી સાહેબે તેઓને જોયા છે. પણ તેના ઈંડા કે બચ્ચાં તેઓ સાહેબ શોધી શક્યા નથી. જરા ડર લાગી ગયા પછી તરત જ ઊડી જાય છે અને તે વખતે 'ટીવ-ટીવ-ટીવ' જેવો અવાજ કરે છે. તે વહેમાઈ ગયું છે એ ખબર જ્યારે તે તેનું માથુ ઊંચુંનીચું કરે છે ત્યારે પડે છે. બીજા ઘણા સગાની આ જાતની ખાસીયત છે. પાણીની ઉપ્યાત ઉપર જીવન વ્યતીત કરે છે.

યુરોપ અને ઉત્તર એશિયામાં પ્રજનન કરી દક્ષિણમાં આફ્રિકા અને આપણા ભારતમાં આવી પહોંચે છે. લીલા-પગા અથવા ટીમટીમાને અંગ્રેજીમાં The Green Shank કહેવાય છે અને Tringa Nebularia (Gunnerus) એ એનું વૈજ્ઞાનિક નામ છે.



સાભાર પ્રાપ્તિ-સ્વીકાર

બ્રિટન—એન ઓફિશિયલ હેન્ડબૂક '૧૯૬૧ પાના ૫૭૮ રૂ ૧૦/૮૦ બ્રિટિશ ઇન્ફોર્મેશન સર્વિસ ચાણક્યપુરી, ન્યુ દિલ્હી, ૨૧ **પદ્મ અને પોયણાં**. ન્હાનાલાલ કવિ સં. શિવશંકર શુક્લ પાના ૧૩૮ રૂ ૨/૫૦ મહાકવિશ્રી ન્હાનાલાલ સ્મારક સમિતિ અમદાવાદ ૬ **બાળકો ક્યારે ગુનો કરે છે?** હંસાબહેન ગોર પાના ૩૨ ન પૈ —/૪૦ **કાર્ટુનની કથા**: જ્યતી પટેલ પાના ૩૨ ન પૈ —/૪૦ —બનેના પ્રકાશક પરિચય ટ્રસ્ટ મુંબઈ ૧ **કોંગ્રેસ એક અધ્યયન** પાના ૧૨૬ ન પૈ —/૭૫ **ગુજરાત અને આયોજન**. ઉમાભાઈ પરીખ પાના ૪૮ ન પૈ —/૨૫ **ત્રીજી પંચવર્ષીય યોજના** પાના ૮૯ ન પૈ —/૨૫. — બંનેના પ્રકાશક ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ, અમદાવાદ **દયારામ**. ભોગીલાલ સાંડેસરા પાના ૧૨૪ રૂ ૨/૫૦ **મનોમુદ્રા** ઉશનસ્. પાનાં ૭૨ રૂ ૧/— **સંકેત** જયંત પાઠક પાના ૭૨ રૂ ૧/— **મધુમાખી** તોલ્સ્તોય અનુ૦ રમણલાલ સોની પાનાં ૧૩ રૂ ૧/— **તણખો બાળે ઘર**: લેખક-અનુ૦ ઉપર મુજબ પાના ૩૯ ન પૈ —/૭૫ — પાંચેયના પ્રકાશક ચેતન પ્રકાશન ગૃહ વડોદરા **જનાના સુખી** લેખક અનંત ગો૦ શેવડે અનુ૦ નટવરલાલ જાની પાના ૨૭૩ રૂ ૨/૫૦ પબ્લિકેશન્સ ડિવિઝન દિલ્હી, ૬

'ઊર્મિ-નવરચના' અંગે કોઈપણ જાતનો પત્રવ્યવહાર કરતી વખતે કે લવાજમ મોકલતી વખતે, વ્યવસ્થામાં સુગમતા પડે તે માટે, આપના રેપર ઉપર દર મહિને આવતો આપનો ગ્રા. નં. અને આપનું પૂરું સરનામું લખવું ક્યારેય ભૂલશો નહિ.



નાનુભાઈ દવે

ઊજળું સંવેદન

ડૉક્ટરો પાસે એવા કેટલાય દર્દીઓ આવતા હોય છે કે જેમના દર્દને સમજવા તેમનો ઇતિહાસ જાણવો જરૂરી થઈ પડે છે અને એમાંથી કેટલીક કાલ્પનિક વાર્તાથી પણ ચઢી જાય એવી હકીકત મળે છે. આ વાર્તા પણ લેખકના એક ડૉક્ટર મિત્રે કહેલી હકીકતને આધારે છે.

'હા, ડૉક્ટરસાહેબ!

કહો, શું કહેવું છે?'

ડૉક્ટરસાહેબ! ફરી એણે કહ્યું.

'હું સાંભળું છું. તમારે જે કહેવું હોય તે કહો.' ડૉક્ટરસાહેબે ખુરશી જરા નજદીક ખેંચી ધ્યાનથી સાંભળવા છતાં પણ દર્દી આગળ ના બોલ્યો. મૌન. થોડી ક્ષણ એ ડૉક્ટરના મોં તરફ જોઈ રહ્યો ને પછી એ રૂમની દીવાલો, છત અને બારીઓ જોઈ વળ્યો. જાણે એ કશું ખોળતો હતો. એને જે મેળવવું હતું તેના અંત એ ક્યાંય ગોતતો હશે. નહીં કહેવાનું એને રોકતી હતી, દબાવતી હતી. એની આંખો છેવટે જમીન તરફ વળી ને ત્યાં જ ઠરી.

'તમારું નામ—આ રહ્યું: મધુસૂદન પરીખ, બરાબર ને?' ડૉક્ટરે એના નામની કાપલી ટેબલની સામે ધરી. 'કેટલી ઉંમર છે, મિ. પરીખ?'

'અઠ્ઠાવીસ થયાં.' એણે નીચી નજરે કહ્યું.

'શું વ્યવસાય છે?'

'ચોપડા અને સ્ટેશનરી સામાનની દુકાન છે.' મિ. પરીખે કહ્યું અને પછી વાત શરૂ કરવાની તક જોઈ એણે કહ્યું, 'મેં સાંભળ્યું છે કે બાળકો ન થતાં હોય તો એવા કેસ તમે તપાસો છો.'

'બરાબર છે. તમે નિરાંતે બેસો. તમે જે કહેશો તે ખાનગી રહેશે. તમારી શી મૂંઝવણ છે?'

ફરીથી યુવાન મૂંગો થઈ ગયો. એણે ગજવામાંથી રૂમાલ કાઢી ગરદન લૂછી, હાથ લૂછ્યા, મોં લૂછ્યું. પછી જાણે નિર્ણય લીધો હોય તેમ ડૉક્ટર તરફ જોયું. એમની આંખોમાં જોઈ રહ્યો પણ એમાંથી શબ્દ સરખો નીકળતો નહોતો.

'જુઓને ભાઈ, તમારે જે કહેવું હોય તે બેધડક કહો. આપણે એનો ઇલાજ કરીશું.' ડૉક્ટરે એના ખભા ઉપર હાથ મૂક્યો. 'હું તમારા કરતાં બહુ મોટો નથી. મને તમારો દોસ્ત જાણી જે હોય તે કહો.'

આટલા હેતે યુવાન ગળગળો થઈ ગયો. મોં ઉપર રૂમાલ દાબી રાખી એ ઊભા થઈ ગયા—વિનામરણ ને ઓચિંતા.

'ડૉક્ટરસાહેબ, મારે—'

'હા, હા, શું કહેવું છે તમારે?'

'મારે, મારે બાળક જોઈએ.' એનો અવાજ તરડાયો. ડૉક્ટર ક્ષોભમાં... ચિંતામાં... પ્રેમથી એ કહેવા આવ્યો તો પણ મેં નથી... હવે દાબી રાખેલી—કોણ જાણે કેટલા દિવસો કે મહિનાઓ સુધી દાબી રાખેલી વાત નીકળી ગઈ હતી. એ પાછો ખુરશી ઉપર બેસી ગયો. જાણે એના પગ થાકી ગયા હતા.

'તમે લગ્ન કર્યું—કેટલાં વરસ થયાં?'

'બે વર્ષ થયાં.'

'તમારી તંદુરસ્તી તો સારી જણાય છે. પત્નીની તબિયત કેમ છે?'

'મારા કરતાંય સારી છે.'

'બંને વચ્ચે અણબનાવ તો નથી ને? એ તમને ગમે એવી છે?'

'બહુ જ—અમારા પ્રેમ લગ્ન છે.' મધુસૂદન પહેલી વાર મલક્યો. ફૂલ ઉપરથી પવનની લહેર વહી જાય એમ હરખની રેખા એના મોં ઉપરથી ફરકી ગઈ.

'એમને અહીં લાવી શકશો? તપાસવું જોઈએ.'

વળી પાછું મૌન. વળી પાછી એની આંખો ઢળી ગઈ. વળી પાછો એનો રૂમાલ મોં ઉપર ફરી ગયો.

'એમની સાથે બીજા કોઈ બેન આવે તો સારું.'



ક્ષોભ ના લાગે. એમના બા છે ?'
'છે મોટી બેન પણ છે
એમણે કોઈ ઉપચાર કર્યા છે ?'
મૌન
દાક્તર ઊભા થયા અને ટેબલને આંટો દઈ આગળ આવ્યા 'જુઓ ભાઈ, એમને તપાસ્યા સિવાય હું કે જાણ્યા વિના શું સમજવાનો હતો—'
યુવાન ઊભો થયો સુંદર કાઠીનો સશક્ત યુવાન હતો સરકારી પણ લાગ્યો
'પણ મારી વાત તો તમે—
'તો હું સાંભળીશ, પણ તે પહેલાં એમની વાત ઠીક લાગે ત્યારે અહીં આવજો' કહી દાક્તરે બારણું ખોલ્યું, બીજા દરદીને અંદર આવવા ઈશારો કર્યો ના છૂટકે મધુસૂદન ઊભો થયો એને ઘણું કહેવું હતું, પણ એ હજી બોલતો નહોતો. પૂરી વાત, એમ મનમાં ગોઠવી એ બહાર નીકળી ગયો
એની પત્ની માર્ગી
એ બહુ ચકોર હતી રૂપાળી તો હતી જ ભણવાનો ખૂબ શોખ હતો પણ છોડી દીધું હતું ઘરકામમાં પાવરધી હતી અને પાડોશીઓ એનાથી ખુશ હતા શી એની ઝડપ શી એની ચપળતા, શી એની સજાવટ! જ્યાં એનો હાથ અડે ત્યાં સુંદરતા રેલાતી કે કળામય નીપજતું
મધુસૂદન રાતે ઘેર પાછો ફર્યો ત્યારે એ ઠીક ગમગીની ખંખેરી નાખવા મથતો હતો દાક્તરની મુલાકાત માર્ગીને સમજાવવાની હતી પણ કહું—ના કહું—ની દ્વિધામાં એ રોજના સામાન્ય કામો કરવા ભૂલી જતો હતો માર્ગીએ એની ટોપી ખીંટીએ મૂકી, જોડા લૂછીને ઠેકાણે મૂક્યા એને હાથ મોં ધોવા સાબુ નેપકીન આપ્યા, ને પોતે ચા બનાવવા લાગી
એમ એ જમી રહ્યાં રોજના નિયમ મુજબ શેતરંજની એક બાજી પૂરી કરી ગામની દેરાની હકીકતોની ચર્ચા કરી પણ મધુસૂદનથી પેલી વાત ના થઈ તે ના જ થઈ છેવટે બારણું બંધ થયું ને સ્વીચ પણ ઑફ થઈ

'માર્ગી,' અંધારામાં મધુસૂદનની જીભ ઊપડી 'કોઈ વાર તારી મોટી બેનને મળવા જાય છે કે નહિ! એને તો અહીં આવવાનો ક્યાંથી સમય મળે?
નથી જતી ને જવું યે નથી' પથારીમાં બેસી માર્ગી બોલી
'કેમ કંઈ ગુસ્સો ચડ્યો છે?'
'ના, રે ના મોટી બેન સાથે હું શો ઝઘડો કરવાની હતી પણ હું જ્યારે જાઉં ત્યારે બસ એમની એક વાત ઉથલાવી ઉથલાવીને કરે છે એટલે મારે હવે જવું નથી'
'એવી તે શી વાત કરે છે?'
'છોકરાંની સ્તો' માર્ગીએ અંધારામાં પણ આંગળી કરી 'તું ગુંદર ખા ને તું પીરની દરગાહે ચાલ ને રામજી પોળમાં દોરા-ધાગા બંધાવ'
'મને કહે તો તરત જાઉં'
'તે જાણીને મેં ક્યાં ના પાડી છે
માર્ગી', ખરું કહે છે!' મધુસૂદન અડધો બેઠો થયો પણ માર્ગીએ એને પાછો સુવાડી દીધો
'એ તો ઠીક છે પણ તમેય જો આવી વાતો અહીં રહી કરવા લાગી જશો તો મારે ક્યાંય જવાતું નહિ રહે મારાથી તમારું મોં શી રીતે બંધ કરાશે! તમનેય આ વાત ક્યાંથી—' એણે બળાપો કર્યો
રસ્તા ઉપરથી માલ ભરેલા ચાર ખટારા ધમધમાટ કરતા નીકળ્યા એ પછી કોઈએ સિનેમાથી રેડિયોનું ગીત મોટે અવાજે વગાડવા માંડ્યું ચાલીસીનની તીખી સુરાવલિમાં રૉક'ન રોલ ચાલુ હતું
મધુસૂદન માર્ગીની મોટી બેનને મળી આવ્યો ને દાક્તરની વાત કહી એનું સરનામું આપ્યું
'બહુ હોશિયાર દાક્તર છે એના હાથે ઘણાં જશ છે, ભગવાનના આશીર્વાદ મળે છે એક વાર જો તમે માર્ગીને સમજાવીને લઈ જાવ તો—
'કેમ એ નથી આવતી? બહુ હઠી છે તો'
'તમે એને ક્યાં નથી ઓળખતાં? એને મેં કહ્યું જ નથી, તમારા ઉપર જ છોડ્યું છે તમે વાતમાંથી

વાત કાઢજો ને મેં કહ્યું છે એવું જરાય જાણવા ના દેતો. નહિ તો એ આવતી હશે તોય નહિ આવે.'

'જાવ જાવ, હું નથી જાણતી શું? તમારે માટે તો એ અડધી અડધી થઈ જાય છે... શું કામ કહું પણ બધા જાણે છે કે તમારી જોડ ભગવાને પૂરી મેળવી છે. કાંઈ છે આવું બીજું?'

'ના, બીજું કાંઈ એવું નથી!' મધુસૂદને નિ:શ્વાસ નાખતાં કહ્યું. ઉતાવળે ઉતાવળે આજે ગજવામાંથી રૂમાલ કાઢ્યો.

'અમીલાબેન, ત્યારે હું જાઉં? તમે જ અમારે ત્યાં કહી સમજાવશો. ને બનશે પણ એને કયાંય મારું નામ વચમાં ના લાવશો.'

ને અમીતા અને માર્ગી એક સાંજે ડાક્ટરના દવાખાને પહોંચ્યાં. અગાઉથી મધુસૂદને સમાચાર આપી રાખ્યા હતા. અમીલાને ચેતવી હતી એમ ડાક્ટરને પણ કહી રાખ્યું હતું.

'તમારે જે પૂછવું હોય તે બેનાને પૂછજો ને જો ઉપચાર લેવા પડે તે લેજો. ઓપરેશન કરવું પડે તો તેમ અને વધારે તપાસ માટે બીજા ડાક્ટરને કન્સલ્ટ કરવા પડે તો તેમ.'

'તમે સાથે જ રહેજો ને મી. પરીખ.'

'ના આજે તો ના.' મધુસૂદન ચોંક્યો. 'તો તો એ ઊઠીને અહીંથી ચાલવા જ માંડે ને.'

'શરમાળ છે?'

'ના એ છે તો સીધું મોઢે એવી પણ—' અને વળી પાછું એનું મોં ફિક્કું પડી ગયું. ડાક્ટરે જોયું કે કોઈ લાચારી એને સતાવતી હતી. 'શું હશે?'

'ભલે, મી. પરીખ. તમે બહારના ખંડમાં બેસજો. આપણે પછી વાતો કરીશું—તપાસ્યા પછી, બસ?'

'ને ભાઈસાહેબ, ના એ દિવસે હું આવીશ જ નહિ. અને દયા કરીને તમે એને જણાવતા નહિ કે હું તમને મળ્યો છું. નહિ તો એને લાગશે કે મેં વળી કાવતરું રચીને—'

વચલાની વાતમાં કાવતરું કેવું! ડાક્ટર હસ્યા. પણ એમના હસવાથી મધુસૂદનને ના લાગ્યો. ડાક્ટરે એને વિશ્વાસ આપ્યો ને બીજા દિવસે મળવા કહ્યું.

માર્ગીને લઈ અમીલા દવાખાને ગઈ ત્યારે બપોરના ચાર થયા હતા. બીજા દરદીઓ વિદાય થઈ ચૂક્યા હતા. એમને પાંચ જ મિનિટના ડાક્ટરની મુલાકાત પછી અમીલાએ માર્ગીનું ઓળખાણ કરાવ્યું. એના વ્યવહારની સંભાવની હોશિયારીની વાતો કરી.

'એ તો જણાય એવું છે' ડાક્ટરે પ્રશંસામાં માર્ગી તરફ જોઈ કહ્યું. એનું તંદુરસ્ત શરીર, સ્વસ્થ શાંત ભાવ, ઉદાર આંખો, સુઘડ પોશાક, એ બધામાંથી માર્ગીનું વ્યક્તિત્વ દેખાતું હતું. એનો પ્રભાવ પડતો હતો.

'એનો શું પૂછવું છે?' માર્ગીએ જ ડાક્ટરને સવાલ કર્યો.

'... મિસિસ, અમીલાબેન તમને કાંઈ માંદગી જેવું છે? કોઈ ખાસ બાબત? તો જુઓ તે બહારના ખંડમાં છે કે—'

માર્ગી હસી. અમીતા ચૂપચાપ ઊઠીને બહાર ગઈ. ડાક્ટરે એક ફૉર્મ ખેંચ્યું ને ઉપર માર્ગી પરીખનું નામ લખ્યું.

'ઉમ્મર?'

'ત્રીસ પૂરાં થયાં. પાંત્રીસમું બેઠું.'

'લગ્ન ક્યારે થયું?'

'બે વર્ષ પહેલાં.'


કેવી રીતે થયું? એટલે કે માબાપે ગોઠવ્યું કે ભણતાં હતાં ને ભેગા મળ્યાં કે કોઈ જાહેર પ્રવૃત્તિ કરતાં ઓળખાણ થયું—'

'એની જરૂર છે?'

'જરૂર તો નથી. પણ વાંધો લાગે તો—'

'ના ના વાંધો નથી! અમે બંને લગ્ન પહેલાં ઘણાં વર્ષથી ઓળખતાં હતાં. અમે જ નક્કી કર્યું હતું.'

'પણ' ... ડાક્ટર ઊભા થયા. એને બાજુના ખંડમાં પડદો રાખીને એમનો તપાસવાનો રૂમ હતો ત્યાં




ઓજારોનુ કબાટ ચળકાટ મારતું હતું. પથારી ઉપર સફેદ ચાદર પાથરેલી હતી વીજળીનો દીવો જે રીતે ગોઠવેલો હોય એ રીતનો બેઠકમાં ગોઠવેલો હતો એમણે દરદીને અંદર જવા માટે પડદો સહેજ ખેસવીને નિર્દેશ કર્યો

માર્ગી ઊભી થઈ પણ એ આગળ ના વધી. 'તમે તપાસવાના છો એ તો હું જાણું છું નહિ તો અહીં સુધી આવત કેમ પણ રહેવા દોને '

કેમ એમ ? તમે બહુ નિરાશ થઈ ગયેલાં જણાવ છો. હજુ તો એ જ વર્ષ લગ્નને થયાં હજુ તમારી ઉમ્મર છે એમ તારી જવાની જરૂર નથી શી ખામી છે એ ખબર પડે તો એની દવા થાય ડાક્તરે જણાવ્યું

'થઈ રહ્યું ?' માર્ગીએ હાથ છટકારીને એ વિચાર જ જાણે ફેંકી દીધો

'જુઓ ડાક્તરસાહેબ મારે દવા બવા કાંઈ નથી કરાવવું '

'પણ કેમ ? સંતાન થાય તો તો તમને ગમે ને !

'ના, નહિ ગમે ' માર્ગીનો અવાજ બુલંદ થયો એણે ડાક્તરની વિસ્મય પામતી આંખો આગળથી હથેળી ફેરવી—ખૂબ મક્કમતાથી 'મને એ જરાય નહિ ગમે હું આવી તે મારી બહેનને રાજી રાખવા—એના ટકટકારાથી બચવા, એને હું છેતરું પણ તમને શું કામ ભળતી વાત કરું '

ડાક્તરની મુઠ્ઠીએ પડદાને જોરથી પકડ્યો 'શું ખરેખર તમારે સંતાનની ઇચ્છા નથી ! આવી આ તો મે પહેલી જ જોઈ માર્ગીબેન, પુરુષો તો મેંય જોયા છે કે સંતાન ના ઇચ્છે એમને એમની જંજાળ ના ગમે કે ઉપાધિ ના હોવે કદાચ એ લોકો જવાબદારી ઓછી કરતા હશે પણ સ્ત્રી ? સ્ત્રી તો બોલો પાથરીને દેવની પ્રાર્થના કરે છે કે પુત્ર દે પુત્ર કે પુત્રી આપવાં એ તો ભગવાનના હાથની વાત છે પણ કોની ના પાડવી એ નહિ ગમે એમ કહેવું—કોઈ સ્ત્રી માટે વ્યાજબી હોય એમ હું માનતો નથી '

ડાક્તર ધીરે ધીરે પાછા ખુરશી ઉપર બેઠા ટેબલ ઉપરના પ્યાલામાંથી એમણે પાણીના બે ઘૂંટડા ભર્યા ને હાથમાં પાછી પેન લીધી

'ત્યારે શો વિચાર કર્યો, માર્ગીબેન ?' એ જરી આગળ ઝૂક્યા 'જે વિચાર કરો તે ગભરાયા વિના કરજો આ કોઈ સાધારણ બાબત નથી હું પૂછું તમને કે કેમ સંતાન નથી જોઈતું ! કશી બીક પડે છે—

'ના ના બીક શેની ?'

ના, લાગે કદાચ, કદાચ તમને એમ હોય કે કેમ એનો ભાર ઉપાડશો, કેમ લોક આગળથી છુપાવી શકાશે, કેમ પ્રસૂતિ થશે એ વેદના કેમ વેઠાશે એમાંથી જીવાશે કે મરી જવાશે ? એ સુખ અવતરે તો એનું લાલનપાલન કેવી રીતે થશે ! એ માડું સાજું રહે ત્યારે કોણ—'

માર્ગી રડી પડી એની આંખમાંથી આંસુ ટપકવા માંડ્યાં પાલવ વડે એ લૂછવા ગઈ ત્યાં ડૂસકાં શરૂ થયાં એનું આખું અંગ ધ્રૂજી ઊઠ્યું ડાક્તર વિચારમાં પડ્યા એમણે એવી તે શી ભૂલ કરી કે આ સ્ત્રીને આઘાત લાગ્યો એમનું ઊઠીને બીજા પ્યાલામાં પાણી લાવી આપ્યું

'લ્યો, માર્ગીબેન પાણી પીઓ મને શી ખબર ? બાળકની ના ઇચ્છા હોય તો— માર્ગી આંસુ લૂછી ટટ્ટાર બેઠી

'બાળક કોને ના જોઈએ ! મને, જોઈએ, ડાક્તર સાહેબ પણ હું શું કરું ? તમને કેમ કરીને કહું ? શારીરિક ખોડ નથી મને કે નથી એમને એ વાત હું બરોબર જાણું છું પણ એ વાત ગઈગુજરી થઈ હવે શા માટે સંભારવી ?' એણે ડાક્તરને સામે સવાલ કર્યો

ડાક્તર સહાનુભૂતિથી જોઈ રહ્યા કંઈ બોલ્યા વિના એમણે પાણીનો પ્યાલો લાવી એની સામે ધર્યો

'સંતાનની કુદરતી ઇચ્છા હોય એ જ સ્વાભાવિક છે ના હોય તો જ વિચિત્ર ગણાય એવી ઇચ્છા મારા પતિને છે ને મનેય છે અને તેમ છતાં—



'એવું શું છે માલીબેન ! હું તો આ કારખાનામાં ઘણું નાનો છું જોડે છું — એમની ખોટ લાગવાનું છું પણ તમારી તો કોઈ જુદી જ વાત છે. જાણે કે કે મહેનતી ... નથી — પણ તેમ છતાં તેં ... રાત તો કરો. શું રહસ્ય છે ? કેમ આવ્યાં છો ? તમારે મન ઉપરથી થોડો ભાર હળવો થશે તો મને ચોક્કસ અનુભવ મળશે. સમજું છું કે મિત્ર તરીકે ઉપયોગી પણ થઈ શકીશ !'

માલીના માથેથી લુગડું સરી ગયું હતું. એનો મોટો અંબોડો એની પાછી ડોક ઉપર ઢીલો ઝૂલતો હતો. એની પાછી ગરદનમાં સિંદૂર રેખા જેવો પ્રભાવ પડતો હતો. નલમ કે ગામમાં એકેય આભરણ નહોતું ને ચપટાના ટૂંપ જેવી કુમાશ અંગે પથરાતી હતી. કુદરતી વાળની એક લટ સરખી કરવા એણે હાથ ફેરવ્યો ત્યારે લાગ્યું કે એની સાથે ... ઉપર ચીરી નહોતી કે કદી પગાડી કે ... ચાળ સ્વચ્છ નહોતી. આવી આછી દેખાતી માલીના ભાવ ચુકી જતા હતા કે હજુ પરણેલ હશે એવો હશે ?

'હમીદાબેનની આ ... ?'

પણ માલીએ ના પાડી. એણે પાણીનો ગ્લાસ ભરી ધીમે ધીમે ભર્યા. 'તમને આવવાને રૂપ દીધું છે માલીબેન તમને પ્રેમ પણ મળ્યો છે. ગયો નથી એનું તેવું જ ! બહુ થોડાના ભાગ્યમાં આવું સુખ મળે છે. જોકે તમારા સુખની આડે આવી કરતા નથી કરે છે તે ?'

માલીએ હા પાડી. પહેલી જ વાર એ મોઢું મલકી: 'તો પછી મેં સુખો પૂરાં થતાં હો એમ પણ આવતા મેં તો તમારી બીજી સમસ્યાઓ હતી જેનો ઉકેલ ... શી લાગે.'

બગીચા તો હતું. કામ ... માલીની આંખ સામે જોઈ રહ્યા. ... વળી મારે ... પડ્યું. એવી લાગણી એની જ ... એટલી જ કરુણા—

હે ! કોણ તમારા પતિની ?'

હા. એવા તો અમે એકબીજાને ઓળખતા થયા ત્યારથી ... ... તો ... વાત અને ગામના ... ... ને ... મનને એકતા બાંધી ... અને એના સાથે એના છે.

ત્યાં પાછા મેળો ... ... હાથ ... નિર્ણય જાણીને ... પાછી પોતા પોતાના એમનું દિવસ પરણ્યા ... જોયું કે ... એક પતિને ... ... એની તરફ વળી.

ત્યારે અમને ભાન થયું. એણે ... ઉપર મૂક્યો 'પણ મને ... ... એ વાત કરી ત્યારે મેં ... વધામણી ... અમારા પ્રેમને ... ત્યારે અમે અને પરસ્પરની ... ... પણ— ... એ નહોતું !

શું કબૂલ નહોતું ? લગ્ન ?

... એ ... તો ... પણ મને ... પહેલાનું ... ... મેં ઘણું સમજાવ્યા ... પણ આપી. એ ... હતી તો ... ... એમને તો ... ... ને એ માટે એમનો ... કોઈ આગ્રહ ... અમે ... ... પણ એ કેમ ... ન ... નહિ ?'

'હા, પછી ?'

... ... જેમ અને એનું ... ... નહોતી ... ...

દુનિયા મને હસતી હોય એમ લાગતું. એવામાં અમારે બન્નેને ફરી એકવાર મળવાનું થયું ત્યારે એ કહે

'માર્ગી' હજુ શું મોડું થયું છે? હું કે તું એકબીજાથી જુદા રહી શકવાનાં નથી. પછી શીદને જીદ લઈ બેઠી છે? તો મોજીનીને હું કેમ કરી પરણી શકીશ? ને પસાર થઈ જશે તો પછી ક્યારેય આપણે ભેગાં નહિ મળી શકીએ.

'મેં કહ્યું હું આનો ત્યાગ ના કરું તો શું તું મારો ત્યાગ કરશે?' અને એ મક્કમ હતા. એમના કોઈ મિત્રના કિસ્સામાં એવું બનેલું ખરું કે જે છોકરીને એ પરણેલો તેનો પ્રેમ વળી બીજા જોડે થયેલો અને પહેલાનો ગર્ભ એને પોતાના તરીકે સ્વીકારવો પડેલો. કે પછી આવો સરય માત્ર પણ હોય એવા મેં એમની ફરી એક વાર યાદ દેવડાવ્યું

અમીર—હું એમને અમીર કહું છું—અમીર તોય ફરી શકો છો ખરી?

'એમણે ના પાડી. મને પૂરો વિશ્વાસ દીધો. પણ બીજાનું શું? એ શમતો કરશે જ ને! એમણે ધાર્યું કે આમાં આવીને કોણ પૂછવાનું હતું? ને કોની પાસે જઈ એમણે ખુલાસા કરવાના? એ કરતાં તે ગર્ભનો નિકાલ કર્યો પછી જ પરણવું. એમણે ઉચિત ગણ્યું

સૂર્યનો તડકો હવે એના ઉપર પડવા માંડ્યો હતો એટલે દાક્તરે ઊઠીને બારીનો પડદો પાડ્યો. હેઠળથી ફરી જ ગાથી ગરમીથી એના લાલ થયેલા મો ઉપર પડદાની પટ્ટીઓની સીધી રેખાઓ પડતી હતી અને એના દિલની દ્રઢતાની ને પવિત્રતાની ઝાંખી રેખાઓ જુદી પાડી ધ્યાન ખેંચતી હતી

'ને પછી તમે એની ખાતર બાળક તજી દેવા તૈયારી કરી નહિ?'

'બીજું શું કરું? તમે જ કહોને મારે એક ભવમાં બે ભવ કરવા હોતા. એને તરછોડી દઉં તો મારી મુશીબતને પાર ના રહે. મારે તો પતિ કે સંતાન—એમાંથી એકની પસંદ કરવાની કપરી કસોટી આવી ને એમાં બાળકને જતું કરવાનું મેં કબૂલ્યું. અમે બન્ને તમારા સરખા એક સજ્જન ડૉક્ટર કને ગયા. એમણે વિનયપૂર્વક પણ ચોખ્ખી ના પાડી. ત્યાર તો અમીરે પતિ તરીકે જ વધુ કર્યું પણ ડૉક્ટર ના માન્યા. પછી એક લેડી ડૉક્ટરને મળ્યા. એણે પણ એવી જ સલાહ આપી. ઊલટે કોઈક તો ભરી જ ગયેલાં ને ગામ છૂટકારો મેળવી હું ઘેર ગઈ

અને પછી લગ્ન થયાં. એનો જ જોટો? એ માગો એટલું ખારું નહિ ને?'

'નહિ તો શું વળી, ઊલટ ખાસ એની જ ખાતર મેં સંતાન નહોતું તજી દીધું? તે પછીયે શું એ મને તજી દેત? ના, દાક્તર સાહેબ અમીર એવા તો નથી. પછી અમે પરણ્યાં ને હું ઘર છોડી, અમારા ઘેર ગઈ નચિંત બની ઘર હતી?

કાંઈ રાંધ્યા નહોતો ત્યારે ખૂબ કાળજી લીધી હતી ધાર તો અમે બન્ને ભગી પહેલેથી સમજ્યું હતું પણ પત્ની તરીકે મેં એમાં પગ દીધો તે ઘોણ ક્યાંક મારા શરીરમાં કંપારી છૂટી. તે દિવસે અમીરે ઘણી ઘણી વાતો કરી કહે કે

'માર્ગી' આપણો ઉત્તરાખંડની યાત્રાએ નીકળીએ તું કહે ત્યાં જઈએ. નૈનીતાલ મસૂરી સીમલા કે કાશ્મીર

મેં કહ્યું ઘણાય દિવસો છે જવા રાં પણ મેં ને ઉત્તર વળ્યું હતી એ કહે કે સંતાન થયા પછી જઈશું તો એટલી મજા નહિ આવે. એણે તો મારી ખાતર કહ્યું પણ સંતાનની એટલી વાતે મારો જીવ અમળાઈ ઊઠ્યો. બધું યાદ આવ્યું અને જાણે આજે ફરીથી એ તજવી હું કે ગોરી વેદના થઈ મારું મન ખારું ખારું થઈ ગયું

પછી મેં એનો ઘણો મનાઈ ઘણી રીઝવી પણ એ રાતથી તે આજ સુધી મેં એની એક વાત નથી જ કબૂલ રાખી તે નથી જ રાખી. બસ તેમ આખી જિંદગી આમ જ વીતે એ ને રોજ મારે એની કાકલૂદીઓ ગમતી પડે. હું નથી માનતી દાક્તર



સાહેબ ને નહિ જ માનું.'

દાન્તને મન તો આ ધડાકો જ હતો. એણે પૂછ્યું, 'કેમ?'

'બસ આટલી મારી વાત છે. એ મને પૂછ્યા વિના [illegible] નું પણ અંગીકાર વાત [illegible] પણ [illegible] સાથે [illegible] સમજ્યાં નથી. અમારા બન્નેનો ભૂતકાળ એક છે [illegible] એ અત્યારે [illegible] એ [illegible] અંતર છે તે કેમ જ [illegible]

એ વાત તું [illegible] તો?'

'અભણ, દાક્તર!' માર્ગરેટ બોલી ઊઠી, 'નહીં તો તમે આવી [illegible] બહાર [illegible] આટલો [illegible] તો મારી [illegible] માર્ગ [illegible] નથી એવું [illegible] નિયમ [illegible]

'પણ એ [illegible] એમ જ ને!' દાન્તના [illegible] ઉપરની [illegible] માર્ગ [illegible] ઉપર [illegible] લેવી છે? પણ [illegible] ગુરી વહીએ? એ સત્ય તું [illegible] તો [illegible] તન જ [illegible] છે [illegible] એ [illegible] [illegible] છે, એમાં [illegible] છે [illegible], શેજ રોજ એના [illegible] પીતા છે.' આ [illegible] માર્ગ [illegible] એમની [illegible] ઉપર [illegible] પડી

માર્ગ હવે [illegible] નહોતી [illegible] અદૃશ્ય થયા [illegible] તો [illegible] કોઈ [illegible] સ્વરૂપ [illegible] પી લઈને [illegible] [illegible] એના [illegible] એ [illegible] એને [illegible] નહોતો [illegible] નહોતો [illegible] એને [illegible] હતો [illegible] હતો—પણ [illegible] જઈને [illegible] હવે એ ફરીથી [illegible] નહોતી.

માર્ગ, એ વાત પૂછું?'

'પૂછોને [illegible] મન તમારી [illegible] ને [illegible] નથી? તમેય [illegible] એના [illegible] [illegible] દેખાયું.

[illegible] એની માર્ગ [illegible]

[illegible] નહિ [illegible] ના બને [illegible] મને [illegible] એને [illegible] તે એ [illegible] નથી [illegible] પડી [illegible]

[illegible] માર્ગ [illegible] મનનિયમનથી [illegible] પણ [illegible] [illegible] બને? તે [illegible] ખૂને તો એને [illegible]?

[illegible] ડૉક્ટરની [illegible] આ [illegible] નિર્ણય [illegible] તો [illegible] અને [illegible] [illegible]

'[illegible] તે [illegible] ને [illegible] [illegible] નહીં [illegible] તે [illegible] તમને [illegible] નથી નહિ તો તમને એમ થાય [illegible] જ [illegible]?'

[illegible] પાસે [illegible] અને [illegible] નિર્ણય [illegible] હેતુ [illegible]

[illegible] ને એમ [illegible] એણે નિશ્ચય કરી [illegible] એ [illegible] પણ કરી

[illegible] [illegible] તો [illegible] એને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જઈ [illegible] એક [illegible] જવાબદારી [illegible]

'[illegible] પૂછ્યું નમે તો [illegible]

દાક્તર એને [illegible]

તે તો [illegible]

[illegible]

'ઇનામ શેનું ?' દામ્પર રડવા, 'ઇનામ મિનામ કાંઈ નહિ મારાથી તમેય શા માટે છુપાવો છો ? માફ કરજો મા પરીખ પણ મારી બેનને મારી આગળ બધી વાત કરી છે એટલે હું સમજું છું—બરોબર ને મારી વાત એમણે સાંભળી છે—પૂરા ધ્યાનથી હવે જોઈએ શું થાય છે તે !

'પણ તમે કહ્યું ને હું ભાગ્યશાળી તે શાનો ?

શાના તે વળી આવી પત્ની મેળવવા બદલ તો મી પરીખ, જિંદગીમાં અભિનંદન છે, એની મને ખબર હતી. પણ એ આનું તીવ્ર ને જ્વલંત હોઈ શકે તે તો હવે જ જાણ્યું પછી એમણે ટૂંકમાં વાત કહી ને જતી વેળા બે શબ્દો સલાહરૂપે પણ કહ્યા

'જાઓ મી. પરીખ સ્નેહ કરો, ભક્તિ કરો કદાચ એ રીઝશે આટલું છે તમારે કે સજ્જનનો કાળ ફરીથી ભજો એ ખૂબ માણજો, એની લિજ્જત સૌન્દર્ય કરતાં ઓર છે'

મધુસૂદને એ શબ્દો સાંભળ્યા ત્યારે જીભ સુકાઈ ગઈ ગર્ભિત ટોક બગાડતાં હતા ગળું શોષાતું હતું લથડતે પગે એ ત્યાંથી બહાર નીકળ્યો ને પહેલાંની જેમ એનો સમાર ગમકવા માંડ્યો માર્ગી હવે એના ઉપર જે હેતપ્રીત વરસાવે છે તને એમાં પાના ટુકડા દેખાય છે હવે એ માર્ગી પાસે ભિક્ષા માગતો નથી એ સમજી ગયો છે કે જેનું મર્મ ઘવાયું છે એના ઘા ઉપરથી પાટા ઉખેળવા લાજમ નથી

ત્યાં દહાડે ડાક્ટરના હાથમાં એક કવર આપ્યું એ માર્ગીના ચીઠ્ઠી હતી એણે લખ્યું હતું

ડાક્ટરભાઈ તમે તો ઘણું કર્યું, હવે કે વિશેષ કરવાની જરૂર નહિ રહે. મારી જેમ અમીર પણ એ વાત ગળી ગયો છે ઈશ્વર કરે ને અમે બંને એમાં સહુ નીવડીએ તમારો ઉપકાર નહિ ભૂલું

તમારી બેન, માર્ગી



મારો પુત્ર અવકાશ જહાજમાં ઊડી રહ્યો છે એવી જ્યારે મને ખબર પડી ત્યારે મારે કબૂલ કરવું જોઈએ કે હું મારાં આંસુ ન રોકી શકી ત્યાર પછી જે કાંઈ બન્યું—મોસ્કોમાં એનું અપૂર્વ સ્વાગત રેડસ્કવેરની સભા ક્રેમલિનમાં સ્વાગત વગેરે જાણે સ્વપ્ન હોય તેમ લાગતું હતું એ દિવસ અમારી આંખ સામેથી અમારું સમગ્ર જીવન પસાર થયું યુરી સાત વર્ષનો હતો ત્યારે બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. અને અમારા માટે ભયંકર વખત આવ્યો હું બાળકો સાથે એક માટીના ઝૂંપડામાં રહેતી હતી. કારણ કે નાઝીઓએ અમારા સામુહિક ખેતરને જિનમેદાન કરી નાખ્યું હતું એ લોકોને એમના ઘરમાંથી હાંકી કાઢ્યા હતા ૧૯૪૨માં અમારા કુટુંબ પર એક ભારે આફત આવી નાઝીઓ યુરીના મોટા ભાઈ અને બહેનને પશ્ચિમ ભણી ઉપાડી ગયા લડાઈ પૂરી થઈ ત્યારે પછી જ અમને ખબર પડી કે સોવિયેત સૈનિકોએ એમને મોતની છાવણીમાંથી બચાવી લીધા હતા


નાના યુરીએ ભૂખ અને ટાઢ બંને જોયા હતા મોલેન્સ્ક પ્રદેશમાંથી જેવી નાઝીઓની હકાલપટ્ટી થઈ કે તુરત જ શાળાઓ શરૂ થઈ અને યુરી નિશાળે જવા લાગ્યો પોતાના ફાજલ સમયમાં તે વર્કશોપના બાંકડા પર બેસી વિમાનો અને સ્પાઈડરોના નમૂના બનાવતો તેમજ પોતાના શિક્ષકને શિક્ષણનાં સહાયક સાધનો તૈયાર કરવામાં પણ મદદ કરતો

નાનપણમાં યુરી રમતગમતમાં સારો એવો રસ લેતો વરફ પીગળતાં જ એ નદીમાં તરવા પડતો એને ફૂટબૉલ અને વૉલીબૉલનો પણ શોખ હતો

યુરી કોઈ અમીર ગાગારીનનો વંશજ છે એવા અમેરિકાથી વહેતા થયેલા સમાચાર જાણીને અમને ખૂબ રમૂજ થઈ હતી ના અમે અમીરોના વંશજ નથી. અમારું બેઠી કામદારો અને કિસાનોનું છે કે જેમણે ઝારશાહીને જ નહિ પણ સમગ્ર જાગીરદારીને ઉથલાવી પાડી હતી

અન્ના ગાગારીના (યુરી ગાગારીનની માતા)





આ બાળકો નાના હોય છે ત્યારે કેવા સુંદર હોય છે! તેમનું નિર્દોષ હાસ્ય, નિર્દોષ વાતો, તેમની કાલી કાલી ભાષામાં સાંભળી આપણે આનંદ પામીએ છીએ. લાડ લડાવીએ છીએ અને ગર્વ પણ લઈએ છીએ પરંતુ એ જ બાળકની કાળજીમાં ગમે તેમ બોલતા, ક્યારેક તેને મારતા, ધમકાવતા વિચાર પણ નથી કરતા એ વખતની આપણી વાણીમાં જે કઠોરતા હોય છે તેની બાળક ઉપર શી અસર થતી હશે તેનો કદી પણ ખ્યાલ કરતા નથી આપણે નાના બાળકને અણસમજુ અને ક્યારેક અણઘડ સમજીએ છીએ એટલું નાનું બાળક,—તેનામાં સમજશક્તિ જ ક્યાંથી હોય? સારું નરસું પારખવાની શક્તિ ન હોય એટલે ગમે તેવું બોલીએ છીએ અને પાછા ભવિષ્યમાં તે સારો માણસ બને એમ મનથી ઇચ્છીએ છીએ

બાળઉછેરમાં માત્ર ખાવાનું પીવાનું અને સારાં કપડાંની જ એટલી જરૂર નથી બાળક તો કુમળું હોય છે અને ખૂબ જ લાગણીવાળું હોય છે તેને પ્રેમથી રીતે સમજાવવાની જરૂર છે મોટા માણસની માફક તે પણ સ્વમાનપ્રિય છે, તેને નાની નાની બાબતમાં સમજાવીને કામ લેવાને બદલે ધમકાવવાથી, તિરસ્કારવાથી તે મનમાં ને મનમાં બળ્યા કરે છે ઘરમાં તેની કિંમત નથી, કદર નથી, વધારાનું છે એવું તેને અવારનવાર લાગ્યા કરે છે, દુભાય છે અને તેના મનમાં અમુક ગ્રંથિઓ બંધાઈ જાય છે ક્યારેક એની અસર બાળક ઉપર એટલી બધી થાય છે કે મોટું થયા પછી જાણ્યે અજાણ્યે પણ તે કોઈ વિચિત્ર, જેને આપણે ખરાબ માણસ કહીએ છીએ એ કોટિના બને છે અને જાણ્યે અજાણ્યે પોતાને ન ગમતી વ્યક્તિઓ ઉપર છૂપું વેર લે છે આનું કારણ પછી તો સમજાતું નથી અને બાળક—વ્યક્તિનો જ દોષ કાઢીએ છીએ એટલે વડીલોએ એ ભૂલવું ન જોઈએ કે બાળકને પણ 'સ્વમાન' હોય છે એ સ્વમાનને બાળક મોટેરાઓ જેટલું જ વહાલું અને મહત્ત્વનું ગણે છે એના સ્વમાનને ક્યારેય હણવું ન જોઈએ કે દબાવી દેવું ન જોઈએ બાળકની એ જ સાચી મહત્તા હોય એ મહત્તા આપણે મનથી સ્વીકારીએ છીએ તો ય ઘણી વાર એને અમલમાં મૂકી શકતા નથી એટલે જ ફક્ત બોલીને બતાવવા કરતા એને ક્રિયાત્મક વહેતી મૂકવી જોઈએ


ઉછેરમાં દ્વેષ

કુટુંબમાં નવુ બાળક જન્મે એટલે આનંદ તો થાય જ તેની મા પણ ખુશખુશાલ હોય અને તેમાંય કુટુંબની વ્યક્તિઓનો આનંદ જુએ એટલે વધુ કુટુંબને રીઝવવા પણ બાળક એક હાથો બને. અને તેને કારણે જ ઘણીવાર તો બાળકનો મરો થાય.

નીતા અને રીટા બન્ને કાકા–કાકાની છોકરીઓ—બહેનો હતી નીતા કરતા રીટા બે વર્ષે મોટી હતી નીતા પાચ વર્ષની થઈ એટલે તેને બાળમંદિરમા મૂકી. બાળમંદિરમાં તો બાળકને ગમે તે રીતે રમવાનુ હોય અને તેમાથી જ ભણવાનું હોય રીતસર સ્લેટ–પેન લઈને તો નગ્ન એકડો ઘૂંટવાનો ન હોય. નીતાની માતા કૈલાસબહેનને જલદી જલદી ભણાવવાની ખૂબ હોંશ હતી નીતાને કઈ આવડતું નથી એવુ તેના મનમાં થયા કરતું હતું. જ્યારે નીતાને સ્લેટ લઈને એકડો ઘૂંટવાનું ગમતું નહોતું. રોજ સવારે કૈલાસબહેન નીતાને મારીને, ધમકાવીને એક કલાક ભણવા બેસાડતાં અને આંક શીખવતા

રીટા નાની હતી અને બાળમંદિરમાં જતી હતી ત્યારે પણ સ્લેટ-પેન લઈને એની મેળે રમતી. અને કઈક કઈક લખ્યા કરતી, એટલે ઘરમાંથી જેની પાસે જાય તે તેને શીખવતા. ધીમે ધીમે છાપું કે કઈ પણ વાંચવાનું જુએ તો જેટલું આવડે તેટલું વાંચે અને પૂછતી જાય એને કુદરતી જ રસ હતો એટલે તે થોડું જલદી શીખી શકી કૈલાસબહેન રીટાનો વિકાસ જોઈ મનમાં બળતાં હતાં એટલે નીતાને તે ધમ. જલદી હોશિયાર બનાવવા ભણવા બેસાડતા હતાં. ક્યારેક રમતમાં હોય કે ભણવા બેસવાની તેની ઇચ્છા ન હોય ત્યારે નીતા ગણકારે નહિ. કૈલાસબેન મારતાં પણ ખરા અને કહેતા કે 'રીટા કેવી હોશિયાર છે અને તું તો ડોબું જ રહીશ.' આમ મારી, ધમકાવીને નીતાને કૈલાસબહેને આંક, કક્કો કડકડાટ શીખવી દીધાં અને 'મારી નીતા નિયમિત ભણવા બેસે છે અને મારુ કહ્યુ જ માને છે' એમ કહી બીજાની આગળ ગૌરવ લેવા લાગ્યા.

નીતા મોટી થતી ગઈ પણ એના મનમા એક એ પેસી ગયું કે બા કહેશે તેમ નહિ કરું તો માર પડશે અને રીટા કરતાં વધુ હોશિયાર થવાનું, નહિતર ડોબું કહેવાઈશ. પણ સાથે સાથે તેને એમ થાય કે રીટા પણ રમવા જાય છે તો એની બા એને કેમ ધમકાવતા નથી અને મને જ મારી બા કેમ ધમકાવે છે? કેટલાક પ્રશ્નો એના મનમાં ઘર કરીને બેઠા અને ધીમે ધીમે તેનામા દ્વેષ ઉદ્ભવ્યો રીટાની સામેની જાત જાતની ફરિયાદ ઊભી થવા માંડી અને ઘરમાં આને કારણે કકાસ શરૂ થયો. શાંતિથી કોઈ નીવેડો લાવી શકાયે નહિ. નીતાનો પદ્ધતિસર થયો જોઈએ તે વિકાસ પણ થયો નહિ. કારણ કે વાંચવા બેસે ત્યારે પણ તેના મનમાંથી રીટા પ્રત્યેનો દ્વેષ તે દૂર કરી શકતી નહોતી. એટલે વાંચેલું યાદ રહેવાને બદલે ન વાંચેલા જેવું જ રહેતુ અને વાંચતી વખતે બીજા જ વિચારોમા અટવાતી



હાથના કર્યા

દરેક વ્યક્તિમાં ખુમારી હોવી જોઈએ અને પોતે એમ માને કે બીજાએ એ પણ માને અનુસરવું જોઈએ તો તે બીજાના સ્વમાન ખાતર પણ વધુ પડતું કહેવાય

પન્નાબહેન એમના જમાના પ્રમાણે ઠીક ઠીક ભણેલા હતા પરંતુ નાનપણથી તે સ્વતંત્ર મગજના અને સ્વમાની હતા લગ્ન પછી પણ એવા કુટુંબ વચ્ચે હતા કે તેમની સ્વતંત્રતા જળવાઈ રહી તેમનામાં બુદ્ધિ અને આવડતની સાથે સ્વાવલંબીપણું પણ હતું પોતે ધારે તે રીતે કુટુંબમાં બધું કરાવી શકતા રસોઈ અને ભરત-ગૂંથણમાં તેમની વિવિધતા જોઈને બીજાને શીખવાનું મન થતું એવો જ રસ એમનો વાચન પ્રત્યે હતો શોખીન પણ હતા એટલે જાતે વાનગીઓ બનાવીને પણ શોખ પૂરો કરતા

આટલું બધું હોવા છતાં પન્નાબહેનમાં એક મોટો અવગુણ હતો સ્વભાવે તીખા હતા અને કોઈનું કર્યું તેમને ગમતું નહિ એમને ગુસ્સે થઈ જતા ઘરની વ્યક્તિઓ તો પણ સહન કરી લે પણ બહારની વ્યક્તિઓ તો શેની દબાય ? જરૂર પડે બીજાની મદદ લે પણ તેનું કામ ગમે જ નહિ એટલે બીજી વ્યક્તિ પણ જેમ તેમ બોલવા માંડે ખૂબ જ સારો સંબંધ બાંધી શકે પણ એટલો જ જલદી તોડી પણ શકે થોડા સમયમાં જ તેમના સ્વભાવથી પરિચિત થતા સૌ કોઈ તેમનાથી દૂર રહેવા જ પ્રયત્ન કરે આટલી આવડત સાથે પણ બીજાનો પ્રેમ જીતવાને બદલે તે ધૃણા જ મેળવી શક્યા

તેમના સત્તાધીશ સ્વભાવે કુટુંબમાં પણ અણબનાવ ઊભો કર્યો ખુદ તેમના બાળકો તેમના ન રહ્યા અને બાની બનો કાઢવા લાગ્યા કારણ બાળકો તેમના જ હતા અને વારસામાં મેળવેલો સ્વભાવ—સ્વતંત્ર મગજ પણ તેમનો જ હતો એટલે સામે થવામાં બાકી ન મૂક્યું આમ પન્નાબેનમાં આવડત હોવા છતાં સ્વભાવદોષને કારણે કોઈને પોતાનું કરી શક્યા નહિ નહિ એમના જીવનને શાંતિ કે કુટુંબની કોઈ વ્યક્તિના જીવનને સંતોષ મળતો

પન્નાબહેનને ત્યાં બધું ઘડપણમાં ખૂબ મુંઝવી રહ્યું હતું પોતે એકલા હતા હાથ પગ ભાંગે ત્યારે કોઈની જરૂર પડે પણ તેમનું સ્વમાની, સ્વતંત્ર મીજાજી મગજ કોઈની હૂંફ મેળવી શક્યું નહિ એ વખતે તો તેમને સમજાયું કે પોતાના જ કર્યા ભરવ્યા પોતે ભોગવી રહ્યા છે

નવા રિવાજોમાં રૂઢિગતતા

કલ્પનાની આઠમી વર્ષગાંઠ ઉજવવા તેની બધી જ સહિયરોને બોલાવી હતી નિશાળની અને સગા સંબંધીની એમ બધી જ ભેગી થઈ કલ્પનાના અને તેના કુટુંબના આનંદમાં ભાગ પડાવવા આવ્યા હતા બધી જ બહેનપણીઓ સાથે ભેટ લઈને આવી હતી, કલ્પના અને તેની બા બધાનું સ્વાગત કરતા હતા ઉમા અને વીણા પણ આવ્યા વર્ષગાંઠની પાર્ટીમાં જવનો તેમનો આ પહેલો જ પ્રસંગ હતો તેઓ બન્ને નાનકડી ભેટ લાવી હતી

સૌએ કલ્પનાને અભિનંદનો અને ભેટથી નવાજી. ભેટ બધી જ ત્યાં ગોઠવી દીધી અને પછી તો પાર્ટી શરૂ થઈ, ગીતોનો નાનકડો પ્રોગ્રામ પણ શરૂ થયો અને બધા જ્યારે ઘેર જવા ઊઠ્યા ત્યારે તેમને કલ્પનાની બાએ 'ટોકન' તરીકે હાથરૂમાલ આપ્યા અને બધા વિદાય થયા

કલ્પના પૈસાદાર કુટુંબમાંની એક હતી જ્યારે ઉમા અને વીણા મધ્યમ વર્ગમાંના હતા વર્ષગાંઠ ઉજવાઈ અને તેનો બધો ભપકો જોઈને બન્નેના મનમાં પ્રશ્ન ઊઠ્યો કે આપણે આવી રીતે ઉજવી શકીએ ? અને ઘેર જઈને બાને બધી વાત કરી પછી કહ્યુ 'બા, આપણે પણ મારી વર્ષગાંઠ ઉજવીશુ અને મારી બધી જ બહેનપણીઓને બોલાવીશુ ' બાએ એ વખતે તો હાજી હા કરી એમને ખ્યાલ જ હતો કે ઉમાને આજે આ પ્રશ્ન ઉદ્ભવશે એ જ્યારે ઉજવણીના મૂડમાં હતી ત્યારે તેને તોડી પાડવી ઠીક ન લાગી પણ એની વર્ષગાંઠ આવે એ પહેલા સમજાવીને ઘરની પરિસ્થિતિથી એને વાકેફ કરી એને એ પણ સમજાવ્યું કે આપણાથી એટલો બધો ખર્ચ ન થઈ શકે એનીબાને આમ મોટા નાના વર્ગનો તફાવત બતાવતા દુ:ખ પણ થયુ બાળકો નાના હોય ત્યારે બધાની સાથે હળે મળે, એમાં વિભાગ પડાય જ કેમ ? પણ જ્યારે સબંધ વિકસે ત્યારે એ વિભાગનો ખ્યાલ કરવો જ પડે છે

અને આમ ઉમાના મનમાં એક ગ્રંથિ બંધાઈ પોતામાં કંઈક ઊણપ છે એમ પૈસાદાર બહેનપણીઓ પાસે નાનમ અનુભવ લાગી થોડો સમય એના કુમળા મન ઉપર ઠીક ઠીક અસર થઈ અને એના મનને સંતોષવા ખાતર ઉમાની બાએ તેની વર્ષગાંઠને દિવસે માત્ર એની પાંચ છ બહેનપણીઓને ઘેર બોલાવી અને નાનકી પાર્ટી ગોઠવી ઉમાને કંઈક સંતોષ થયે કલ્પના વગેરેએ પણ ખૂબ આનંદથી તેમાં ભાગ લીધો અને જાણે એક પ્રકરણ પૂરુ થયુ તેમ ઉમાના બાને સંતોષ થયો

ઉમા ભણવામાં ખૂબ હોશિયાર હતી પહેલે નંબર અવશ્ય લાવનારી ઉમાની કલ્પનાને ખૂબ માયા હતી એ રીતે કલ્પના થે. ચાસ્તર હોવા છતા ઉમાનો ઠીક લાભ ઉઠાવતી રમતા ભણતા સૌ મોટા થવા લાગ્યા અને છેલ્લા વર્ષમાં આવ્યા

અત્યાર સુધી કલ્પનામાં પૈસાદાર ગરીબોનો ખાસ ભેદ નહોતો પણ હવે મોટી થઈ તેમ તેનામાં પૈસાનું ગર્વ દેખાવા લાગ્યુ વાત વાતમાં તેનું પ્રદર્શન થતું ઉમા હવે તો ઘણું સમજતી હતી એટલે તેનાથી આ બધુ સહન થતું નહિ ધીમે ધીમે ઉમાએ તેની કેટલીક વાતો ઉપર ધ્યાન દેવાનું ઓછું કર્યું વાંચવાનું વગેરે વધુ હોવાનું બહાનું કાઢી તેને ઘેર જવાનું પણ ઓછું કર્યું કલ્પનાની રહેણી, કરણી, વર્તન, સ્વભાવ બધામાં ફેર પડી ગયો હતો અને અમુક જ કંપની તેને વધુ પ્રિય હતી એટલે સ્વાભાવિક જ ઉમા તેનાથી દૂર રહી શકતી તે સમજી શકી કે બાએ પહેલા કહ્યુ હતુ તેમ પૈસાના તફાવત

તેમને દૂર રાખવામાં ઘણો મોટો ભાગ ભજવે છે

જૂના રીતરિવાજો તોડી કેટલોક બોજો હળવો કરવાના પ્રયત્નો આપણા સમાજમાં થાતી રહ્યા છે. તેની સાથે જ આવા નવા 'રિવાજો' દાખલ થાય છે આવો એક જ રિવાજ નથી, પણ ઘણા છે લગ્નમાંથી જૂનું એવું ઘણું ઓછું કર્યું અને એથીયે વધુ ખર્ચાળ નવું ઊભું કર્યું. આજના મોંઘવારીના જમાનામાં સામાન્ય વર્ગને તો દેવું કરીને પણ બધી દુનિયામાં રહેવા આ મોટાઓની પાછળ ઘસડાવું પડે છે એના કરતાં જૂનું ઘણું સારું હતું એમ લાગે હવે ક્યાં સુધી આંખ-મીંચામણાં કરવાં!

સુધારાને નામે

જીવનમાં આદર્શ અગત્યનો ભાગ ભજવે છે કેટલાક રિવાજોને નાબૂદ કરવા પોતાના ઘેરથી જ શરૂઆત કરવી પડે છે જીવનમાં આદર્શ હોય, આદર્શને પગલે ચાલવું હોય તો પહેલા પોતે જ વર્તનમાં મૂકવું પડશે માત્ર વાતો કરવાથી કોઈ જ રૂઢિઓ તૂટી શકતી નથી.

નીલમ અને પરમેશ પરસ્પર પરિચયમાં આવ્યા, વિચારોમાં સમતા દેખાઈ અને જીવનમાં એક આદર્શ રૂપ બનવાની બન્નેની ભાવના દેખાઈ બન્નેને લાગ્યું કે એક બીજા સાથે જોડાવાથી જીવનનું ધ્યેય પાર પાડી શકાશે અને આદર્શ લગ્નજીવન જીવીશું બન્નેએ નક્કી કર્યું, વડીલોની સંમતિ મેળવી અને લગ્નનો દિવસ નજીક આવ્યો લગ્નમાં એક પણ ખર્ચ ન કરવો નિયમ પ્રમાણે પરઠણ ન લેવી, અમુકથી વધારે જમાડવા નહિ અને બને તેટલી સાદાઈથી લગ્ન કરવું બન્નેએ સાથે રહીને આ નક્કી કર્યું હતું નીલમે તેને ઘેર વાત કરી, સૌને સાચેથી બોજો હળવો થયો લાગ્યો

આ બાજુ પરમેશ જુદી પરિસ્થિતિમાં મૂકાયો તેના માતાપિતાએ પહેરામણીની વાત કરી ત્યારે તેણે સખત વિરોધ કર્યો પરંતુ [illegible] રૂપમાં નહિ એવી યુક્તિ કરીને તેમણે વાત કરી પોતાને ઘેર પરણું લગ્ન થવાનું હતું એટલે બીજાને ઘેરથી લીધેલું તો [illegible] [illegible] પડે તેમ તેમણે [illegible] કર્યું પરમેશે પોતાને ઘેરથી જ બધો વ્યવહાર કરવા કહ્યું પણ તેનું કંઈ જ ચાલ્યું નહિ અને લગ્નને દિવસે જ તેના પિતાએ વેવાઈને સાડીઓ, રોકડ વગેરે આપવા કહ્યું, અને એવા બીજા કીધા વગર વ્યવહાર કરવા કહ્યું.

નીલમ મનમાં ખૂબ મૂંઝાઈ ગઈ એની કફોડી સ્થિતિ થઈ પણ છેવટે વડીલોએ વાતને ન બગાડવું એમ સમજી તેમણે સાચવ્યા ને બધા જ વ્યવહાર કર્યા પણ તેના મનનો ડંખ ઓછો થયો નહિ પોતાની બાબતમાં પણ ન ચાલે તો બીજું તો શું કરવાના!

આદર્શ આદર્શ કરીને સુધારો કરવાની બૂમો પાડીએ છીએ પણ ઘેર આવે છે ત્યારે પાછા પડી જાય છે, બીજા ઉપર જ દબાણ કરવા મોટા ભાગે આપે ત્યારે ઘરમાં જુદું જ વર્તન હોય છે



પ્રો. ઇન્દ્રવદન કા. દવે

ગ્રંથાવલોકન

મનોજવન

[લે. ચુનીલાલ વ. શાહ પ્ર. ગાંડીવ સાહિત્ય મંદિર, હવાડિયા ચકલો, સુરત ૩ ૫/—]

'તપોવન', 'કાશ અને સાપણ', 'નષ્ટિકાળ' અને 'એક માળાના ત્રણ પંખી' જેવી વર્તમાન સમાજજીવનને સ્પર્શતી લાંબી નવલકથાઓ દ્વારા પોતાની સ્વસ્થ વિષયનિરૂપણ પદ્ધતિ અને આધુનિક કુટુંબોની સમસ્યાઓ આલેખવાના કૌશલનો પરિચય કરાવનાર પીઢ લેખકની આ એક વિશેષ સામાજિક નવલ આપણને સાંપડે છે. અલબત્ત તેમની નવલો કરતાં આમાં એક વિશેષતા છે તેના સ્વરૂપ અને વસ્તુઆયોજન પદ્ધતિની નવીનતાની. લેખક પોતે પણ વાર્તાનું એક પાત્ર—વાર્તાના સર્વ પાત્રો અને વસ્તુપ્રવાહોનું સંયોજન કરતું પાત્ર—ની વર્તમાન વાતાવરણની ચર્ચા અને વિચારણાનો દોર વાર્તાના અંત સુધી પોતાના હાથમાં રાખે છે. અન્ય પાત્રો પોતપોતાની મૂંઝવણો, પાત્રીઓ લેખકને સંભળાવે છે તેથી તે વાર્તાના પાત્રોને સાંકળનારી એક કડી રૂપ બન્યા છે. પ્રયોજનમાં વાર્તાને તેનું વસ્તુ જાણવાનું દરેક પ્રકરણને આરંભે કુતૂહલ જાગે અને પ્રકરણને અંતે 'પછી આગળ શું થયું' તેના આવા એકાએક આશ્ચર્યપ્રેરક સનસનાટીભર્યા બનાવો ! શું રહસ્ય ?' એવા પ્રશ્નો વાચકના ચિત્તમાં મૂકી જાય એવી કુશળતા ચુનીભાઈએ આ નવલમાં બતાવી છે. એક નવીન પ્રયોગ તરીકે આ પદ્ધતિ આવકારદાયક છે પણ એમાં સ્વાભાવિકતા કે કુદરતી અનુસંધાનની મજા આવતી નથી. લેખકને વસ્તુપ્રવાહો સાંકળવામાં કેટલાક કૃત્રિમ અને યાંત્રિક ઉપાયો યોજવા પડે છે. પાત્રોને અગત્યનું બહાનું શોધી બોલાવીને પોતાની મુલાકાતે બોલાવવા પડે છે કે તેમની મુલાકાતે જવું પડે છે કે તેમનો પરસ્પર અકસ્માત ભેટો કરાવવો પડે છે. લેખકનું તો જાણે મનના પાત્ર પાત્રો વચ્ચે પણ એવો અકસ્માત ઉપજાવવો પડે છે. જેમકે યાત્રિક લેખક સાથે જે વાત કરે તે સુલોચના છૂપી રીતે લેખકને ત્યાં સાંભળે અને તે યાત્રિકના પ્રેમમાં પડે કે એ બાલ્યકાળને ત્યાં સુલોચના અને પોતાનો મેળ થઈ જાય—વગેરે જેવી વાતરસિયો લેખક જો આનંદના જીવનના ખરા રંગ જાણતા તેની પાછળ પાછળ ફરે, પણ સુલોચના નાસી ગઈ તેનું રહસ્ય વાર્તામાં પાછળથી લાવી શકાય તે સારુ ઘણા વખત સુધી રહસ્ય જાળવવા દરકાર ન કરી એટલું જ નહિ તેની ઉપેક્ષા એને ! આ બધા સાંધણ કૃત્રિમ બની રહે છે તો પણ લેખકની શક્તિને ન્યાય આપવા એટલું તો કહેવું જ પડે કે વાર્તાના ઘણા ભાગો પ્રતીતિકર બની રહે તો તે માટે યોગ્ય કાળજી તેમણે લીધી છે. જો કે લેખકે બનાવો ઉપર વિવરણ કરવા વાર્તામાં ન બેસવું જોઈએ અને વાર્તાના સ્વરૂપની ચર્ચાને અંદર વસ્તુ ગુંથણીમાં કલ્પ વાર્તાનો સ [illegible] જાય એટલી હદ સુધી લંબાવી ન જોઈએ.

આ તો લેખકે જે નવીન આયોજન કર્યું છે, તેની વાત થઈ, બાકી લેખકનું મુખ્ય લક્ષ્ય તો છે જેઓ વીસ વર્ષમાં આપણા સામાજિક વાતાવરણમાં, કુટુંબજીવનમાં યુવકો અને યુવતીઓના જીવનદૃષ્ટિબિંદુમાં જે ફેરફારો થયા છે તેના ચિત્રો દોરી એમાંથી ચાલ ઉપજાવવાનું તેમણે પોતે જ 'પ્રયોજનમાં કહ્યું છે. 'મનોજ' એટલે કામ. કામદેવના સ્વેચ્છાચારને વ્યક્ત કરવાના હેતુથી વાર્તાનો આલંકારિક શબ્દપ્રયોગ છે 'મનોજવન' નવા યુગના યુવક યુવતીઓ અને નવદંપતીઓ દાંપત્યજીવનમાં નવજીવનનું સ્વર્ગસુખ માણવાના અભિલાષથી પાછળ આકર્ષાઈ રહ્યા છે. તેમની તે પ્રકૃતિને સમાલોચક દૃષ્ટિબિંદુથી પ્રામાણિક નીરખવાનો પ્રયત્ન—એ છે નવલકથા 'મનોજવન' આ પ્રવૃત્તિના નજરે જોતાં, છાપામાં વાંચેલા કે કોઈની પાસેથી સાંભળેલા પ્રસંગો પર મનન કરીને

આ દેશમાં સાધુઓની ભરતી ઘટતી જ રહી છે. એમાં કેળવાયેલી વ્યક્તિઓ મોટેભાગે વાનપ્રસ્થ થયા પછી ભળે છે. સામાન્ય રીતે બાળકોને ચેલા બનાવી બાવાઓ જમાત વધારતા રહે છે અને એ ચેલાઓ ત્યાંથી કેટલાક જ્ઞાન મેળવી, સાધના કરી, શક્તિ મેળવી ધર્મની ધજા ફરકતી રાખે છે. વિવેકાનંદે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી એમાં શિક્ષિત યુવાનો સાધુ બનીને જોડાતા કેમકે એમને પ્રેરે એવું બળ ત્યાં ઊભું થયું હતું. શ્રી અરવિંદના આશ્રમમાં કેટલાક સમર્થ યુવાનો જોડાયા કારણ કે ભારતીની છાયામાં ટોચની ભૂખ સંતોષાય એવું જ્ઞાન ત્યાં મળવાનું હતું.

એવે વખતે આ એકાન્ત શિક્ષિત ભાઈઓની સ્વામી નારાયણ સંપ્રદાયની એક શાખામાં દીક્ષા લીધી ત્યારે ઘણી નવાઈ લાગી! કોઈકે ગોરમંડ રાજના પ્રભાવના ગુણગાન ગાયા, ને કોઈકે એકાંત વિધિનાની હિંમત વખાણી. એ બનાવની ટીકા કરવાનું પણ કોઈને સૂઝ્યું નથી! કળિયુગ અહીં નડે છે.

શાથી આ સંન્યાસ?

કોઈ વ્યક્તિને સાધનાની લગન લાગે અને સંસાર છોડી દે એવું બનતું આવ્યું છે. જૈનોમાં હજુ દીક્ષા દેવાય છે. ઘણા એકલા થઈ ગયા હોય તો કોઈવાર સાથે દીક્ષા અપાય છે. આની પાછળ જે નિશ્ચય છે તે વ્યક્તિનો છે. ઈશ્વરપ્રાપ્તિના મહાહેતુની સિદ્ધિ કાજ સંસાર તજવો પડે તો એની ટીકા ન થાય. પણ ત્રણ વિધિનો આવો એકાદ શાખાવાળા આશ્રમે એની સિદ્ધિ મેળવવા ઇચ્છતા હોય ત્યારે એ વિશે વધારે વિચાર થવો જોઈએ એમ લાગે છે.

સમાજની આગળ આ એક ઘટના છે, સમૂહસંન્યાસ છે. સરઘસ કે હડતાલ કે સભા દ્વારા અમુક બાબતો વિશે સમાજનું ધ્યાન ખેંચવામાં આવે છે એમ આ પ્રસંગે પણ લોકોએ વિચારવું જોઈએ, એની પાછળના કારણો તપાસવા જોઈએ. એના પરિણામો કેવા આવશે—નવા સાધુઓ ઉપર કે સમાજ ઉપર—તેનો ખ્યાલ રાખવો જોઈએ.

જો આ સાધુઓનો શરૂઆતનો ઉત્સાહ ઓસરવા માંડે તો? ને એવો સંભવ છે જ. કેળવણી લઈને જે સાધુઓ થયા છે તેમને સંતોષી રહે એમની જિજ્ઞાસાના જવાબ આપી શકે એમને પ્રવૃત્ત રાખી શકે એવું બળ આ સંપ્રદાયની નાનકડી શાખામાં ના જડે તો એમનો સંન્યાસમાંથી રસ ઊડી જાય એ સ્વાભાવિક છે. નિરસ થઈને તેઓ ફિકર વિના અધૂરો મન બાંધે તો સમાજને પણ એના આઘાત પહોંચે. એમની શ્રદ્ધાનો પાયો યોગીમહારાજના કોઈ ચમત્કાર ઉપર



હોય તો તે આપણી સ્થિતિ વર્ણવી આપે
આ શાસ્ત્રોના આગ્રહો સંપ્રદાય અને હિંદુધર્મના
ધર્મગ્રંથોના એવા ત્રણ ભાગ થાય એવી આશા
રાખવી સહેલી છે, પણ તે ભાગની શુદ્ધિ છે
આપણા કેળવાયેલા માનવો બન્યા છે, કોઈક
પ્રતિષ્ઠિત બન્યા છે તો પછી સર્વજ્ઞ બન્યા છે
કોઈ કાંઈક શિક્ષણ પામેલા હોય તો પણ પોતાના
બાળકોને પૂજા પાઠ ના હોય ભક્તિનો પ્રભાવ
અને વિચારના આદેશની શક્તિ આવી એ આપે
ધર્મ કે શાસ્ત્રની અર્થની શક્તિ ન આપે એવા કોઈ
હોય એમને આપણે નમી લઈએ પણ આ જુવાનો
વિચારની શક્તિ ન હોય તત્ત્વજ્ઞાનનું પાસું
સિદ્ધાંત ના દેખાય, કોઈ વિશિષ્ટ હેતુ ના હોય,
કોઈ નવા પ્રવૃત્તિ કે નવી પદ્ધતિ આપી શકે
જૂની પદ્ધતિ ના હોય ત્યારે આપણે સમાજની આશાઓ
ઘરની એ વાતથી નથી

આપણે આ કેળવાયેલા શિક્ષિત માણસોને જાહેરમાં
પૂછી શકીએ કે તમારે પડવું માટે માણસો થવા જેટલું
કે સમાજહિતનું ધ્યેય પણ આ અભ્યાસમાં પાળ્યું છે?
તમે જો આગળ આ ભાગ વધારવાના હો તો તમે જે
શીખ્યા તે વિચારો કે ન વધારીને? તમે
આપણાં ક્રિયાઓ-કર્મકાંડમાં પરંપરાના નાટકો કે
વિચારમાળા ને આત્માને ગાળતા પ્રશ્ન ધર્મમાં
કેવી રીતે ઉતારવું તે શોધી તમે પર્ણો આપ્યા
એવી નવી દૃષ્ટિ આપી વ્યવહારુ બનાવનાર માર્ગો કે
પછી એના જૂના ચાલી આવતા વાસી જડ ખાલી અર્થને
વિપરીત રીતે સમાજમાં ક્યારે મૂકવા કેળવાયેલા રહેશો?

અને મને છે કે જવાબ માં નિરાશાજનક મળશે તે
છે કારણ આ જેઓ સાઈમાં પ્રાયશ્ચિત કરી લે
તે પાપ કર તો એ એમની નીતિ હિંમત ગણાતો
જેમ નહિ પણ સ્વાભાવ ઉના સ્વભાવ સારો છે પણ
આ જમાનામાં કેળવાયેલા ચિંતનો જ ખાસ નથી મૂકતા
છે ને અનુ અનુકરણ પણ કરવું જ એવા નવા
શિક્ષિતોએ સમાજને દોરી બાદ નવા માર્ગો તરફ ક્યાં
હોય તો આપણે એમની આમ નિરાશા જોઈએ

જોઈએ છે શિક્ષિત શિક્ષકરીઓ
તો, આપણે શિક્ષિત માણસોની તો જેઈ મેળ છે,
એટલું જ નહિ પણ એમની પૂજા જ જ છે કોઈ
પણ સમાજને એમના વિના ચાલે તેમ નથી આપણા
વર્ગો હમણાં પણ એવા માણસો છે જ—પરમ તત્ત્વના
નિર્વાણ ભાવ ઉપાસના કરનારા, કુદરતી તત્ત્વો તથા
શક્તિઓ ઉપર કાબૂ મેળવી તમામ શક્તિ જગતહિતાર્થે
અર્પનારા માનવીએ સાધેલા ઉપયોગ જીવન-મરણને
પોતાના અધિકાર પ્રમાણે બનાવનારા, જેમનો ઉદાર
વર્તાવ, કષ્ટ સહન કરનારા, કર્મની સેવા કરી
નીચે પડેલા માણસોને પરમ પવિત્ર પુરુષો આપણી વચ્ચે
છે જ તો ભાગ્યે પહોંચતા હશે, પણ આવા પવિત્ર
કરવા તો કોઈક પ્રવૃત્તિ કરતા હશે તો કોઈ ન ઓળખે
એ દેખાતી નહિ હોય કોઈક શિક્ષિત હશે તો કોઈક
અજાણ્યા પણ હશે એવા માણસો નિર્ભય નિરાડંબરી,
નિર્દોષ હશે છે અને એમની ઉન્નતગામી વૃત્તિ
રહે બીજાને પ્રેરણા રહે છે
માણસો થાય છે એમની શાંતિ સિદ્ધાંતો માનવ તરફે,
આદમ ભૂલે, આધ્યાત્મિકતાનું આચરણ એમાં ના જુએ—
આપણું તો સમજાય પણ એ વિચાર ભૂલે ત્યારે શું
કામ કે આ ભૂલોને જેઓ હવે નવું ના મળે તે
કરો તેમનું હોય તેને જાણે તો અજાણ બની છે
પણ પાઠશાળાની વિદ્યા પાકી જ્ઞાન તરફ દોરે તો જ
ભારતના ભાગ્યો અને માનવ પહેલ કરે તો
જગતનો એક અંગ બની બીજા જેવું કેવળ
આદમ હોય કરો અમની માટી તો એક વાત કરી
અહિંસા ઘાટની થવાની નથી, પ્રશ્નના થાકીના તો
પણ એ બની જવાના નથી અસર આ એ ભારત
આ ગામ, નિર્ભય ન સહજ માટી જેવા દસે દિવસો
ગુજરાતો ભારે નોંધ એ તરે તે નહિ માને તારે !

ગુજરાતને જોઈએ છે શિક્ષકરીઓ—હિંદુ ધર્મના
હોય તો તેમ, નહિ તો કોઈપણ ધર્મના પણ
સાચા માર્ગદર્શકો જોઈએ છે જે હવે તો ધર્મના
ગ્રંથ વિશે ચિંતન કરતા, વૈજ્ઞાનિક રીતે સંશોધન
કરશે, એવા જાતની આશામાં વર્ષ વહ્યા દિવસ

ધારણ કરશે આ ભીક્ષનરીઓ કોઈક સંઘ સ્થાપે ત્યારે આશ્રય લે પણ એમાં નિ સહાય તાણના નહિ બને. એ સત્યને ઓળખશે, પામશે ને જીવનને એ જ પંથે ચલાવશે. જો નિર્ણિત ભીક્ષનરીઓ થઈને આવે તો તેવા સાધુઓને ગુજરાત વધાવશે એમના નામથી ને કામથી ગૌરવ કરશે ને એમનો જયજયકાર કરશે.

સાંસારિક વિધિઓ સંસ્કાર નથી

હમણાં અમદાવાદમાં સમૂહ જનોઈનો એક ઉત્સવ થયો. બ્રાહ્મણ કોમના ઘણાં પેટા જ્ઞાતિઓ છે. એ બધા આ બ્રાહ્મણ થવાનો વિધિ અલગ રીતે ઉજવે છે. યજ્ઞોપવિત એ બ્રાહ્મણના સંસ્કારનો વિધિ બને. ગણાય. હકીકતમાં તો એ એક સામાજિક વિધિ છે. સોળ સંસ્કારની રચના કરીને હિંદુઓએ જૂના જમાનામાં એમને મોટી ધનુ નિદાનનો ઉપયોગ કર્યો. અને આ સંસ્કાર વડે શરીર કે મનને અનેક લાભ થાય એવો ભ્રમ ઊપજાવેલો. મંત્રોનું ગૂઢ ઉંડી લોકોને પરવશ કરે એ એવી અસર હજુ રહી છે. પણ નહિ જેવી એ અસર જીવનમાં ભાગ્યે આપતી નથી. પાંગળા તો બનાવે જ છે.

જનોઈનો સંસ્કાર જે માત્ર જન્મે બ્રાહ્મણો છે તેમનું અહમ્ પોષનારો છે. આ સંસ્કારથી એ ‘દ્વિજ’ થઈ જશે એવી ભ્રમણા પસારનારો છે. ‘દ્વિજ’ થવું એટલે જીવનનો ઉચ્ચ હેતુ માટે કોઈ નિશ્ચિત પ્રવાહમાં ‘સમર્પણ’ થવાનું dedicate કરવું તે જનોઈના વિધિથી જાગશે જરૂર થાય છે. નવા પંથની યાત્રા નથી થતી. જેના ભાગ્યમાં એ યાત્રા હોય છે તેનેય પુરુષાર્થ વડે જ મળે છે. વિધિ કર્યાથી નહિ.

પહેલાં જનોઈ ઘેર દેતું. એ નથી પોસાતું તેથી હવે સમૂહમાં શરૂ થયું. એ જોઈ કેટલાક ભાઈઓ રાજી થાય છે. એમને લાગે હિંદુ ધર્મનું તેજ ઊભરાતું હોય એમ આ વિધિઓ જોઈને લાગે છે. જાણે ફરી હિંદુ ધર્મની ધજા લહેરાશે એવી આશા એમાં જુએ છે. આ ભૂલ છે. ઘસાઈ ગયેલો જનોઈનો વિધિ ચેરથી ગયો. શરીર પડ્યું એ જીવતરી ગયું, પણ એને પ્રતિબિંબ ફરવાના આ કહુલિપા છે. ક્રાંતિ પછી આવતી પ્રતિભાતિ છે. જૂના રિવાજો—વહેમો—વિધિઓ વિલીન થઈ જતાં પહેલાં આવો ભડકો કરી લે—જોર બતાવે તે સ્વાભાવિક છે.

વિધિઓમાં સંસ્કાર બળ નથી. આપણે જે સમજ્યા વિના ગાડરિયા જઈએ ને પવિત્ર માનીએ તે આપણું કાં તો ભયથી કરીએ છીએ કે કાં તો લોભથી. રખે ને દેવો ખીજાય એ વાત ને કદાચ દેવો રીઝે—ત્યારે ફરી મૂકે એવી લાલચ. મંત્રોમાં ગૂઢ બળ ક્યારેય હતું નહિ ને હોય તોય હવે રહ્યું નથી. જેનું મનન કરવાથી તારે તે મંત્ર. એમાં મન મુખ્ય વસ્તુ છે, મન વિના મનન શેનું!

હજી વિધિઓમાં પણ કેટલુંક આકર્ષણ રહ્યું હશે. છતાં આ જમાનામાં એમને પ્રચલિત નહિ કરી શકાય. એ પાછા આવશે તો પણ કોઈ નવા સ્વરૂપે. એમનું આ રૂપ તો મરી પરવાર્યું. નવા રિવાજો ઘણા ઘડાય છે પણ એ હજુ પાકા થયા નથી. રસ્તાની ડાબી બાજુએ ચાલવું, ક્યૂમાં ઊભા રહેવું, ટાઈમ જાળવવો વગેરે નવા રિવાજો આવે છે એમ બીજા પણ છે ને આવશે. એની ટેવો પડશે ત્યારે એ સંસ્કાર થશે. સારી ટેવોનો સરવાળો તે સંસ્કાર.

જય હો નીલકંઠનો!

અન્નપૂર્ણા પછી નીલકંઠના શિખરનું આપણે દર્શન કરી શક્યા એ અહોભાગ્ય છે! દશ વર્ષ પહેલાં પર્વતારોહકોની સંખ્યા આ દેશમાં નહિ જેવી, તે આજે દુર્ગમ શિખરોના યાત્રીઓ બનવા પામ્યા છીએ. નીલકંઠનું શિખર હિમાલયના ઊંચા શિખરોમાંનું એક છે, અને પહેલાં દેશ પરદેશથી છ ટુકડીઓના પ્રયત્નો છતાં ત્યાં કોઈ પહોંચી શક્યું નહોતું.

હિંદુસ્તાનની જ્વલંત માં આ શિખરયાત્રાઓ ફેરવણી પૂરો—પ્રતીક બની રહો. હિમાલયની ધવલ આભા આખા દેશને પ્રભાવિત કરી રહો. સ્થૂલ નીલકંઠના દર્શને સૂક્ષ્મ નીલકંઠના દર્શનની લગન લાગો. જય હો નીલકંઠનો!





'ધૂમકેતુ'

ચાર પ્રેરક પ્રસંગો

મહાપુરુષોના જીવનમાં કેટલાક નાના નાના પ્રસંગો પણ એવા બનતા હોય છે કે જે આપણા જીવનમાં દિશાસૂચન નીવડે કે જે કેડીમાંથી માર્ગ કાઢનાર તરીકેનું કામ કરે. એવા જ ચાર પ્રેરક પ્રસંગો આપણા જાણીતા પીઢ સાહિત્યકાર ધૂમકેતુની આગવી શૈલીમાં રજૂ કર્યા છે

[૧]

ગણિતશાસ્ત્રી ન્યૂટનના જીવનની એક વાત છે. એ વખતે એ હજી ભણતો હતો. એનું શરીર બહુ સારું કહેવાય તેવું ન હતું. એક અલમસ્ત છોકરો હંમેશાં એને સતાવે. ન્યૂટને વિચાર કર્યો કે આ છોકરા સાથે મારામારી કર્યા વિના બીજો રસ્તો નથી. એણે હિંમત કરી, અને છોકરાને એવો ચત્તોપાટ કરી દીધો કે ફરીને એ એનું નામ લેવાનું ભૂલી ગયો.

પણ શરીરનો આ વિજય મેળવ્યા પછી ન્યૂટન તરત ઉદાસીન થઈ ગયો. એનું શું હતું કે એ ઉદાસીન થઈ ગયો?

ન્યૂટનને તરત સાંભર્યું કે એ છોકરો માત્ર શરીરે વધારે બળવાન હતો એમ ન હતું. ગણિતશાસ્ત્રમાં એ એટલો તો કુશળ હતો કે વર્ગમાં એનો નંબર પહેલો જ હોય. એ બીજે નંબર આવે જ નહિ.

ન્યૂટનને થયું કે મેં એને હરાવ્યો તો ખરો—પણ એનું મન—એને હું પહોંચી શક્યો છું?

જ્યાં સુધી એને હું પહોંચી ન શકું ત્યાં સુધી મારી આ જીત નકામી શરીરકસરત છે.

એટલે મારે ગણિતશાસ્ત્રમાં એને હરાવવો રહ્યો.

અને બીજે દિવસથી જ આ નાનકડો છોકરો પોતાનું ગણિત પાકું કરવા શાસ્ત્રની મથામણમાં ભરાઈને બેસી ગયો.

પરીક્ષા થઈ ત્યારે ન્યૂટન પહેલો હતો. પેલો છોકરો બીજો!

[૨]

વર્ષો પહેલાં એક છાપામાં એક પ્રસંગ વાંચ્યો હતો. આજ એ છાપું હાથવગું નથી, પણ પ્રસંગ બરાબર યાદ છે. એ પ્રસંગ આલેખનારનું નામ પણ યાદ નથી રહ્યું. 'જોઈન ઓ લંડન્સ થીકવી'-રા એણે આ પ્રસંગ લખ્યો હતો. લખનાર દાંતના ડૉક્ટર બાઈ હતી.

એ વખતે ગાંધીજી લંડનમાં અભ્યાસ કરતા હતા. એમના એક દાંતમાં એટલી વેદના થતી હતી કે એ કઢાવ્યા વિના બીજો કોઈ ઉપાય જ ન હતો. એટલે એ બાઈ પાસે દાંત કઢાવવા માટે આવ્યા. બાઈએ બરાબર તપાસ કરીને કહ્યું કે આસપાસની બધી જગ્યા બહેરી કરી નાખવી પડશે, તો તમને થોડું દુઃખ થશે.

ગાંધીજીએ કહ્યું: 'દુઃખનો વાંધો નહિ, તમતમારે દાંત ખેંચી કાઢો હું સહી શકીશ.'

પણ પેલી બાઈએ કહ્યું, 'એ તો તમને એમ લાગે છે પણ જ્યારે દાંત ખેંચાશે ત્યારે તમે રાડ પાડીને ઊભા થઈ જશો માટે મને બધી આસપાસની જગ્યા બહેરી કરવાનું ઇન્જેક્શન આપવા દો.'



પણ ગાંધીજીએ તો નકાર જ સુણાવ્યો 'કોઈ જરૂર નથી હું સહન કરી શકીશ.'

તે છતાં પેલી ભલી બાઈને લાગ્યું કે આ માસુમ શરીર નિર્બળ છે દાલ મજબૂત છે એનાથી દુ:ખ સહન થવું મુશ્કેલ છે એટલે એણે વિનયથી પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો ગાંધીજીને કહ્યું. 'એમ ને એમ દુ:ખ ઘણું થશે.'

ગાંધીજીએ ઉલટી મક્કમતાથી કહ્યું 'મારે દુ:ખ જોવું જ છે. અનુભવવું છે મારે મારી શક્તિનું માપ કાઢવું છે. 'I want to face pain.' પેલી બાઈ તો છક્ક થઈ ગઈ. પણ આશ્ચર્યનો અવધિ તો આ હતો કે એણે ધાર્યું હતું તેમ જ થયું દુ:ખ થાય તેમ હતું ને થતું હતું–છતાં ન ગાંધીજીએ એક શબ્દનો ઉંહકારો કર્યો કે ન ચહેરા ઉપર પણ એક રેખામાં ફેરફાર દેખાયો!

એ બાઈ લખે છે, મેં આ સિવાય કરતાં ઘણા વધારે બળવાન માણસોને લગભગ ઉગ્ર થઈ જતા આવે વખતે જોયા હતા. કેવળ આ એક જ નાની નબળાઈનો નીકળ્યો કે એણે ખરેખરી બહાદુરીથી પોતાના દુ:ખનો સામનો કર્યો હતો. ને દુ:ખને જાણે અત્યક્ષ જોવામાં પોતાના સામર્થ્યનું માપ કાઢ્યું હતું!

[૩]

જર્મનીનું પુનર્વિધાન થઈ રહ્યું હતું પુનર્વિધાનના પાયા નંખાતા હતા એ વખતે વધારેમાં વધારે ખંડેર બની ગયું હતું કે કર્ટ શહેર એ ઉદ્યોગનું શહેર હતું એટલે એના ઉપર વધારે ઘા પડ્યા હતા. એક પણ મકાન સલામત રહ્યું ન હતું એ નગર ખંડેર જ બની ગયું હતું.

નગરવિધાન માટે કુશળ ઈજનેરો, કારીગરો, નગરપતિઓ, નાગરિકો, કુશળ અધિકારીઓ બધા આવ્યા હતા

પહેલો પાયો કયા નવા મકાનનો નાખવો કે જેથી લોકના વિશ્વાસ જન્મે એ પ્રશ્ન હતો

કોઈએ કહ્યું 'પહેલું મકાન મજૂરના રહેવું થવા દો કે સૌ જાણે કે હવે સુવ્યવસ્થિત રાજતંત્ર સ્થપાવાનું છે'

નગરપાલિકાના પ્રેસીડેન્ટનો આગ્રહ હતો કે મ્યુનિ નું મકાન પહેલું થાય એ ઠીક, ન્યાયાધીશો માનતા હતા કે ન્યાયાલય એ વિશ્વાસ જન્માવનારી મોટામાં મોટી અત્યારની સંસ્કૃતિની સિદ્ધિ છે માટે ન્યાયાલય પહેલું શોભે આમ સૌ પોતપોતાનો અભિપ્રાય આપતા હતા

છેવટે વાત પ્રેસીડેન્ટ ઉપર છોડી પ્રેસીડેન્ટે કહ્યું - 'ભાઈઓ! જીવનમાંથી નિરાશાને ખંખેરી કાઢવાનો નિરંજીત સંદેશો માત્ર આપણી પ્રજાને નહિ, પણ દુનિયાભરની પ્રજાને જેણે આપ્યો છે, એ આ નગરના મહાન કવિ ગએટેનું જન્મસ્થાન મકાન સૌથી પહેલું સમારવાનું છે બીજું બધું પછી

આજથી સો વર્ષ પછી પણ ગુજરાતમાં આવી ભાવના આવશે ખરી?

[૪]

એક હતા માસ્તર પોસ્ટ માસ્તર. બારડોલી સત્યાગ્રહ સમયે એમણે મારી સેવા



બાજુવંડી સરદાર વલ્લભભાઈ સાથે સારી એવી ઓળખાણ થઈ ગયેલી. સરદાર એમને તુ-તાથી બોલાવે એવી વત્સલ માયા એમના ઉપર.

જ્યારે પાકિસ્તાન હિંદુસ્તાન સરજાયું અને બધું કાંઈક ગજે પડયું એ વખતની આ વાત છે.

એ વખતે હજી સરહદ ઉપર અલાપાછી આવ્યા કરે છે. સંભાળ ન રાખે કે જાગૃતિ ન હોય તો એ પાંચ માઈલ આમ કે તેમ કોઈ અચેન કરી જાય તો એ પ્રશ્નો ઉકેલ પછી આવતો. આવે આવી દશા હજી ચાલે.

આ પોસ્ટ માસ્તર એ વખતે પાલનપુર તરફ—સરહદ ઉપર ના એક ગામમાં. ત્યાંથી પાકિસ્તાનની હકૂમત ભાગ્યે જ બે ત્રણ માઈલ દૂર.

આ પોસ્ટ માસ્તર ફરતા ફરતા દિલ્હી ગયા. સરદાર એ વખતે ત્યાં. રસ્તાના અચાનક ભેટો થઈ ગયો. મોટર ઊભી રહી. એના ખબર સરદારે પૂછ્યા અને મુકામ ઉપર રાત્રે આવવાનું ને જમવાનું આમંત્રણ આપ્યું.

રાત્રે માસ્તર તો ત્યાં ગયા. સરદાર સાથે જ જમવા બેઠા. વાત વાતમાં સરદારે પૂછ્યું 'તું છે ત્યાં સરહદ ઉપર-તો બધું બરાબર છે ના?'

માસ્તરે જવાબ વાળ્યો 'અમારે ત્યાં તો મોટી બાસાગીના ખેતર જેવું છે બધું, કોઈ આવીને માગી જાય કે ઉપાડી જાય તો કોઈ ભાવ પૂછે એમ નથી!'

સરદારે આશ્ચર્યથી કહ્યું 'એટલે સુધી ના ધાર?'

પછી તો ઘણી આડાઅવળી વાતો થઈ અને પોસ્ટમાસ્તરે ત્યાં રોકાઈને દિલ્હી નગરી બરાબર નિહાળવાની તક લીધી.

પોતાના રસ્તાઓ પૂરી થયે એ તો ફરતા ફરતા પાછા પોતાના અધિકાર ઉપર આવ્યા.

પણ ત્યાં તો એમણે એક આશ્ચર્ય નિહાળ્યું.

સરહદનું રક્ષણ કરવા માટે લશ્કર ત્યાં મૂકાઈ ગયું હતું અને પાકો બંદોબસ્ત થઈ ગયો હતો.

સરદારની તત્કાલ પગલાં લેવાની રાજનીતિએ આજના ભારતના ઇતિહાસ પ્રશ્નોનો જુદી જ રીતે [illegible] ઉકેલ આણી દીધો હોત!

પણ છેવટે તો જગન્નિયંતા દેશનું ભાવિ હાથમાં રાખે છે. આ દેશનું આજની હાલતનું ભાવિ એ કેવળ ગૂઢ ગહનો પ્રશ્ન બની ગયો છે.

✯

અંતરની મૂલ્યવાન વસ્તુ [illegible] નથી તેમ જ [illegible] પરંતુ સુખ અને દુઃખની તાજગીથી એવી થતી [illegible] છે. [illegible] એ માણસની [illegible] બહાર [illegible] સાધનો છે.

[illegible] આરામ અને મોજના પછી રહેલા [illegible] છે. પરંતુ તેને [illegible] માં [illegible] તેના કરતાં [illegible] તેને [illegible] અને દુઃખમાં [illegible] પોતાનો ઉદ્ધાર [illegible]

—એલ પી જેક્સ



ચુનીલાલ વર્ધમાન શાહ

આભાર-દર્શન

માણસને મીઠા સ્મિતની, સારા બે શબ્દ પણ સાંભળવાની કેટલી બધી ભૂખ હોય છે અને તેની અસર પણ કેવી સચોટ થાય છે તેનું આ લેખમાંથી આપણને જાણવા મળે છે. નાની એવી વાતને પણ આપણા આ પીઢ સાહિત્યકારે સોરી રીતે રજૂ કરી છે.

'થેંક યૂ' 'આભાર માનું છું' એ શબ્દપ્રયોગને કેટલાક વિનયનો પોકળ પ્રયોગ માને છે. કોઈ કોઈ તો એવો વિનય કરનારને 'વાયડો' પણ લેખે છે. આપણે સામાન્ય રીતે આભાર ત્યારે જ માનીએ છીએ કે જ્યારે કોઈએ આપણું કાંઈ મહત્ત્વનું કામ કર્યું હોય, આપણા ઉપર સદ્ભાવે કાંઈ ઉપકાર કર્યો હોય, કશા બદલા વિના સૌજન્યભર્યું વર્તન બતાવ્યું હોય, કિંવા આપણે ધાર્યું કે કલ્પ્યું ન હોય એવી કોઈ લાભપ્રાપ્તિ આપણને સામી વ્યક્તિ તરફથી સહજમાં થવા પામી હોય. આવા પ્રસંગોમાં સામી વ્યક્તિનો આભાર માનવો એ ફરજ બને છે. એ કાંઈ પોકળ વિનય નથી હોતો. કરેલી ભલાઈનો એ બદલો છે. એવો બદલો પણ જો ન આપવામાં આવે તો આપણે બેકદર, અવિવેકી, બેવકૂફ કે ઘમંડી મનાઈએ એવો સંભવ છે.

પરંતુ આભારવૃત્તિનું દર્શન એટલેથી જ અટકી જતું નથી. સામાન્ય પ્રસંગે પણ સામાએ કરેલ કામની કદર કરી અર્થાત્ તે વખતે નમ્રતાથી કે સૌજન્યથી આભાર વ્યક્ત કરવો એ સામી વ્યક્તિના મુખમાં દેખાતા ભાવને સ્મિતભર્યું બનાવે છે, તેનામાં ઉમંગ પ્રેરે છે, પોતાના કાર્યમાં તેને સંતોષની ઉષ્માનો અનુભવ કરાવે છે. રોજ સવારે દૂધવાળો દૂધ આપવા આવે છે, ટપાલી ટપાલ આપી જાય છે, વાળંદ હજામત કરવા આવે છે, ફેરિયો છાપું આપવા આવે છે. તેઓ બધા તમે આપેલા પૈસાના બદલામાં એ કામ કરે છે, એટલે એમ પણ કહી શકાય કે તેઓ કોઈ ઉપકાર કરતા નથી. પરંતુ એ દરેક કાર્ય બદલ 'તમે સરસ કામ કર્યું' કે 'આભાર' એવા એ શબ્દપ્રયોગ વિવેકપુરઃસર વાપરશો તો તમને જણાયા વિના રહેશે નહિ કે તેનામાં તમારી પ્રત્યે આદર જ નહિ પણ તેના પોતાના કાર્યમાં પણ ઉમંગ સ્ફુરશે.

લંડનના એક બસ કંડક્ટરે એક વાર પોતાના ડૉક્ટર પાસે દિલ ખોલીને પોતાની વાત કહી હતી: 'સાહેબ, આખો દિવસ બસમાં ટિકિટો ફાડવાનું એક નીરસ કામ કર્યે જાઉં છું, તેથી હું કંટાળી જાઉં છું. લોકો ધમાલ કરે, કોઈ બોજો બાંધી લાવી મુસાફરી કરનારા મુશ્કેલી કરે, કોઈની પાસે છૂટા પૈસા ન હોય અને મારી પાસે પૂરતું પરચૂરણ ન હોય, ત્યારે હું થાકી જાઉં છું. પણ એક યુવતી રોજ સવારે ને સાંજે મારી બસમાં મુસાફરી કરે છે અને દરેક વખતે ટિકિટ લેતી વખતે મિલનસાર રીતે આછા સ્મિત પૂર્વક 'થેંક યૂ' કહે છે, તેથી મારો બધો કંટાળો ઊડી જાય છે. મને લાગે છે કે બધા ઉતારુઓની વતી તે એકલી મારા કામની કદર કરે છે એટલે બસ છે.'

તેની જેવી જ એક ગાડીવાળાની વાત કહું. પાંચેક વર્ષ ઉપર એક વાર કાઠિયાવાડ (તે વખતે 'સૌરાષ્ટ્ર' શબ્દ હાલના જેટલો પ્રચલિત થયો નહોતો)–મેલમાંથી હું રાતે અગિયાર વાગે સ્ટેશન પર ઊતર્યો. ટ્રેન ખૂબ મોડી હતી. ભાડૂતી ગાડીવાળાઓ બહુ મોંઘા દર બતાવવા લાગ્યા. જરા આઘે એક ગાડીવાળો પોતાની ગાડીના દરવાજે અઢેલીને મૂંગો મૂંગો ઊભો હતો. તેને મેં પૂછ્યું: '[illegible] જવાનું શું લઈશ?'

તેણે વિનમ્રતાથી કહ્યું: 'જે આપવું હોય તે આપજો.'

મેં સ્પષ્ટતા કરી: 'દોઢ રૂપિયાથી વધુ નહિ આપું.'

તેણે કહ્યું: 'ભલે.'

હું બેઠો અને ગાડી ચાલી. માર્ગમાં તેણે પૂછ્યું: 'આપ કાઠિયાવાડમાંથી આવો છો તો ત્યાં વરસાદ પાણી કેમ છે?'



ને કહ્યું : 'ઠીક ઠીક છે, બાકી સારા નથી તમે ગાડીવાળાઓનો છે ?'

તે કટાક્ષમાં બોલ્યો : 'હા જી, અમે કાઠિયાવાડી છીએ, અમે ગાડાવાળા છીએ ! પણ આ અમદાવાદી લોકોથી સારા છીએ હો સાબ !' હું અજાયબીનો હતો.

હું બોલી પડ્યો : 'કાંઈ કડવો અનુભવ થયો લાગે છે તને.'

અને તેણે દિલ ખોલ્યું : 'કાંઈ વાત ન પૂછો સાબ ! આજનો મારો આખો દિવસ બગડ્યો છે. અમારા મુંબઈથી આવેલા એક શેઠને મૂકવા શાળામહેતાની પોળે ગયેલો. તે ભાડું કરીને ઘેર ગયા, પછી ગાડી છોડી રાખી ત્યાં ખબર પડી કે ગાડીમાં એ શેઠનું પૈસાનું પાકીટ પડી ગયેલું છે. તેમાં સિત્તેર રૂપિયા હતા. હું તુરત પાછી ગાડી જોડીને શેઠને ત્યાં ગયો અને તેમની સામે તેનું પાકીટ ધર્યું. તત્ક્ષણ મારા હાથમાંથી તેમણે પાકીટ ઝૂંટવી લીધું. તેમાંથી જોયું કે રૂપિયા બરાબર છે અને પછી મારી સામે જોઈને કહ્યું, ઠીક !'

'શેઠે તને કાંઈ ઇનામ ન આપ્યું ?'

ગાડીવાળો ફિક્કું હસીને બોલ્યો : 'એક પૈસો નહિ ! અરે, ઇનામ તો એને ઠીક લાગ્યું, પણ એ અમદાવાદી શેઠિયાએ એક મીઠો શબ્દ પણ ન કહ્યો ! મેં પૈસાને બદલે માત્ર આભારનો બોલ પણ ઝંખ્યો હતો.'

પોતાના પ્રામાણિક કાર્યની પણ જ્યારે કદર થતી નથી ત્યારે માણસને સ્વાભાવિક રીતે જ નિરાશા ઊપજે છે. મેં તેને આશ્વાસન આપ્યું હતું, ને પ્રામાણિકતાથી કામ કર્યું તેનો બદલો તને ઈશ્વર આપશે. આપણે બદલાની આશા જ ન રાખવી.

તે કશું ન બોલ્યો. તે કાંઈ થોડો જ નિષ્કામ કર્મયોગી હતો ?

માણસ સામાન્ય રીતે તેને કોઈના મમતા કે ઉપકારના કાર્ય માટે આભારદર્શન દાખવે છે ખરો, પરંતુ એ આભારદર્શનને જ્યારે કોઈ વિશિષ્ટતાથી અલંકૃત કરવામાં આવે છે ત્યારે સામાની માનવતા ઉત્તેજિત થયા વિના રહેતી નથી. તેવી એવા વિશેષ કાર્યો કરવા તરફ તેની વૃત્તિ વળે છે. તેવા વિશેષ કાર્યો તે ન કરી શકે તેમ હોય તો પણ પોતાના ઔદાર્યનો સંચય ઉપર ખેળવા બદલ તે પરિતુષ્ટ તો જરૂર થાય છે.

અહીં ત્યાં માનવીના ગહનભાવનું જ દર્શન નથી થતું, તેણે માનવતાનો અપૂર્વ આવિષ્કાર કરી બતાવ્યો છે. એક અમેરિકન માતાની વાત જાણવા મળી છે. તેનો એકનો એક પુત્ર બીજા વિશ્વયુદ્ધમાં લડતા દરમિયાન અમેરિકન સૈનિકોમાંનો એક હતો. એક વાર તેણે વિમાની હુમલો કર્યો તે પછી એની તે ઇટાલિયન મોરચે સીમાના આવેલા ગામની એક બાઈએ તેને પોતાના ઘરમાં છુપાવી તેની સારવાર કરી તેને બચાવ્યો. જર્મનો ગોધવા આવ્યા ત્યારે તેને એ બાઈએ સલામત જગ્યાએ અને તે રીતે તેનું જીવન બચાવ્યું. નહીં તો એ સિપાઈ જુવાન એ યુદ્ધમાં મરણ પામ્યો. પરંતુ જ્યારે તે ઘેર આવ્યો ત્યારે તેણે પોતાની માતા ઉપર લખેલા એક પત્રમાં પેલી ઇટાલિયન બાઈની માયાળુતા અને તેણે આપેલા જીવતદાનની વાત તેના નામ-ઠામ સાથે લખી હતી. તેની એ માતા ઉપર ખૂબ જ અસર થઈ હતી. એ અસર એટલી ઊંડી હતી કે યુદ્ધ બાદ બે વર્ષ સુધી તેણે પોતાની બચતમાંથી પૈસા ભેગા કર્યા અને તે પૈસામાંથી આટલાન્ટિક ઓળંગી જવાની ટિકિટ લઈ, નાનામાં નાની મુસાફરી કરી તેણે પેલા ગામડામાં જઈને મોટી મુશ્કેલીએ એ બાઈનું ઘર શોધી કાઢ્યું. એ બાઈ એક ગરીબ ખેડૂતની સ્ત્રી હતી. માતાએ એ બાઈના હાથમાં એક નાનું પેકેટ મૂક્યું, જેમાં એક સોનાની ઘડિયાળ હતી. એ ઘડિયાળ જ્યારે તેનો પુત્ર મરણ પામ્યો ત્યારે તેને ઇનામમાં મળી હતી. પુત્રના મૃત્યુ બાદ એ માતાએ તેને સાચવી રાખ્યું હતું, અને તેનો પોતાના પુત્રના જીવતદાન સાથે સંકળાયેલી માનવતાની કદરમાં સ્થાન કર્યું હતું !

એ માતાના આ વિશિષ્ટ પ્રકારના આભારદર્શન પાછળના હૃદય પર કોઈનું અત્યંત ચમત્કારિક નીવડ્યું કે આજુબાજુના ગામોમાં પણ તે વાત પહોંચી : 'ખરો ઠાઠ પામ્યું.'

ઑફિસો ચલાવતા મેનેજરો પેઢીઓ ચલાવતા શેઠિયાઓ કે દુકાનો ચલાવતા દુકાનદારો સમજે છે કે અમે કારકુન નોકર કે ગુમાસ્તાને તેમના કામના બદલામાં પગાર આપીએ છીએ, એટલે તેઓએ બધું કામ બરાબર કરવું જોઈએ, પરંતુ કેટલીક વાર તેમને અનુભવ થાય છે કે એ કામ બરાબર થતું નથી ત્યારે તેઓ માણસાઈ બેદરકારી માટે તેમને ઠપકો આપે છે આવા ઉપરીઓ ભૂલી જાય છે કે નોકરોના સારા કામ બદલ તેમને ઉત્સાહપ્રદ કે ઉત્તેજનનો એક પણ શબ્દ નહિ કહેવાના પરિણામે જ તેઓમાં કામ બરાબર કરવાની ચીવટ કે ઉમળકો રહી શકતો નથી અનેક સમજદાર વેપારીઓનો એ અનુભવ છે કે નોકર તરીકે પગાર લઈને રહેલા કામ બદલ પણ આભારદર્શન નહિ તો કદરનો એક મમતાભર્યો બોલ ગાર કેટલીક વાર સેંકડો રૂપિયાના બદલાની ગરજ સારે છે પોતાના કામની કદર પૈસાથી નહિ તો સૌજન્યભર્યા શબ્દોથી તો થાય છે એટલા ઉપર પણ નોકરો સરસ કામ કરી આપનારા નીવડે છે

આર્નોલ્ડ બેનેટ એક જાણીતો લેખક છે તેના પુસ્તકો જે પ્રકાશક બહાર પાડતો હતો તે પોતાની સેક્રેટરી એક જુવાન સ્ત્રીના કામની ખૂબ પ્રશંસા બેનેટ પાસે વખતો-વખત કરતો એક વાર તો બેનેટે તેના સેક્રેટરીને જાતે જ પૂછ્યું 'તમારો નોકર કહે છે કે તમે બહુ સરસ કામ કરો છો, તો કહો તો ખરા કે તમારા કાર્યકૌશલ્યની ચાવી કઈ છે ?'

સેક્રેટરીએ સ્મિત કરીને જવાબ આપ્યો 'એની ચાવી મારી પાસે નથી શેઠની પોતાની પાસે છે!' ચાવી એ હતી કે જ્યારે જ્યારે તે કાંઈ પણ કામ—નાનું કે મોટું—કરતી ત્યારે શેઠ તેની થતી કદર શબ્દોમાં વ્યક્ત કર્યા વિના રહેતો નહિ કામમાં કાંઈ ખામી રહી હોય તો તે ખામી દર્શાવનાર થયેલા કામમાંથી થોડી પણ ખૂબીની કદર ઉચ્ચાર્યા વિના તે રહેતો નહિ એ જ ચાવીથી સેક્રેટરી પોતાના કામમાં ખૂબ ચીવટ રાખતી, પૂરા તન-મનથી તે કામ કરતી

કેટલાક લોકો એમ માને છે કે નોકરના કામના વખાણ કરીએ તો નોકર બહેકી જાય તેના કામમાં તો ખોડ કાઢતા રહીએ તો જ તે ચીવટ રહે આ માન્યતા ભૂલભરેલી છે અત્યંત વખાણ કરવાની હંમેશાં જરૂર હોતી નથી, અને કદર કરવાનો અર્થ મોઢામોઢ વખાણ કરવા એવો થતો નથી સુઘટિત શબ્દોમાં માણસને તેના કામની કદર કરવી એ માનવ માત્રનું સ્વીકારેલું મૂલ્ય ગાન છે

આભારદર્શનનો પ્રસંગ મળે જેટલું કરીએ તેટલું ઓછું છે ભૂલશો નહિ કે એક આભારદર્શક શબ્દ કદર કરનારો ઉદ્‌ગાર કે આહ્લાદક સ્મિત ઉપર તો આપણા લોકોના અને પરિચયીઓના જીવન ઘડાતા હોય છે



બ્રિટનના તત્ત્વચિંતક સી ઈ એમ જોડ શ્રી રાધાકૃષ્ણનના સહધર્મ એક વાર એક મનોરંજક વાત પ્રગટ કરતા કહ્યું છે—'એક જ વેળાએ નિવાસસ્થાને એક વખત રાધાકૃષ્ણન અને પ્રસિદ્ધ લેખક ડબલ્યુ એન. સુલિવાન બેઠા હતા વિજ્ઞાન તત્ત્વજ્ઞાન અને કલાસંબંધમાં વાતચીત થઈ રહી હતી રાધાકૃષ્ણન સિવાય સૌ આ વાતચીતમાં ભાગ લઈ રહ્યા હતા પણ રાધાકૃષ્ણન મોટા ભાગે મૌન રહીને અમારા બધાની વાતો એકાગ્ર ચિત્તે સાંભળી રહ્યા હતા પણ જ્યારે કાંઈક કહેતા ત્યારે ચોક્કસ રીતે કહી દેતા જે રીતની વાતચીત થઈ રહી હતી એમાં એમનું મોટા ભાગનું મૌન સંપૂર્ણ રીતે અર્થપૂર્ણ હતું મારા પર એમનો ખૂબ જ પ્રભાવ પડ્યો અને આ વાતચીત દરમિયાન એમણે કહેલું આ વાક્ય તો કદી હું ભૂલનાર નથી—'પશ્ચિમના લોકોએ પક્ષીની જેમ ઊડતા શીખી લીધું છે માછલીઓની જેમ પાણીમાં તરવાનું શીખી લીધું છે પરંતુ મનુષ્યની જેમ પૃથ્વી પર કેવી રીતે રહેવું જોઈએ એ તેઓ હજુ નથી જાણતા



પન્નાલાલ પટેલ

ચીકુનો ચોર

[illegible]

વિનુએ કહ્યું [illegible]

[illegible]

મે કહ્યુ 'એ બાપુ હશે પણ જ્યાં સુધી આપણે એને ચોરી કરતાં નજરે ન જોઈએ ત્યાં સુધી આપણાથી એને માટે કહેવાય જ નહિ '

'પણ એ તો આ મ કરીને, એવુ તાકતો 'તો બાપુજી કે કે '

વિનુને ગુચવાતો જોઈ મે કહ્યુ 'જાણે આખો વડે ચીકુ ન ખાઈ રહ્યો હોય !' અને હું હસવા લાગ્યો

'હા હા બાપુજી, ખરી વાત '

'પેલી છોકરીય એમ જ તાકતી 'તી, હા બાપુજી !' મનુએ કહ્યુ

'હવે છોકરી છોકરી કર્યા વગર રે' ને, તને કઈ સમજ પડે નહિ ને !' વિનુ મનુ ઉપર ચિડાઈ ઊઠ્યો

'જુઓ બાપુજી ! ભાઈ મને '

આ મનુને ખોળામા ખેચતા બોલી ઊઠી 'તમે બે આમ કરતા કરતા વઢી પડશો ' ને તોડ કાઢ્યો, 'ચાલો બેઉ સાચા, બસ? છોકરોય ચોર ને છોકરીય ચોર !'

મને આનો આ તોડ ન રુચ્યો કહ્યુ 'નહિ એમ કરો, હવેથી તમે બેઉ સતાઈને જોયા કરો પેલી કોટ ઉપરની ડાળીએ બીજા બે ચીકુ પાકવા આવ્યા છે એટલે આ એક બે દિવસમા જ ચોર હશે એ આવ્યા વગર નહિ રહે '

મનુ ખુશ થતા બોલી ઊઠી 'હા આવવાનો ને પછી પકડાઈ જવાનો હે ને બાપુજી ?'

વિનુને મનુનો આ હર્ષ ન ગમ્યો મો બગાડતા બોલ્યો 'આ મનુ જ બગાડી આપવાની !'

'શી રીતે ?' મે પૂછ્યુ

'ઉતાવળ કરીને બોલી પડવાની'

વિનુની વાત મને સાચી લાગી ને મે એને થોડુક સાનમા સમજાવ્યો થોડાક શબ્દ મનુ ન સાભળે એટલા ધીમેથી કહ્યા તો થોડાક શબ્દો ઉતાવળેથી પણ બોલ્યો 'તો એમ કરવાનુ એને ખબર ન એ રીતે સતાઈને હળ !'

મનુ ખાસ કઈ સમજી નહિ ને હા હા કરી ઊઠી 'ખરી વાત, સતાઈને પછી જોઈ રે'વાનુ હા હુ સમજી ગઈ !'

'તો ચાલો ત્યારે સૂઈ જાઓ હવે કાલથી રોજ સવારમા બકરા ચરવા જાય ને વખતે ને સાજે પાછા ફરે તે વખતે બરાબર ખબર રાખવાની '

ખુશ થઈ ઊઠેલા વિનુએ પૂછ્યુ 'કાલે ભણવાનુ નહિ ને બાપુજી ?'

મનુ બોલી ઊઠી 'હા ! નિશાળે પણ નહિ જવાનુ વળી '

અમે બે હસવા લાગ્યા બાએ કહ્યુ 'હાસ્તો, કાલે વાઘ પકડવાના છો એટલે—'

'હા, હા જો ત્યારે કાલે પકડીએ છીએ કે નહિ ' કહી વિનુએ માથુ ઉછાળ્યુ

'હા વળી જોજે ' મનુએ આખો નચાવી

મે કહ્યુ 'જો વિનુ, સવારમા તારે નાહી ધોઈને ચોપડી લઈને, ઓરડામા આ બારી આગળ બેસી જવાનુ પછી પેલા ગોવાળિયા અહીંથી પસાર થઈ જાય એ પછી તમારે

પણ નિશાળે તો જવાનું જ ને તારે મનુ, નિશાળેથી આવ્યા પછી ખબર રાખવાની કેમ બગાગર ને ?'

'હા ખરી વાત.' મનુ મલક થઈ ગઈ

વિનુને પણ કંઈ વાંધો ઉઠાવવા જેવું ન લાગ્યું ને અમે બધા અંદર જઈ સૂઈ ગયા

આ વાતને ત્રણેક દિવસ થયા હશે ને એક સવારે વિનુ હાંફળો ફાંફળો મારા ઓરડામાં આવી લાગ્યો 'બાપુજી, બાપુજી, ચોર ! પેલો છોકરો કોટ ઉપર '

સફાળો હું બહાર ધસ્યો. વિનુની બા પણ રસોડામાંથી બહાર નીકળી ફફતર ગોવઠતી મનુ પણ દોડી આવી

હું સીધો જ કંપાઉન્ડ બહાર નીકળી ગયો. વિનુ પણ પાછળ જ હતો ને અમે બેઉએ પેલા છોકરાનો માર્ગ આંતરી લીધો

એ છોકરો વિનુ જેવડો જ હતો. અમને રસ્તા આડે ઊભેલા જોઈ એ ગભરાઈ ગયો ચડ્ડીમાં ભરેલાં ચારેય ચીકુ એણે પડતા મૂક્યા ખીર્તા બીતા કોટ ઊતર્યો એક બે ડગ ભર્યાં, પણ પગ જાણે ભાંગી ગયા હોય એ રીતે !

'કે, મ ?' કહેતાં મેં આંખોમાં બનાવટી ક્રોધ ભરી એની તરફ પગ ઉપાડ્યો

છોકરો રડી પડ્યો રાડારાડ કરી મૂકી. 'ના સાહેબ હું તો ખાલી '

મેં કહ્યું 'તું રડ કે ન રડ હું તને પોલિસને હવાલે કર્યા વગર છોડવાનો નથી ચાલ, એક વાર આ ચીકુ ઉપાડી લે '

છોકરાનો વિચાર હજુય ભાગી જવાનો હતો

મેં વળી કહ્યું : 'જો ભાગ્યો તો આ મારો વિનુ આજ બગલાને પકડે એ રીતે તને પકડી પાડશે, માટે સીધે સીધો એક વાર મારા બંગલામાં ચાલ '

મનુ એ ત્યાંથી ખસક્યા જ નહિ ને એનું કાંડું પકડ્યું. ચીકુ પાસે લઈ જતાં કહ્યું 'ઉઠાવ ચાલ આ ચારેય ચીકુ ઝીણી લે !'

છોકરાને ના છૂટકે ચીકુ ઉઠાવવા પડ્યા એ પછી હું એને મારા ઓટલા ઉપર લઈ ગયો.

*

આ બધો તમાસો જોઈ આસપાસના બંગલાવાળા બહાર નીકળી આવ્યાં હતા એ મને કહેવા લાગ્યા 'સોંપી દો એને પોલિસમા .. થોડાક મેથીપાક ચખાડો એવો ટીપો કે એ ભૂલી જાય.' તો નાનાં છોકરા અમારી આસપાસ ટોળે વળી ગયાં મનુ જેવડાં હતાં એમના મોં ઉપર દુ:ખ હતું વિનુ જેવડાને એની દયા આવતી હતી પરંતુ વિનુથી મોટા હતા એવા છોકરાઓની આંખોમાં તિરસ્કાર હતો કોઈ કોઈના હાથ તો એને મારવા માટે ચળવળી પણ ગયા હતા

એટલે બેઓ મેં એ છોકરાને કહ્યું 'જો, સાચું બોલીશ તો હું તને જવા દઈશ. કે' હવે, કેમ તેં ચોરી કરી ?'

છોકરો ગલ્લાં તલ્લા કરવા લાગ્યો 'ના સાહેબ, મને તો પેલો બાબુડો છે એણે કહ્યું હતું !' અને એણે બકરા ગયા હતા એ દિશામાં નજર નાખી પણ બાકી કે બાબુડો



કોઈ દેખાતું હોય તો ને ?

મેં કહ્યું : 'પેલા બગલામાં પપૈયાં છે એ તોડી લાવ જા '

છોકરો કંઈ ન બોલ્યો એણે આંખો ચોળવાનું ચાલુ રાખ્યું.

'કેમ ? હું તને કહું પછી કેમ નથી જતો ?'

'માર પડે સાહેબ.'

'ત્યારે અહીં તને મારની બીક ન લાગી ?'

'હવે કદી નહિ ચોરું સાહેબ ?' કહી છોકરાએ હાથ જોડ્યા. મોં ઉપર રુદન પથરાઈ રહ્યું હતું—ડાઘવથી અરડાયેલું તુંબડું જાણે

ભાનુ બોલી ઊઠી : 'જવા દો બાપુજી, હવે નહિ ચોરે !'

વિનુએ વાંધો ઉઠાવ્યો. 'હા, એને જવા દેશો, તાગ કઢો !'

એક મોટો છોકરો બોલી ઊઠ્યો. 'અરે આ તો ઢોંગ કરે છે' મને કહ્યું : 'મેથીપાક થોડોક તો ચખાડો જ, જોશીકાકા '

પણ બાએ ઈશારો કરી મને ના પાડી એ પેલા છોકરાને પૂછવા લાગ્યાં : 'હવે કોઈ દિવસ કરીશ ચોરી ?'

છોકરાએ માથું હલાવી ના પાડી. દયા માગતો બોલ્યો : 'કોઈ દન નહિ આવું .. આવું તો મને મારી નાખજો. આટલો ફેર જવા દો સાહેબ.'

'તો સાચી વાત કર. અત્યાર સુધી અહીંથી કેટલાં ચીકુ ચોર્યાં છે ?'

'મેં તો સાહેબ, બે જ ફેરા બબ્બે બબ્બે '

'ને બબુડે ?'

'એણે ત્રણ ફેરા, સાહેબ.'

મેં પૂછ્યું 'કેટલાં કેટલાં ?'

છોકરો બોલ્યો . 'જૂઠું નહિ બોલુ. સાહેબ. પણ કોઈ ફેરા ત્રણ ને કોઈ ફેરા ચારેય લાવતો 'તો સાહેબ '

'એટલે આજે ચીકુ ચોરવાનો તારો વારો હતો એમ જ ને ?'

છોકરાએ ડોકું હલાવી હા પાડી.

મેં પૂછ્યું : 'બબુડો તારાથી મોટો છે કે નાનો ?'

'મોટો સાહેબ,' અને એણે એક પંદરેક વર્ષના કિશોરને દેખાડતાં કહ્યુ . 'આમના જેવડો, સાહેબ '

'આ ચીકુ તને આપું તો તારો વારો પૂરો થઈ જાય ને ?'

'ના-હા સાહેબ.' ન માનતો હોય તેમ છોકરો બોલ્યો

'પણ પછી કોઈ દિવસ ચોરી કરવાની નહિ હો ? જો કરી તો....'

'નહિ કરું સાહેબ કોઈ દન નહિ કરું !' ઊભરી આવતા આનંદને એ દબાવી રહ્યો હતો.

થોડાંક છોકરા બોલી ઊઠ્યાં : 'જૂઠું બોલે છે હોં જોશીકાકા '

'ના સાહેબ, તમે કો' એના સોગન ખાઉં. કહીય—'

મેં પેલા છોકરાઓને પૂછ્યું 'કેમ જાણ્યું જૂઠું બોલે છે ?'

એક કિશોર ટોળામાં દાખલ થતાં બોલ્યો :

'આ તો પાકો ચોર છે, જોગીકાકા. એક વાર અમે એને મેથીપાક ચખાડ્યો હતો. તો ય હજુ કોઈ કોઈ વાર હાથ મારી જાય છે.'

છોકરો વળી ગભરાયો. બોલ્યો 'ના સાહેબ, હવે નો હું. એ તો પેલો બબુડો કે તો હવે કદીય '

હું વચ્ચે બોલ્યો 'પણ જો એમ જ કરીશ તો તારા માટે મેથીપાક તો છે જ. પણ સાથે સાથે પોલિસથાણું યે ઉઘાડું છે.'

છોકરો બોલ્યો - 'પણ ચોરી કરું તો ને સાહેબ!'

ને મેં એને પેલાં ચીકુ આપતા પ્રેમ સાથે થોડીક શિખામણ આપી અંતમાં કહ્યું 'જો દુનિયામાં સુખી થવું હોય તો એક કહેવત છે એ યાદ રાખ "સાપ ખાઓ પણ ગુણ ન ખાજો!" જા હવે. કોઈએ છીએ જો તુ મારનો ગભરુ છે કે પછી ભલાઈનો જીવ છે!'

'હા સાહેબ, કોઈની ચોરી કરું તો કે'જો હવે!' કહી છોકરાએ મોં ફેરવ્યું. એની હથેળી ચાટતા જોતાં લાગતું હતું કે એ એના આનંદને પણ દબાવી રહ્યો છે.

એટલું જ નહિ બે-ચાર કિશોરોને પાર કરતા આસપાસનાં આ છોકરાના મો ઉપર એટલો જ આનંદ હતો.

વિનુ તો પેલા છોકરાને સલાહ પણ આપવા લાગ્યો, 'રોજે પાછો ફરીથી ચોરી કરતો!'

તો મનુ જાણે એ છોકરાની વતી ટાપસી પુરવા લાગી 'ક્યારે જ નહિ ને પણ!'

ને સાચે જ આ બનાવ પછી એ છોકરાએ ફરી કોઈ વાર ચીકુની ચોરી નથી કરી એટલું જ નહિ, એક દિવસ વિનુ પાસેથી ખબર પડી કે ઊલટાનો એ છોકરો અમારા ચીકુનો ચોકિયાત બની રહ્યો છે. કોઈ કોઈ વાર વિનુ-મનુને કહે છે પણ ખરો, 'ભાઈ, પેલો બબુડો નાકનો 'તો પણ મને જોઈને જતો રહ્યો. ગાયવાળી છોકરીને તો કહી દીધું છે કે જો કોઈ દન ચીકુ સામે જોયું છે તો સાહેબ પાસે જ પકડી લઈ જઈશ.'

એટલે જ તો વિનુ-મનુ ચીકુનો ફાલ ઊતરતાં આ ચોકિયાત ચોરને એની ગમેવાળી આપવાનું ચૂકતા નથી ને! એનું નામ પણ એમણે જાણી લીધું છે. વિનુ કહે છે 'આમાંથી બે ચીકુ મગના '

મનુ પણ ટાપસી પૂરે છે. 'હા બાપુજી, આપવાનાં જ વળી!'

અને હું પણ, 'ભાઈ પે'લો ભાગ ચોકિયાતનો,' આમ કહી એને બદલે ત્રણ ચીકુ જુદા મૂકતાં છોકરાંના આનંદમાં ઉમેરો કરું છું, 'બસ હવે?'

['બાલદક્ષિણા'માંથી]



હાથથી કામ કરતો માણસ મજૂર કહેવાય છે. મગજથી કામ કરતો માણસ ચિંતક કહેવાય ને દિલથી કામ કરતો માણસ પ્રેમી કહેવાય છે. પણ જ્યારે કોઈ માણસ હાથ, મગજ અને દિલથી એક સાથે કામ કરે છે ત્યારે એ કલાકાર બની જાય છે.

એમલિન ફ્રાંક



રેહાના તૈયબજી

કળિયુગ અને રામનામ

મૌલિક અને વિશદ ચિંતન રજૂ કરતાં આ લેખના લેખિકા બહેન કાકાસાહેબના હિંદી સામયિક 'મંગલપ્રભાત'માં નિયમિત લખે છે. આ લેખ 'મંગલપ્રભાત'માંથી અનુવાદ કરીને અહીં મૂક્યો છે જે વાચકોને ગમશે જ

સાં ભળ્યા પ્રમાણે નારદમુનિએ કળિયુગના દુઃખોના ઇલાજ તરીકે રામનામને ગણાવેલ છે. વર્ષો સુધી હું વિચારું છું કે મુનિશ્રીનો રામના નામ પાછળનો મતલબ શો હશે? મેં જોયું છે કે કેટલાય લોકો જિંદગી આખી રામનું નામ જપે છે, માળા ફેરવે છે, રટણ કરે છે તો પણ એમના દુઃખોમાં દેખીતો કોઈ ફેરફાર નજરે ચઢ્યો નથી. કળિયુગની અસરથી દૂર રાખે એવું આ કયું રામનામ છે? મેં અનુભવથી જોયું છે કે સંસ્કાર અને સ્વભાવ બદલવામાં સહુથી વધુ સમર્થ મંત્ર બને છે એ રામનામ તો છે જ, પણ એમાં પ્રાણ રેડાયો હોય ત્યારે જ. જેમ બીજી અને પ્રાણ રેડેલી છબીમાં જેટલો ફેર હોય છે તેટલો જ ફેર આમાં પણ હોય છે.

થોડાક અઠવાડિયા પહેલાં એક જર્મન આત્મબંધુ આપણા એક ખૂબ ગમી જાય એવી વ્યક્તિ અહીં લઈ આવ્યા. આ ભાઈ જર્મન તત્ત્વશાસ્ત્રી (Metaphysician) છે. આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર માણસ છે. તેમણે આ દેશની રાષ્ટ્રીયતા સ્વીકારી લીધી છે. ભારતના આશક છે અને ગૂઢ ચિંતનશીલ મહાન સજ્જન છે. તેમનો સવાલ આ હતો:
'૧૯૬૨ના વર્ષ વિષે આપનો શો અભિપ્રાય છે?'
મેં કહ્યું, 'હું માનું છું કે '૬૨નું વર્ષ ભારે પ્રલયનું વર્ષ થવાનું છે. આ ભવિષ્યવાણી મહાભારત અને પાક કુરાનમાં સ્પષ્ટ કરવામાં આવી છે અને એ બધું યાદ કરીને એ પ્રકાશ વડે જ્યારે આપણે આજનો જમાનો જોઈએ છીએ ત્યારે દરેક વાત હકીકત બનતી જાય છે.'
'શું દુનિયાનો અંત આવશે?' એ બોલ્યા.
'હવે માણસનું ચાલે તો એમ પણ થાય! આજનો માણસ અર્જુનને નામે વિનાશની પૂજા કરી રહ્યો છે.'

'મેં ખૂબ ચોંકાવે તેવી અને હેરાન કરી નાખે તેવી એક વાત સાંભળી છે. થોડા સમય પહેલાં તિબેટના એક વિદ્વાન લામાએ ભવિષ્યવાણી ભાખેલી કે અણુશક્તિની અસરથી માનવજાતનું કદ એટલું ઘટી જશે કે એ ઠીંગણી બે ફૂટના થઈ જશે. એ વિષે આપ શું માનો છો?'

હું વિચારમાં પડી ગઈ અને કહ્યું, 'કેમ ન થાય? અણુશક્તિ ચોખ્ખી અગ્નિશક્તિ છે અને અગ્નિ રસ ચૂસી લે છે અને સૂકવી નાખે છે. આજનો ભૌતિકશાસ્ત્રી ધરતીમાં અણુશક્તિનો સંચાર કરવા મથી રહ્યો છે જેથી ધરતીની નીપજ ખૂબ વધે. પણ એ નથી વિચારતો કે એ મોટા મોટા ફળો અને શાકભાજીમાં કયા તત્ત્વો ભર્યાં હશે? આપણે અગ્નિ જ ખાયા કરીશું તો સુકાઈ ને સંકોચાઈ કેમ નહિ જઈએ?'

એ ભાઈ બોલ્યા, 'હું ખૂબ ચિંતામાં પડી ગયો છું.'
'ચિંતા તો થાય જ. પણ ભગવાનેય છે ને! કોણ જાણે કેમ—કદાચ એ કલ્પના સાચી પણ હોય—પણ મારું મન કહે છે કે ભગવાન આપણને આ પ્રલયથી બચાવી લે એ મારાથી જોઈ શકાશે નહિ.'
'મારી પણ તમારા જેવી જ હાલત છે. પણ એટલું જરૂર છે કે અણુઅસ્ત્રોની અસર પશ્ચિમની પ્રકૃતિ ઉપર થવા લાગી છે.'
હસીને હું બોલી, 'એમ! એ લોકોએ પોતાના બચાવની બધી તૈયારી કરીને અમારા દેશ પાસે બોમ્બ ફેંક્યા હતા તો આમ કેમ?'
'હા, એ અજબની વાત છે! પૂર્વના દેશો પર એટલી અસર નથી થઈ—ખાસ કરીને ભારત ઉપર નથી થઈ.'

'એ અસરનું પરિણામ કેવું હોય છે?'
'આપની નીચેના ભાગમાં રૂપેરી ખીલ જેવું થાય

છે લાભ નહીં જાય છે—જેમાંથી ત્યાંથી નીકળે છે અથવા પશ્ચિમના દેશોમાં આ અસર થતી હોવી છે

ખૂબ ઊંડા વિચારમાં પડી ગઈ અને આ આપણો સવાલ માગ [illegible] પાસે રજૂ કર્યો એમની પાસેથી જે જવાબ મળ્યા એ મેં આ શાસ્ત્રીને કહી સંભળાવ્યો આવું કેમ બન્યું ? પ્રકૃતિના કોઈ ભૌતિક કારણ પડવો નહીં એ મને લાગે છે કે કદાચ અમારી આધ્યાત્મિક વિધિઓ આવું મૂળ કારણ હશે અમારી આધ્યાત્મિક તરફીણ મનને પ્રકાશમય બનાવી દે છે અમારા પ્રાણીઓમાં અગ્નિ પાણી પૃથ્વી આકાશ અને વાયુ—આ પંચમહાભૂતોનું નજીકથી સેવન થાય છે અને અમારું શરીર પ્રકૃતિની સાથે ભળી જાય છે એના પરિણામે આકારની કુદરતમાં જે જે ફેરફાર થતા રહે છે તે અમારા શરીરમાં પણ સહજ સ્વાભાવિક રૂપે થતા રહે અને એ અસર અવળી નથી પડતી અથવા તો એમાં કોઈ અસાધારણ વિકાર પણ પેદા નથી થતો શું આવું થઈ શકે ખરું ?

‘જરૂર થઈ શકે

‘પશ્ચિમના લોકોએ પોતાની સભ્યતાને [illegible] દ્વારા ઊભી કરી છે જીવનને કૃત્રિમ બનાવે, કૃત્રિમ બનાવ્યું એટલા તમે વધારે અસભ્ય સંસ્કારી અને અસંસ્કૃત છો એટલે કુદરતનો સાથ કે સરનામું એ તમારા માટે ન રહ્યાં

આ હોના કહેતાં જ ગભરાઈ ગઈ અને અધા ગંભીર બની ગયા હતા કારણ કે આ વાત અપનાના વિના મારી સાંભળવાથી નહોતી અમારા બધાનો એ અનુભવ હતો કે આજના માનવીનું જીવન કેટલી હદ સુધી તનાવમાં આવી ગયું છે કે એની શાંતિ પણ તમે આધ્યાત્મિક આચારથી બચવા કોઈ પ્રયોગ લઈ શક્યાં છો ખરા ?

હા એમના આ [illegible] હતી

મેં વર્ષો સુધી આ વાત ઉપર ચિંતન કર્યું છે પરંતુ કહેવા દો કે પશ્ચિમ સાથે આપણો મેળ નહીં રીતે સધાય ? આ આધ્યાત્મિક એક જ [illegible] અને તો દેખાય છે અને તે છે યોગ

યોગ આ માની આધાર

પણ પશ્ચિમમાં હવે યોગસાધના માટે નહેર પ્રતિષ્ઠા છે ત્યાંની પરંપરા રીતરિવાજ વાતાવરણ જીવન—આ બધું એ એવાં છે કે ત્યાં યોગસાધના વિકૃત પેદા કરી દે જો આનું માત્ર આવતામાં આવે છે એ [illegible] રોગને માટે નહેર પ્રતિષ્ઠા બનાવી શકે છે એટલે ભારતીય યોગ તો તેમને માટે સાવ નકામો છે પ્રકૃતિનું બધી રીતે નવસર્જન ન થાય ત્યાં સુધી બીજી ચીજ છે અને પણ તમે આધ્યાત્મિક જીવનને તો ભાવ છોડી દીધો છે

‘શરમન ટેકનિક દેશમાં હજુ મંત્ર—સેવન રહ્યું છે ’

મને એકદમ એક ચિંતન આવ્યો મને એ તો કહો કે પશ્ચિમના લોક આપણાથી વધુ ને વધુ ટેકનિક સંબંધ લગ વગર આગળ છે ખરા ?

શાસ્ત્રીએ એ ભાવ બોલ્યા હા

મેં કહ્યું જો ટેકનિક લીધે નહિ અને લીધે !

એ મેં તો મનજીને [illegible] કહ્યું હા એ જ કહ્યું છે કે ? આજની વાત ! તારિખ સંનિષ્ઠ પતાવેના આ રસ્તે આમાં દુનિયા નથી જઈ રહી ’

✱

એક વાર હું સ્વામીને પ્રેમ આપતા જોયું કે દંડવત માટે મારી કાય છે આપ્યું હાથ નજરે કોઈવાર જોયેલું નહિ હતું કે પહેલવહેલું જોયું હું આશ્ચર્ય થઈ પડ્યો પ્રેમ દૂરથી મને આપ્યું પ્રણામ કરી દીધું અમારે ત્યાં પુરુષે જ માત્ર આપ છે સ્ત્રીઓ નહિ મારા પિતાને મેં માથું ઝુકાવવાની વાત કરી નમવું મને ભૌગોલિક કારણોને લીધે સારો આવું આવશ્યક છે એ સમજાયું પાછું હું એકલો થઈ ન શકે

—ગુરુદયાળ મલ્લિક

ચંદ્રકાન્ત બક્ષી

શનિવારની સાંજે

માનવમનના મનોવ્યાપારને આબાદ રીતે રજૂ કરતી આ વાર્તાના લેખક હવે તો ગુજરાતને અજાણ્યા નથી વિવિધ પ્રકારની શૈલીવાળા આ વાર્તાકારની આ વાર્તા ઊર્મિના વાચકો માટે પહેલી છે—હવે પછી પણ તેમની વાર્તાઓ વાચવાની તાલાવેલી જગાવે તેવી.

આ બીની સાથે એમ કે ઝઘડો નહીં કરવાનું અમે નક્કી કર્યું હતું કાલે રાત્રે અમે ઝઘડ્યા ત્યારે બેબી એની ડોલને સાથે લઈને જ સૂઈ ગઈ હતી, રાતનું દૂધ પીધા વિના બેબીને માટે જ અને રાત્રે દૂધ લેતા હતા બેબી એક જ હતી અને એક વર્ષની થવા આવી હતી થોડા દિવસ પર એને ઉટાટિયો માંડમાંડ મટ્યો હતો આશાનો અવાજ મોટો થયો એટલે એ જાગી ગઈ અને એનું મોઢું રડવા જેવું થઈ ગયું, ' મમ્મી '

'કેમ, ડાર્લીંગ ' મેં એને માથે હાથ ફેરવ્યો

' પપ્પા મારે છે ! ' એ બોલી ગઈ અને મારી સામે જોઈને ગભરાઈ ગઈ

આશાએ એને ઊંચકી લીધી અને અમે ઝઘડા બંધ કર્યો એને છાતી સાથે દબાવીને એણે કહ્યું, કોઈ મારે નહીં બેટા હું તારી પાસે છું ને ! કોઈ મારે નહીં, હોં !.' એની પીઠ પર હાથ ફેરવતા એણે કહ્યા કર્યું. બેબીને જાણે સ્વપ્ન આવી ગયું હતું એ ચૂપ થઈ એની નજર ડોલ પર પડી મેં ડોલ ઊંચકીને એના હાથમાં મૂકી અને એણે હાથથી તરછોડી ફેંકી દીધી આશા હસી, પરણ્યા પહેલા હસતી હતી એવું

' દૂધ પીવું છે ? ' મેં પૂછ્યું

પણ એ બહુ ડાહી બની ગયું હતું એવી દૂધ પીધા વિના ફરી સૂઈ ગઈ આશા અને હું સૂઈ ગયાં સવારે રસોઈ તૈયાર કરીને આશાએ મને વહેલો જમાડ્યો અને ઓફિસ મોકલી દીધો બોલ્યા વિના જ અમે ઝઘડતા હતા અને બેબી રમતી હતી

ઓફિસ છૂટયા પછી ઉટ-રીપ વાર સુધી બેસી રહ્યો ઘેર જવું ન હતું આ ઝઘડાઓનો કંઈક અંત હોવો જોઈએ ક્યાં સુધી આ બધું ચાલી રહે ? છેવટે હું ઊઠ્યો અને મોઢું ધોઈને નીચે આવ્યો અને સામે જ મેહરા મળી ગયો, ઘણા દિવસે.

' ઓ હો ! આજે આ તરફ ? ' મેં પૂછ્યું

' તું ક્યાંથી ? ઓફિસથી ? ' એણે સવાલ કર્યો.

' હા જ તો '

ક્યાં જાય છે ?

' ક્યાંય નહીં, આટલામાં જરા કોફી પીવા ચાલ

અમે બન્ને મોટી હોટેલમા ઘૂસ્યા અને કોફીનો ઓર્ડર આપ્યો એણે એક પેકેટ ખોલ્યું અને મને પેસન્ટ સિગરેટો દેખાડી એક એણે લીધી, એક મને આપી ઘણા દિવસે મળ્યો '

' હા, ઘણા દિવસે

' પરણી ગયો ? ' એણે પૂછ્યું એની મૂછો એમ ની એમ હતી ત્યારે હતી એવી જ લાંબી હતી

હા '

' ક્યારે ? '

' સવા બે વર્ષ થયા '

' બાળ-બચ્ચાં ? '

' એક બેબી છે. એક વર્ષની '

' પછી ? '

' પછી કંઈ નથી '

' તું ? ' મેં પૂછ્યું

મને પણ પરણ્યે સવા બે વર્ષ થયા અને એક બેબી છે ' થોડી વાર રહીને એ હસ્યો, ' હા હા '

કોલેજમાં પણ એ આમ જ કરતો હતો

ઘણી વાતો કરી, એ બહાર જઈને બીજી સિગરેટો લઈ આવ્યો મને હમેશા એની વાતોમાં કટાક્ષો જ આવતો આજે આટલા વર્ષો પછી પણ કટાક્ષો આવતો હતો

' વિશાને ઓળખે છે તું ? '

'હા, હા, પેલો આર્ટિસ્ટ ! ટયુબો ખરીદવાનાય પૈસા નતા એની પાસે.'

'હા, બહુ મોટો આર્ટિસ્ટ થઈ ગયો છે. સાંભળ્યું પ્રોફેસર થઈ ગયો. પછી સ્કોલરશીપ લઈને ઇન્ડોનેશીઆ તરફ જઈ આવ્યો. ગયે વર્ષે ઇટલી ગયો હતો. બે દિવસ પર મળ્યો. કહેતો હતો કે યુરોપમાં વીએના જઉં છું. હા હા ' એ હસ્યો. 'આપણે એવા ને એવા રહી ગયા.'

'હા.'

'કામિનીને ઓળખે છે?' હું હા કહું એ પહેલાં જ એણે આગળ ચલાવ્યું. 'આઈ.એ.એસ.માં નંબર લાગી ગયો. બે વર્ષથી પ્રેસિડેન્ટની એમ્બસીમાં ફોર્થ સેક્રેટરી છે, કરોડપતિની છોકરીને પરણ્યો છે. પેલો મને બોલાવ્યો હતો લગનમાં.'

અમે બાજુ ખસ્યા અને ફૂટપાથ પર હાથ મિલાવીને છૂટા પડયા. મોહન ! એની મૂછો, એની સરતો ચિબ ગેટ, એનો જૂનો પોર્ટફોલીઓ, પગના ચંપલ બધું એમનું એમ જ હતું. એની મુફલિસી અને બાહ્ય એમાં ફેરફાર થયો ન હતો.

હું આગળ ચાલ્યો. સડકો પર અંધાર નમતી હતી અને ઑફિસોના ખૂણાઓમાં સાંજ ભરાવા માંડી હતી. શનિવારની સાંજ.


આ ભિખારીએ અને કામિનીએ મારી ગરીબ માણસની સાંજ બગાડી નાખી. ખેર, સરકારની સ્કોલરશીપો અને કરોડપતિની છોકરીઓ ! શું થાય ભાઈ, બે પી અને ફ્રન્ટ રેવેના ઑફસા નેવું રૂપીઆ કેવા સતાડી સતાડીને રાખવા પડતા હતા ! કોઈને ખબર ન પડી જાય પગાર કેટલો છે. બેંકમાં નેવું રૂપીઆ ગરીબો ન કહેવાય પણ દેશમાં બેંક મા અને એક નિરમાન વિધવા મોટી બહેન પણ હતા અને આવા મોટા શહેરમાંની વજનદાર જિંદગીનો ભાર મારા નયા પૈસાઓ ક્યાં સુધી ઊંચકી શકે?

હું આગળ ચાલ્યો. ઘેર જવું ન હતું. એક બગીચો હતો. એને એક દરવાજો હતો. પગથિયાંઓમાં આવે છે એવો હું બગીચામાં પેઠો અને ભીડની અપેક્ષા કરતો એક બેંચ પર ધૂળ સાફ કરીને બેઠો. મને લાગ્યું મારી પાછળ પાછળ જ ઑફિસના ખૂણાઓમાં ભરાઈ ગયેલી સાંજ દબાતા પગે આવી અને ડાળી ઘટાઓમાં ભરાઈ બેઠી. મારા વિચારો સાંભળવા મેં ઝાડો સામે જોવા માંડયું. ઋતુઓનો ક્યારે ખ્યાલ રહે કે કઈ આવે છે—પાનખર કે વસંત? એ પણ ખબર નથી હોતી, મહિનો છે ફાગણ કે જેઠ. એટલી ખબર હતી કે નવો પગાર આવવાને હજી અઠવાડિયાની વાર હતી. હમણાં તો પાનખર જ હતી. પહેલી તારીખે વસંત બેસવાની હતી.

આજે મજા આવતી ન હતી. દૂર ઘાસમાં પેલી બે છોકરીઓ સાથે ધૂળ જેવો બેનો છોકરો બેઠો હતો અને છોકરીઓને હસાવવાને વાતો કરતો હતો. એમને પણ મજા આવતી ન હતી. ઘાસ સુકાઈ ગયું હતું. ઝાડો જૂના થઈ ગયા હતા. તળાવના પાણીમાંથી સ્થિર પડછાયાઓ અને કપાઈ ગયેલા ઘાસ પાંદડાંની વાસ આવતી હતી. પોલિસને રિશ્વત આપીને ઘૂસી ગયેલા એક મગફળીવાળાએ મારી સામે ઊભા રહીને, જોઈને આગળ વધવાનું મુનાસિબ ધાર્યું. બે નાના છોકરાઓ ખોટવાઈ ગયેલા ટયુબવેલમાંથી પાણી કાઢવાની કોશિશ કરતા હતા.

આ બધું રોજ બનતું હતું. ચણાવાળાઓ અને કોહવાઈ ગયેલા પાંદડાની વાસ અને ખોટવાઈ ગયેલો ટયુબવેલ. હું ઊભો થયો. શું કરવું? પરીઓ તો આપી નહીં. ખેર અને પરીકથાઓમાં પાંખો ફફડાવતી પરી રહે. આગળ એક બંધ ફુવારો હતો જેની નીચે લીલ પણ સુકાઈને કાળી પડી ગઈ હતી. ફુવારાના ઐતિહાસિક રંગને જોતો હું આગળ વધ્યો. આગળનો તો અંત હતો નહીં—રસ્તાની લાઈટો, ભિખારીઓ, આઈસક્રીમવાળાઓ, દૂરથી આવતી સ્ટીમરોની વ્હીસલો. સાંજનો ગુસ્સવાટ ખુશ નહીં રાખી શકાય. એનું ઘણું હતું. શનિવારની સાંજે દુઃખી કેમ થઈ શકાય?

આશાને લીધે ઘણું દુઃખ હતું. આ આશાઓ ...ના, પણ



એનો ભાઈ મજાનો હતો. અહીં આવ્યો ત્યારે હું એને આ જ રસ્તે ફરવા લઈ આવ્યો હતો. અને આખું શહેર ખમ્મા ફરી ફરીને બતાવ્યું હતું. આ અમારી મોટામાં મોટી હોટલ. એમાં આઠ ત્રણસો એર કન્ડીશન્ડ સ્યૂટ્સ છે. એમાં પગ પણ મૂક્યો નથી. આ અમારું રાજભવન. ગવર્નર સાહેબ એમાં રહે છે અને વારે તહેવારે એમની સવારી દરવાજાના સળિયા પાછળ પોલિસની લાઈનો કોડ નથી જરા દૂર ઊભા રહીને જોઈ શકું છું. આશાએ કહ્યું, 'આમ કેમ બોલ્યા કરો છો?' મેં જવાબ આપેલો, 'સાચું કહું છું.' આશાનો ભાઈ મને સાંત્વન આપવા હસ્યો. મારું હસમુખું મોઢું એને હસતો જોઈને ખુશ થયું. પણ એ એકસો નેવું રૂપિયાનો પગાર અમારી ત્રણેની આંખોમાંથી ખસતો ન હતો.

આશાનો ભાઈ મોટો બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર હતો. બિલ્ડીંગ કોન્ટ્રાક્ટરો મોટા જ હોય છે અને મોટા હોય છે એ જ બિલ્ડીંગ કોન્ટ્રાક્ટરો થઈ શકે છે. રાતે જમીને અમે વાતો કરતા. હું પણ ઇસ્ટર્ન રેલ્વે મારા બાપની જ હોય એમ લાખો કરોડોના આંકડાની વાતો, રેલ્વેની સ્કીમો, પ્લાન, એસ્ટીમેન્ટ વગેરે આવું અવનવું ગપાવતો. આશાનો ભાઈ મારી વાતો ધ્યાનથી સાંભળતો એમ રહેતો અને હું મને ખુશ કરવા એ ધ્યાન અપાય છે માટે ફરજ સમજી ખુશ થતો. આશાને આ બધું ગમતું. બેઉની રાતની વાતો પૂરી થતી.

'કેમ છો?' સામેથી આવી રહેલા જાડા ભાઈ મહિલાએ મારી સામે હસી લીધું. એ અમારા પાડોશમાં રહેતા હતા.

'ઓ હો. સરસ. કેમ છો?'

'ઓફિસથી છૂટ્યા?'

'હા, આજે થોડું કામ કરી નાખ્યું.' હું મનમાં બોલ્યો, 'હજી તો થોડું કામ બાકી છે. ઘેરે પહોંચવાનું.'

'હવે ઘર તરફ?'

'ના ના જરા ફરવું છે.'

'આવવું હોય તો આવો. ગાડી છે. ઘેરે મૂકી દઉં.'

કારણ વિના એ હસ્યા. કારણ વિના હું હસ્યો. એમનું આખું સુંવાળું, ગુલાબી ગુલાબી શરીર હાલતું રહ્યું. હું આગળ ચાલ્યો. ફરી હસ્યો. જિંદગીમાં કોઈ દિવસ કોઈ લિફ્ટ આપે છે અને એ પણ આવી ગોળમટોળ સ્ત્રી! અને એ પણ ઘેર જવું નથી ત્યારે.

હસ્યો એને દુઃખ થયું. દુઃખની નિરાશાની આખી નિષ્કલંક મહામાર્ગમાં હસવાનો એક ડાઘો પડી ગયો. એ ન ગમ્યું. દુઃખ બરાબર જામ્યું હતું ત્યાં જ આ હસવાએ મજા બગાડી નાખી—શનિવારની સાંજે!

હોટલ, બગીચો, ગોવાળીના માણસો. મેં નદીની રેલીંગ પાસે ચાલતા ચાલતા વિચાર કરવા માંડ્યું. એકલા એકલા ક્યાં જવું અને શું કરવું? બાંકડાઓ પર માણસો, ભિખારીઓ અને પ્રેમીઓ બેઠાં હતાં. પહેલાં આ સમયે એમનો હમણાં ભલે પ્રેમ, ફરીને પાંચ વર્ષ પછી નદીની બોટોના ધુમાડા સામે જોતા જોતા બેસીને મનમાં ગાળેલા મોસમના દિવસો આવશે. નદી વહેતી હતી. રોજની જેમ શનિવારની સાંજે ગાડીઓ લાઈનમાં ગોઠવાઈ ગઈ હતી. સૌ કોઈ જાણે નવી શિક્ષામાં કામે લાગી ગયા હોય એમ આનંદ કરવા માંડ્યા હતા. શનિવારની સાંજનું એ નવું કલાકનું કામ પણ પતાવવાનું હતું.

હું રસ્તો ક્રોસ કરીને ઘાસમાં બેઠો. રોજ ક્યાં ઘાસમાં બેસવાનું પણ નસીબ હોય છે? ચીફ એકાઉન્ટન્ટની શાખામાંથી ગયો એના ટેબલો કરી આપવામાં જ પાંચ વાગી જાય છે અને પછી બસોના ફૂટબોર્ડ પર લટકતા લટકતા શહેરના રાજમાર્ગોની સેર કરવાની હોય છે. ઘર સુધી ઘેર પહોંચીને આશાની આંખોમાં સાંજની રોશની ચમકની—ચકરાની જોતો હતો અને બસમાં ખાધેલા ધક્કા અને તુચ્છકાર ભૂલી જતો—પણ એ બધું ઘણાં વર્ષ પહેલાં થતું. આજે તો ફૂટબોર્ડ પર ઘર જેવું લાગે છે. ઘેર નવી એપેન્ડિક્સ જેવું વાતાવરણ છે અને બીજા કર્મચારીઓની જેમ કોઈ કોઈ વાર મોંઘી હોટેલના રૂમ સર્વિસ કે બારની ટિકિટ ખરીદીને સિનેમા જોવાનો કે બજારની આવવાળી કોઈ વેશ્યાને ત્યાં જવાનો શોખ કેળવી



શકાયો નથી અને આશાઓ ખેંચીને અત્ર સમ [illegible] મળ્યું એ પણ પોતાનો વિલાસ કરતી નથી મારું છે મેદી [illegible] એની માતા જેમ સુખી થશે

આજે ઘેરે પહેલીવાર એણે આશા પૂરી [illegible] આજે આટલું બધું મોડું થયું [illegible] આંખિમાં એનો [illegible] છે, પણ એના અવાજમાં આટલી [illegible] થી હતી અને એટલે જ સારું [illegible] [illegible] છે આશા પૂછે છે ત્યારે પણ મારું [illegible] નાખું છું એના પ્રશ્નમાં [illegible] હોય તે [illegible] [illegible] માનતી નથી અવિશ્વાસ [illegible] એની [illegible] માડી જાય છે હું એને [illegible] [illegible] છું અને એના [illegible] [illegible] છું અમને [illegible] [illegible] [illegible] [illegible] ખુશ કરવા [illegible] આશાના [illegible] [illegible] [illegible] કરવા— [illegible] છે [illegible] છું અને કોઈ [illegible] [illegible] નથી

આશા [illegible] [illegible] તો [illegible] દીધું કે [illegible] [illegible] [illegible] કરું છું એનો જવાબ આપતાં [illegible] એ [illegible] સુધી [illegible] નથી [illegible] છું [illegible] [illegible] નથી—અને એવું [illegible] જિંદગીમાં મેં કોઈ દિવસ [illegible] [illegible] પાસ [illegible] [illegible] ન હતી [illegible] [illegible] [illegible] ઉપરથી લીધી એ [illegible] ડ્રેસર [illegible] છે [illegible] માથા પર [illegible] [illegible] મને [illegible] એ રીતે પણ [illegible] સુખી તો થાય છે [illegible] [illegible] [illegible] પૈસાથી સુખી [illegible] [illegible] [illegible] [illegible] છાનાં એને સુખી [illegible] [illegible] છે [illegible] અવિશ્વાસ [illegible] મારું [illegible] ગરમ થઈ જાય છે મારું [illegible] ગરમ થાય છે ત્યારે તો મને પણ આશ્ચર્ય થાય છે કે [illegible] [illegible] [illegible] ગરમ કેમ થઈ શકે! પણ મારી ગરમી એટલે [illegible] [illegible] [illegible] [illegible] મને ગુસ્સે [illegible] [illegible] [illegible] આવે છે [illegible] હું [illegible] પર [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] પણ [illegible] છે કે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તમને [illegible] ક્યારે તે દિવસથી [illegible] શું [illegible] [illegible]?

આશાના [illegible] કોઈ [illegible] [illegible] [illegible] નથી [illegible] છું કે [illegible] [illegible] [illegible] [illegible] છે

[illegible] [illegible] [illegible] [illegible] અને [illegible]

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અવિશ્વાસ [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ફેલાઈ ગઈ હતી આગળ એક સરસ છોકરી જઈ રહી હતી પાછળથી સરસ લાગતી હતી હું એની પાછળ ચાલવા માંડ્યો એ પણ મારા જેમ વિચારો કરતી હશે એ શા માટે એકલી હશે? હશે કોઈ મજાના છોકરાને પરણી હશે એનો પતિ કોઈ સરકારી દફતર ઓફિસમાં સવારે પોણા નવ વાગ્યે સફેદ શર્ટ અને સફેદ પેન્ટ અને બ્લ્યુ ટાઈ પહેરીને ચાલ્યો જતો હશે અને સાંજે પાંચ વાગ્યે ઘેર આવી જતો હશે અત્યારે એ ઓફિસને કામે ન્યૂ દિલ્હી કે મુંબઈ ગયો હશે એટલે આ એકલી ફરતી હશે પોણા આઠના ભાડાનો ફ્લેટ હશે અને એક ગોખલો બાંધ્યો હશે જેને એ આમ પાસે મરીને આવી હશે બસ સ્ટોપ પર છોકરી ઊભી રહી ગઈ હું પણ ઊભો રહી ગયો બસ આવી એની પાછળ પાછળ હું પણ ચઢ્યો એનો ચહેરો 'પરાગ' જેવા મળતો શરીર જોતાં તો પરણેલી લાગતી હતી અને સુખી ફરતી હતી એણે મારા સામે જોયું એને મેં નજર હટાવી લીધી પરસ્ત્રી સામે હું તાકયા કરું એ ઠીક ન હતું પણ મને લાગ્યું કે મારી સામે તાકયા કરતી હતી કશાક જોઈ હતી એને? ઓળખીતી ન હોય? કોઈક સગાની સગી હશે તો ભલે પણ ફેર આજે એની પાછળ પાછળ જવાનું હતું અને ઘેર ખૂબ મોડા જવું હતું ડિટેક્ટીવ વાર્તાઓના હીરોની જેમ મારે ભર્યા સરકો ચાયા ખભા પહોળા થયા ગળું ફૂલ્યું એક ખોંખારો નીકળ્યો હતો માંડમાંડ કાબુમાં રાખ્યો ત્યાં તો મેં જોયું કે એ ઊભી થઈ ગઈ હતી એને ઊતરવાનો સ્ટોપ આવી ગયો હતો હું પણ આવું આવશું જોઈને ધીરેથી ઊભો થયો અને એ સ્ટોપ પર ઊતરીને આગળ ચાલી ગઈ એટલે ઊતર્યો એ સાઇડ લેઇનમાં વળી ગઈ એટલે મેં પણ ઝપાટામાં પગ ઉપાડ્યા મને ખબર નહીં એ આટલી ઝપાટાબંધ ચાલી શકતી હશે આટલે દૂરથી એની પાછળ પડ્યા પછી હવે જો એ ખોવાઈ જાય તો એ મારી બેવકૂફી જ ગણાય જોઈએ હું લોકોના ધક્કાઓમાંથી નીકળ્યો, અને ચિંતા તથી આગળ વધતો જોઈ રહ્યો હતો આટલા ત્વરાથી એ ક્યાં ગાયબ થઈ ગઈ હતી? આ ખરેખર વિચિત્ર હતું આટલા સમયમાં એ ઘણી દૂર ચાલી જાય એ પણ અસ્વાભાવિક હતું કદાચ એ પાછળ રહી ગઈ હતી અને હું ઉતાવળમાં આગળ નીકળી ગયો હતો હું ઊભો રહ્યો અને પસનો લૂછતો આસપાસ જોવા માંડ્યો —

એક બાબુએ મારી પાસે આવીને કહ્યું, 'સાબ ગેના પીળા મકાનને બીજે માળે ચઢી જજો ભાવ સસ્તો છે, છોકરી '

હું ભાળ્યો એક ટેક્સી—ભગવાને જ મોકલી હતી—ખાલી જઈ રહી હતી બેસી ગયો સીધી ઘરની દિશા દેખાઈ રહી હતી!

*

ઘેર પહોંચીને જોયું, આશાના નસકોરાં ફરફરી રહ્યાં હતાં ચાઆમત આવી રહી હતી હું તૈયાર થયો.

'ક્યાં ગયા હતા આટલી વાર સુધી?' એ ઘુરકી

બેસવાને લાગ કોઈને નમાં પીળા મકાનને બીજે માળે હું ઊભો જોરથી ઘુરકયો 'મેદાનમાંથી એની પાછળ પડ્યો હતો અવિશ્વાસ હોય તો પૂછી આવ હજી એ ત્યાં ઊભો હશે—

*

આઠેક કલાક પછી આશા મારી છાતીમાં ડૂસકાં ભરી રહી હતી જ્યારે આનંદ થઈ રહ્યો હતો, દુનિયા ભરના બિલ્ડીંગ કોન્ટ્રાક્ટરો મારી છાતીમાં ડૂસકાં ભરતા હોય એવું —

આજે તો એણે પણ રડવાનું બંધ કર્યું હતું

★

જીવન એ મિથ્યા સમા આપણા સૌની જીવનને માટે કાયમ ઉપયોગમાં આવે તેવી વાતોને કાયમ યાદ રહી શકે તેવા થોડા શબ્દોમાં સમાવવા માટે ભજનની વાણીમાં મૂકી છે, અને એ વાતો હૃદયના ઉમળકા સાથે વિચારવા સ્મરણ માટે એને સંગીત સાથે ગોઠી છે

—રવિશંકર મહારાજ



સેવકરામ

ગામડાંની અજ્ઞાનતા અને અંધશ્રદ્ધા

ગ્રામવિસ્તારોમાં અજ્ઞાનતા અને અંધશ્રદ્ધા આજે પણ જડ ઘાલી રહ્યાં છે તો એ ગામડાંમાંથી ક્યારે ઓછાં થાય? ગામડાંની એ બાજુ અહીં રજૂ થઈ છે.

એક ગામના સરપંચની ચૂંટણીમાં ઝઘડો પડ્યો હતો. કોને સરપંચ બનાવવો? ગામની છોકરાઓની વસ્તીનું પ્રમાણ વધારે હતું એટલે તેમના સભ્યોની સંખ્યા પણ વધારે હતી. બહુમતીના જોરે તેમનામાંથી એક જણ જરૂર સરપંચ થઈ શકે. પણ પંચાયતરાજ એટલે શું એની સમજણ ઓછી. એમાંથી કોઈ નહોતો મોટાભાગના અભણ અને અણઘડ સભ્યો હતા. એમાંથી કોઈક સરપંચ બને તો પણ ગામનું શું થાય?

એટલે ગામના એક ભાઈ મત ત્યાં જ આપવી ગયા. તેના બે જણે પંચાયતના સભ્યોને ભોળવ્યા. તેમાં બે સ્ત્રી સભ્યો હતી. એ ઘૂમટો તાણીને ખૂણામાં બેઠી હતી. ન બોલે કે ચાલે. કંઈ કહીએ ત્યારે તે હા પાડતી. આ હતા ચૂંટાયેલી સ્ત્રી સભ્યો.

આ ગામમાં જ આવું બને છે એમ નહિ, દરેક ગામમાં સ્ત્રી સભ્યો લાજ કાઢીને જ બેસે છે. મોટે ભાગે તો અભણ હોય છે. ભણેલી હોય છે તે માંડ સહી કરી શકે તેવી હોય છે. તે નથી ચર્ચામાં ભાગ લેતી, નથી પોતાની સમજ રજૂ કરતી. કેમકે તેનો વિરોધ કે ટેકો આપતી. તેમ પંચાયતના કામમાં પણ રસ નથી લેતી. મોટે ભાગે તેમના ઘેર જઈને સહી લઈ આવે તે જ. ખાલી ચૂંટાયા પછી તે કદી પંચાયત ઓફિસે જતી નથી. આવી સ્ત્રી સભ્ય પંચાયતમાં ચૂંટાય તોયે શું અને ન ચૂંટાય તોયે શું?

અને સ્ત્રીજાગૃતિની દૃષ્ટિએ એનો અર્થ એ જ છે કે પંચાયતમાં બહેનોને પચાસ ટકા પ્રતિનિધિત્વ આપવું જોઈએ. પણ એથી બહેનોમાં જાગૃતિ આવી ગઈ એમ માનીએ તો તે આપણી મોટી ભૂલ ગણાશે. કાગળ પર તો સૌને એમ લાગે કે ગુજરાતમાં દરેક પંચાયતમાં બબ્બે સ્ત્રીઓ બેસે છે. પણ સમાજમાં તેમની હાજરી આ રીતે વર્ણવી તેવી ઘૂમટા તાણીને ખૂણામાં

બેસવા જેવી જ છે.

એક બીજો દાખલો જોઈએ:

"સેવકરામ, ગુરુવાર જઈને જોઈ આવો. ત્યાં પેલાં બહેનમાં કેવી ગતાગમ છે, તે એમને પણ બહેન સ્પર્શી પગનો અંગૂઠો પાડવાનો છે. તે તેમણે બધા લાભ લીધી. પગનો અંગૂઠો કાગળ પર ચાંપ્યો પણ ખરો!"

આ છે આપણાં ગામડાંની બહેનોની દશા. દેશ આખો કેવું વિકટ કાર્ય પકડ્યું છે. પણ કોઈ સાંભળતું જ નથી. ઘટે ત્યારે તો મહિલા મંડળો નામ ખાતર જ ગમે તે કલ્યાણનું થોડુંક કામ ચાલે છે. ત્યાં આ બહેનોની જાગૃતિ કેટલી એ ઉપર દેખાય છે. તેને માટે જો કોઈ વ્યવસ્થા હોય તો તે પૂરતી છે. પોતે પણ જુદા જેવી ગણે તેવા રહેવાની રીત વધે.

મને લાગે છે કે હવે પંચાયત માટે એવો નિયમ કરવો જોઈએ કે પંચાયતની મીટિંગમાં સ્ત્રી સભ્યોથી ઘૂમટો નહિ કાઢી શકાય. તેમ મતોને ખાતર ઘેર જઈ દાખલ થવાની એની સહી નહિ લેવી જોઈએ. ગામમાં જ્યાં હોય ત્યાં સભ્યોએ મીટિંગમાં હાજર રહેવું જોઈએ. લાંબા સમય એ મીટિંગમાં ભાગ લીધા વગર ગેરહાજર રહે તેને રદબાતલ કરવા જોઈએ. પંચાયતોને અસરકારક બનાવવા માટે તેમ સ્ત્રીજાગૃતિ માટે પણ આવો નિયમ કરવો આવશ્યક છે.

*

ગામને પાદરેથી નીકળેલા એક મોટા ભેદવા થઈ ગયા. ધૂમ ધામધૂમ કરતા હતા. કોઈને પૂછ્યું:

"શું છે?"

"એ તો એક જાગરણ ભણું થયું છે.

તે અત્યારે ગયા છે."

"ગામમાંથી કોઈ એની હાંસી ઉડાવતા લાગતું નથી

'કેમ કંઈ કારણ છે ?'

'એ ઘર નાત બહાર મૂકેલું છે.'

સુશીલાને આટલી નાની ઉમરે આ પરિસ્થિતિમા મુકાવું પડ્યુ તેનું દુખ ખૂબ હતુ હરવા ફરવાની, અને નિર્દોષ આનદ માણવાની ઉમરે, બેનપણીઓ સાથે ફરવાનું મૂકીને એને ઘરમા જ બેસી રહેવાનું હતું ક્યારેક જીવન એને આવા ધાતુ પણ ભણી ગણીને નોકરી કરીશ, પગ પર ઊભી રહીશ, કોઈની ઓશિયાળી નહિ રહુ અને લોકોની સેવા કરીશ એ ભાવના સાથે તે ભણીને ગ્રેજ્યુએટ



થઈ કુટુંબનો, સાસરી પક્ષનો વિરોધ, છૂટી જશે, વગેરે તો ઠીક પણ એ પહેલાં પણ કેટલાય ડરવા વ્યક્તિઓનો સામનો કરીને તેણે ધાર્યું કામ પૂર્ણ કર્યું"

આજે સુનીલા નિશાળમાં નોકરી કરે છે ભાઈના કુટુંબ સાથે હળીમળીને રહે છે અને લોકસેવા પણ કરે છે અને સાદુ પણ ભવ્ય જીવન જીવે છે

કૈલાસની કથની

કૈલાસને નોકરી શરૂ કર્યાને ઠીક ઠીક વર્ષ વીત્યાં. છત્રીસેક વર્ષની આસ તેની ઉમ્મર હશે તેમાં પરણી શું અને છૂટી પડી કે પડવું પડ્યું તે તો તેની જીવનકથની ઉપરથી જ ખ્યાલ આવશે –

મારા લગ્ન સોળ વર્ષની નાની ઉમ્મરે કરી નાખ્યાં હતા પરણીને સાસરે ગઈ ત્યારે તો હું કોડભરી નવવધૂ કેટલાયે સમણા રચીને મારા મનને નચાવતી હતી પણ પહેલી જ રાતે મારા પતિને જોતા મારા મોતીયા મરી ગયા હું થીજી જ ગઈ મારી કલ્પનામાંય નહિ એવું ભયાનક સ્વરૂપ ઘડીભર મને થયું કે હું સ્વપ્નમાં તો નથી ને ! મારાથી ચીસ પાડી દેવાત પણ ઈશ્વર ક્ષમ આવી અને પરિસ્થિતિનો સામનો કરવાની જાણે તાકાત આવી, એક અક્ષર પણ બોલી નહિ

એ વિકરાળ કાયાને જાણે એક પણ શબ્દ કહ્યા વગર, હા–ના કર્યા વગર તાબે થઈ ગઈ મને દુઃખ હતુ મારા હવાઈ કિલ્લા માટેનુ શું કલ્પ્યુ હતુ અને શું જોયું ! છતાં ધીરજ રાખીને થોડો વખત રહી

પરંતુ પાનુ નિભાવી લેવાનુ છે એ વિચારે થોડા દિવસ પછી મન મૂકીને વાત કરવાનું વિચાર્યું પણ મારી નવી વાતો સાંભળવાની એમને ફુરસદ નહોતી એમને મન તો હું ઘરકામ કરનારી અને એમના હુકમનું માત્ર પાલન કરનારી ગુલામ જ હતી. કંઈક કામ ન થયું હોય તો મેથીપાકની પણ શરૂઆત થઈ ગઈ હતી મારાથી એ સહન થાય તેમ નહોતું પણ હું થોડો વખત તો ગમે તેમ નિભાવીને રહી લગ્ન પછી પહેલી જ વાર ગયેલી એટલે મહિનામાં તો પિયરથી તેડું આવ્યુ હુ ભાઈ સાથે ગઈ ભાઈને પણ મારો આવકાર ન મળ્યો એટલે એ વહેમાયો

ઘેર આવીને મારી મા પાસે ખુબ રડી હું હવે સાસરે નહિ જાઉ માને તો અહીં રહીને ભણવુ છે. બાપુજીને મારા ઉપર ખૂબ લાગણી હતી એટલે મારી હકીકત સમજી શક્યા અને મને આગળ ભણાવવા કબૂલ થયા પણ એમ કંઈ એવું બને છે ? અનેક મહિનામાં પાછુ તેડુ આવ્યુ. બાપુજીએ ટાળ્યુ પણ મારા પતિએ જાણ્યું કે મને અહીં ભણાવે છે એટલે નથી મોકલતા એટલે એક વખત આવ્યા અને હુ નિશાળેથી ઘેર આવતી હતી ત્યા રસ્તામા મળ્યા હુ ખૂબ ગભરાઈ ગઈ મને ખૂબ ધમકાવી સારુ કંઈ જ ચાલે તેમ નહોતુ મેં કહ્યુ ઘેર ચલો, હું તમારી સાથે આવુ છુ સમયસૂચકતા વાપરી ત્યાંથી છટકી બાપુજીને છાનામાના બોલાવી બધી વાત કરી અને જવાની ના પાડી સાડા આઠ એમને પાછા

મોકલ્યા અને હું અધ્યાપન મંદિરમાં રહીને ભણવા લાગી.
હું ભણી રહી અને શિક્ષિકા પણ બની, હું ક્યાં છું તેની 'એમને' ખબર નહોતી. પણ એકવાર અચાનક પાછા મને મળી આવ્યા. મેં દૂરથી જોયા. હું છટકવા જાઉં ત્યાં જ મારી ગરદની દાબી દીધી એટલી જોરથી દાબી હતી કે હું ત્યાં જ બેભાન થઈ ગઈ મારી સાથે છાત્રાલયની બીજી છોકરીઓ હતી તે વચ્ચે પડી અને કોઈ સુપ્રિન્ટેન્ડન્ટ બેનને બોલાવવા દોડ્યુ એટલે જ હું બચી ગઈ.
આજે હવે હું શાંતિથી રહી શકું છું. પણ મારું ગળું એવું ખરાબ થઈ ગયું છે કે મારાથી બૂમો પાડી નથી શકાતી અને વધુ વખત સતત શ્રમ પડે તો દુખવા આવે છે.
બેન, મારા જીવનના બધા કોડ તો અદ્ધર રહી ગયા પણ મને મેવાની જિંદગીમા પણ સુખેથી ના રહેવા દીધી બાળકો સાથે આનંદથી રહું છું પણ મારી તબિયત માટે હું ખૂબ દુઃખી રહું છું.
આજે કૈલાસ માધ્યમિક શાળામાં શિક્ષિકા છે "એ પતિની કલ્પનાથી પણ જાણે બહાવરી બની જાય છે હિંમતથી રહે છે છતા એકલા રહેવાની તેનામાં હિંમત નથી તે ડરે છે 'રખેને એ આવે તો....!'



જુલાઈ '૬૧ ના 'ઊર્મિનવરચના'ના અંકમા 'રામધનાં ક્ષીરનીર' વિભાગમાં કોમવાદી મુસ્લિમ સમર્થન જેવે 'રાજાદૂત' લેખકે કરેલ રચનાત્મક ટીકા વાંચીને આનંદ થયો. જ્યારે એકતરફ મુસ્લિમોને પંપાળીને આડકતરી રીતે કોંગ્રેસ ને તેના અખબારો કોમવાદને પોષી રહ્યા છે ત્યારે આપના તટસ્થ માસિકમા તટસ્થતાથી ફક્ત રાષ્ટ્રીય તાને જ ધ્યાનમા રાખીને લેખકે જે ટીકા કરી છે તે બદલ ધન્યવાદ આવી સાચી પણ કડવી વાત કહેવાની હિંમત જો દરેક માસિક ને અખબાર કેળવે તો જલદીથી કોમવાદનો નાશ થઈ શકે. પરંતુ એટલી વાત એ છે કે તેવી હિંમત કોઈ વિરલ વ્યક્તિઓ જ ધરાવે છે

—જયેશ દેસાઈ [અમદાવાદ] ૧૨-૭-'૬૧

'ઊર્મિ-નવરચના' અંગે કોઈપણ જાતનો પત્રવ્યવહાર કરતી વખતે કે લવાજમ મોકલતી વખતે, વ્યવસ્થામાં સુગમતા પડે તે માટે, આપના રેપર ઉપર દર મહિને આવતો આપનો ગ્રા. નં. અને આપનું પૂરું સરનામું લખવુ ક્યારેય ભૂલશો નહિ



સર્જનના શાકે

થથા ! થઈ ! થઈ ! થઈ !
છબીલો લાલ

[બંનેના લેખ રમણલાલ સોની પ્ર ગૂર્જર પ્રકાશન ગૃહ વિ વડોદરા દરેકનું મૂલ્ય રૂ ૬/૫૦]

કિશોર ભોગ્ય એવા નાટકોની ગુજરાતી સાહિત્યમાં પ્રવર્તતી મોટી ખોટ દૂર કરવામાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે એવાં આ નાટકો છે. દસ નાટકો માંથી પ્રત્યેક જ—છબીલોલાલ કેવું મૂલ્ય આપવું જોઈએ—હાસ્યપ્રધાન છે. તેની સાથે 'ભગવાનનો ભાઈ' વગેરે આદર્શવાદનો સરસ પ્રચાર કરે છે. 'અમથો મારમારી ને ફૂલો ટકોર', 'મામાને ઘેર' વગેરે હાસ્યપ્રેર છે તો 'થથા ! થઈ ! થઈ ! થઈ !' 'ખૂબતું પાણિ' વગર ખાધે ચાસ ઉપજાવે છે.

સારા સંસ્કાર દૃઢાવે અને ઉચ્ચ નાટ્યરસને પોષે એવાં નાટકો બાળકોની મુખ્ય જરૂરિયાત બની રહ્યાં છે. પ્રજાની નાટક પ્રત્યેની અભિરુચિ પણ દિન દિન વધી છે. એ અભિરુચિને પોષણ મળે તો આગળ જતાં આ નાટ્યકારની છે. કિશોર સાહિત્યમાં ઊંડો રસ લેનાર શ્રી રમણલાલ સોનીએ આ નાટકો લખી કિશોર સાહિત્યની ઉત્તમ સેવા કરી છે.

એકપાત્રી ટાળવાના હેતુથી પણ અમુક નાટકો લખાયાં લાગે છે—આ શિક્ષણ ત્યાં ન હોય એવી સંસ્થાઓને તો આ નાટકો ખાસ ઉપયોગી નીવડશે. પાત્ર રહેતાં કિશોર કિશોરીઓ સાથે ભજવી શકે એવાં નાટકોની પણ ગણતરી રાખવાથી અપેક્ષા રાખવી વધારે પડતી નહીં ગણાય.

વંદેમાતરમ્
એકાંકી

[લેખ રમણલાલ સોની પ્ર ગૂર્જર પ્રકાશન ગૃહ વિ, વડોદરા દરેકનું મૂલ્ય - ૬/૨૫]

ગુજરાત સરકારે શાળાની બાળ નાટ્ય હરીફાઈમાં પ્રથમ સ્થાન પામેલ કૃતિ ... બાળકોને ભજવવા જેવાં આ એકાંકી સંગ્રહ છે. પહેલું નાટક 'કેમ ભણતું' વસ્તુ ખાસ સામાન્ય લાગે છે પણ એ ... નાટક પરથી પુસ્તકનું નામાભિધાન થયું 'તાતા ભાગની વાડીમાં' એકાંકી બાળ હૃદયમાં નિર્દોષ તોફાનોની ઝાંખી કરાવી જાય છે. 'મામાનો બેટો' રસ લે એવું છે ... 'વંદેમાતરમ્'માં લેખક ગાંધીજીની સ્વરાજની લડાઈ કરી ... દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

બાળકોને ભજવવામાં સરળતા અને ગમતાં પડે એવાં નાટકો અત્યારે સુલભ છે ત્યારે આવાં નાટકોની ઉપયોગિતા ઓછી નથી પણ સાથે સાથે નાટકોની વસ્તુપસંદગીમાં કંઈક ગાંભીર્ય હોત અને ... ઓછી હોત તો નાટકો વધુ દીપી ઊઠત.

બીજો સંગ્રહ 'મેઘરમાન'માં પણ આ બાળનાટકો સંગ્રહાયાં છે. પણ પાત્રાલેખન કળાના અભાવે અને ભાષાની દૃષ્ટિએ આ સંગ્રહ ... નબળો છે. નાના ગામમાં રામલીલા ... લોકોના ... સ્વભાવનું ચિત્ર ... ગણાય ...



બનાવે છે અને છતાં જોઈતાની સૌની સમજ શક્તિનો પરિચય આપી જાય છે વસ્તુમાં નવીન્ય છે અને માનસ્વભાવની નિર્બળતા આબાદ રીતે દર્શાવી જાય છે 'ચારે ગધા વિક્રમ રાજાના સમયનુ વસ્તુ પસંદ કરાઈને લખાયેલું નાટક છે અને ખરેખર બાળકોને ભરપૂર આનંદ આપે તેવું છે 'શિયાળનો ન્યાય' શિયાળની ચાલાકી, લુચ્ચાઈ ને પકડાઈને ચીતરનારુ નાટક છે અને બાળકો વાઘ અને શિયાળનાં મહોરાં પહેરીને સરળતાપૂર્વક રજૂ કરી શકે એવું સચોટ છે

વિશેષ કાવ્યો

[લે. રામનારાયણ વિ. પાઠક પ્ર ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ ૧ મૂલ્ય રૂ ૨/૭૫]

સ્વ પાઠકસાહેબના બાકી રહેલા કાવ્યોને ખૂબ જ ચીવટપૂર્વક સંકલિત કરીને સંગ્રહિત કરવા બદલ શ્રી હીરાબેન સાચા અભિનંદનના અધિકારી બન્યા છે આ સંગ્રહમાં કેટલાક અધૂરાં કાવ્યો, કેટલાક પુસ્તકોના અર્પણો, પ્રાસંગિક કવિતાઓ અને 'શેષના કાવ્યો'ની પ્રસિદ્ધિ પછીના રચાયેલાં કાવ્યો છે તો હીરાબેનની વિવેચક દૃષ્ટિએ સુંદર રીતે સમાવ્યાં છે અને શ્રી રસિકલાલ પરીખનું અવલોકન પુરોવચન અને શ્રી નગીનદાસ પારેખનું તલસ્પર્શી ટિપ્પણ પણ આ સંગ્રહનું મૂલ્ય વધારે છે નાના મોટા સત્તાવન કાવ્યોનો આ સમૃદ્ધ સંગ્રહ અભ્યાસીઓ વિદ્યાર્થીઓ અને કાવ્યરસિકો માટે મહામૂલી સામગ્રી પૂરી પાડે છે એ વાત તો નિઃસંશય છે

આપણા વિદ્યમાન કવિઓમાં સાહિત્યગુરુ તરીકે સ્વ પાઠકસાહેબનુ નિશ્ચિત સ્થાન છે એમની કવિતામાં વિદ્વત્તાની સાથે સાથે એક સનિષ્ઠ વિવેચકની પણ સાચી સિદ્ધિની પ્રતીતિ થયા વિના રહેતી નથી અને એટલે જ આ બધાં કાવ્યોમાં કેટકેટલા પાઠાન્તરો સુધારાવધારા અને ફેરફારો તેમણે કરેલા જ છે પાઠકસાહેબની ચીવટાઈ ખંતીલાપણું અને વિવેકદૃષ્ટિ હીરાબેનમાં પણ સભર ભર્યાં છે તેમના સહજીવનના પરિપાકરૂપે ત્યારેની કેટલીક અંગત કૃતિઓને પણ આ સંગ્રહમાં સમાવી લેવામાં આવી છે

'સ્વર્ગ' પોતે વિદ્વાન અને વિવેચક તરીકે વિદિત છે. સાચી કવિતા અને કવિ વિશેનો તેમનો જે ઉચ્ચ ખ્યાલ હતો તેને લીધે પોતાને માટે કવિ શબ્દનો ઉલ્લેખ કરતાં પણ સંકોચ પામતા તેમ છતાં તેમનુ કાવ્યત્વ વિશિષ્ટ ગુણની અંકિત છે શ્રી હીરાબેનના આ પ્રયત્ન સાથે આપણે પણ સર્વ સંમત થઈએ છીએ એટલે ગુજરાત સમક્ષ રજૂ થતા આ વિશેષ કાવ્યોની ઉપયોગિતા વિશેષ રહેશે જ

પાઠકસાહેબના હસ્તાક્ષરોના અનેક બનાવીને પણ આ સંગ્રહમાં છાપ્યા છે તેમાં હસ્તાક્ષરની પ્રતીતિ કરાય તેમની લખ્યા પછી સુધારા–વધારા અને પાઠાન્તરો કરવાની ટેવને પણ આપણે સમજી શકીએ છીએ કાવ્યરસિક દરેકને વસાવવા જેવો આ સમૃદ્ધ સંગ્રહ છે

ભારતયાત્રા :

[લે રામનારાયણ ના પાઠક પ્ર ભારતી સાહિત્ય સંઘ (પ્રા) લિ અમદાવાદ, ૧ મૂલ્ય રૂ ૭/–]

લગભગ પોણાચારસો પાનાના વિસ્તૃત કદ ઉપર આલેખાયેલું આ સમૃદ્ધ પુસ્તક આપણા જાણીતા લેખક શ્રી રામનારાયણ નાગરદાસ પાઠકે તેમની સીધી સાદી શૈલીમાં તૈયાર કરેલ છે

પ્રવાસવર્ણન વાચવાની આપણામાં અત્યારે ઠીક ઠીક રસવૃત્તિ શરૂ થઈ છે પ્રવાસો એકવાદીને આપણી વૃત્તિ સારી એવી કેળવાઈ છે એ વખતે આપણે જે જે સ્થળે જવાના હોઈએ તે સ્થળ વિષે માહિતીની જરૂર માટે એટલી માહિતી મેળવવી હોય તે માટેય આવા પુસ્તકો ઠીક ઠીક ઉપયોગી નીવડે છે આ પુસ્તક એ રીતે જોતા ભારતના અનેકવિધ સ્થળોની માહિતી આપતો વિશાળ ગ્રંથ બનવા પામ્યો છે ✓

હિમાચલ પ્રદેશ ઉત્તર ભારત પૂર્વ ભારત, મધ્ય–પશ્ચિમ ભારત પશ્ચિમ ભારત અને દક્ષિણ ભારત એમ છ વિભાગોમાં વહેંચાયેલું અને આઠ જેટલા

પૂરક પૈસાથી સમૃદ્ધ બનેલું આ પુસ્તક અભ્યાસીઓને તો ઐતિહાસિક ઉપયોગી નીવડશે જ પણ પ્રવાસપ્રેમીઓના શોખીન વાચકો માટે નમૂનેદાર વાચન પણ પૂરું પાડશે.

આજે આપણે પ્રવાસ માટેના જરૂરી અને સગવડભરી સાધનોવાળા દિવસો એટલે પ્રવાસ પૂર્વે વધારે પ્રવાસ કે જમાનાઓ, જનસમાજો કે ધાર્મિક તીર્થયાત્રા માટેના જાણીતુ સ્થળો અને પુસ્તકો લેખકો અને પત્રકારો વગેરે સમૃદ્ધ માટે ઉપયોગી ખ્યાલ કરીને કે જાણ પરદેશ—દેશના દિવસમા તો પરમ વિચારો છતુ દ્વારા આજે પ્રવાસ શોખનુ છે જગતો અને પહાડો માંથી પૂર્ણ રીતે પાછા કે પાછા સાથે પ્રવાસ થાય તે ભૂગોળ ભૂગોળ કરી શક્યએ એવી સગવડ આજના યુગમા આપણને સૌથી નજીક ઉભી અને તે રૂપને આપણને સાચુ માર્ગદર્શક બને એવું આ સાદુ પુસ્તક ગણ જ ઉઠેલ નીવડે.

આ પુસ્તકના લેખક શ્રી રામનારાયણ નાગરદાસ પાઠક આપણને આજના સુધી નવલ થયેલ છે. અતિસાર નડીઓ જાણીતા હતા જ. પણ વ્યક્તિ, રસિયા તથા ભૂગોળના દેશમા આ પછી આ લેખક તેમની આ આગવી ઈલીમ નાગરિક પૂર્વ પ્રવાસદર્શન પણ લખ્યુ છે. સમગ્ર ભારતની પાવનકારી ધર્મનગરીઓમા રહેલા સંસ્કારવારસાને ગૌરવ એવા અભ્યાસપૂર્વક કર્યો છે. અને તે વાચનના તીર્થો જેવું આ પ્રત્યેક પુસ્ત દરેકને ઉપયોગી થાય એવું બનવા પામ્યુ છે. એ તો વાચનારો પોતે જ નક્કી કરી શકશે.

ભારતના યાત્રાધામો ચારે દિશામા ફેલાયા છે. ચાર ધામ યાત્રા કરનાર ભાગ્યશાળી સમગ્ર ભારતનો પ્રવાસ કરી શકે એવી ભારતની રચના છે. એના તીર્થસ્થાનોની એવી ભાતની ગોઠવણી છે. આ પછી પ્રવાસજનો એ યાત્રા કરતા કરતા સમગ્ર ભારતનું દર્શન કરીએ છીએ માને આનનુ નિરીક્ષણ કરીએ છીએ. અને ત્યારની એક અને અપરિચિત ને પરિચિત કરીએ છીએ. ભારત કે પ્રાંતવાર એમ જ્યાંમા આપણી નડતી નથી.

ભારતના વિકાસ વિભાગો અને ભારતના નવા તીર્થધામો જેવા વિકાસ નગરો ભારતની ભારતમાની એમાના ઐતિહાસિક તથા ધાર્મિક હોય છે એ બધા વિકાસ કાર્યોને પણ આ પ્રવાસ-પુસ્તકમા સમાવવામા આવેલ છે. એટલે જ આ પુસ્તકની બહુમૂલ્યતા વધારો વિદ્યાર્થીઓને આ પુસ્તક એટલું ઉપયોગી નીવડશે તેટલું જ આપણા સ્થાનિક કલાકારોને તેમના ભાગ માટે જરૂરી માર્ગદર્શન આપે.

આ સમૃદ્ધ પ્રવાસના ઉપયોગિતા સમજીને સૌ વાચનું બનાવ્યું. આવું ગમતું જ કર પુસ્તકાલય અને મ કારી વરતી ગોઠવણ આ પુસ્તક જરૂર વાચનું માગ જ કરે.

માનસર

[લેખક: ... પ્રકાશક: ... મુંબઈ ... કિંમત રૂ. ૬/—]

ઊંડાને આજે જગતે એવું મનને દર્શન આપતું આ રૂપકડું પુસ્તક બાળ ગીત જેમ આપણું જમાવે છે તેમ અનુ આંતરિક કલેવર પણ રંગથી કલ્પનાથી સભર છે. વાચનાર તેનાથી જ ચિત્રની વાચનમગ્ન બને છે. આ સમૃદ્ધ પુસ્તક છે એટલું જ કહેવું કે એવું સાદુ આનંદ અપાય એવી રીતે ઘડતર કરેલું છે.

ગદ્યનો અને મુક્તકના ભાવિના શાયર શ્રી એમને ગઝલ રૂબાઈ ગીતો—નઝ્મો અને મુક્તકો તેમ જ શૈલીના રસિક અવાજી ગીત પંક્તિ છે. તેમનું આ એક સમૃદ્ધ પ્રદાન છે. તેમની મુક્તકો અને તેમની ગઝલો એટલી અસરકારક છે કે એક વાર વાંચવા પછી એકલા સાંભળવા પછી સભર માનસને આવરી લે છે. આ નામનુ નામ માનસર એ રીતે તો પુરેપુરુ સાર્થક છે.

શ્રી ગઝલીન રૂડે અને નાદ ધરાવતા અનુભવ અને આશીર્વચન સાથે પ્રગટ થતો આ ગઝલ સંગ્રહ વાચકોને આ સમૃદ્ધ ગુજરાતી સાહિત્યમાં ખૂબ પ્રેમ આપશે દુનિયામા પાર નહીં અને પુષ્પ જેમ મારે

છે કવિતા તો હાડમાંથી આવતી હોય છે સાદગી એને ઓપે તેમ તે કલાયુક્ત હોય આ સંગ્રહને પણ એ જ ગામવાળા ભાઈ કે કલા, રેખા અને રંગનો વિવિધ સથવારો આ ગઝલો અને આ મુક્તકોને જાણે અચ્છી રીતે સાંપડી જાય એ સુંદર બોક્સમાં હોવા છતાં આ પુસ્તકનું આવરણ પણ જાજરમાન આવે મનોહારી અને ત્રણ રંગમાં છપાયેલું પહેલી જ નજરે આંખને ગમી જાય તેવું કવિત્વયુક્ત છે પુસ્તક અંદરથી પણ સુંદર આલેખનો વડે સજ્જ કરવામાં આવ્યું છે ઉપરાંત આખું પુસ્તક બે રંગમાં છાપેલું છે લગભગ બસો પાનાનું આ ચોપડી નજરાણા જેવું, દરેક કાવ્યપ્રેમીએ વસાવવા જેવું અને કોઈપણ શુભ પ્રસંગે ભેટ આપવા જેવું આ નજરાણું બની શકે તેવું મનોહર છે માનસરમાં તો મોતીનો જ ચારો ચરવાનો હોય અને એ પણ હંસ જ જોઈએ એ મોતી ઓળખવાના આવડતવાળા હંસ બનીને દરેક વાચક એમાંથી મોતી વીણી શકશે

લેખક અને પ્રકાશક આવા સમૃદ્ધ પ્રકાશન માટે અભિનંદનને પાત્ર ગણાય

માનવતાનો સાદ

[લેખ ઈશ્વરભાઈ પટેલ પ્ર ભારતી સાહિત્ય સંઘ લિ, અમદાવાદ ૧ મૂલ્ય રૂ ૩/૭૫]

૫૯ પ્રસંગકથાઓનો આ ઉપયોગી સંગ્રહ જાણીતા આચાર્ય શ્રી ઈશ્વરભાઈ પટેલનો લખેલો છે એ જ એની ઉપયોગિતા માટે પૂરતું છે સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠના ઉપકુલપતિ શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે આ સંગ્રહનો અભ્યાસુ આમુખ લખીને પુસ્તકની મૂલ્યવત્તામાં વધારો કર્યો છે

આ પ્રસંગકથાઓ અને અનુભવકથાઓ મહાન માણસોની પણ છે અને નાના માણસોની પણ છે આ બધી કથાઓમાં કાલ્પનિકતા ભળી નથી છતાં બધી રસથી વાંચી શકાય તેવી અને આપણી નવી પેઢીને સંસ્કારનું ભાથું બંધાવે તેવી છે સમાજઘડતરમાં આ પુસ્તક દ્વારા લેખકનો ફાળો એક વધુ કદમ બનાવે છે

આચાર્ય શ્રી ઈશ્વરભાઈ આજન્મ શિક્ષક છે તેમનું વાચન ખૂબ જ વિશાળ છે સતત કર્તવ્યમાં ડૂબ્યા રહેતા આ વ્યવસાયી પુરુષ વાચન માટે જે કાંઈ પળો બચાવે છે તેમાંથી જે મહત્ત્વનું વાંચેલું હોય તેને સરળ ગુજરાતીમાં ઉતારતા જ જાય છે 'ઊર્મિ-નવરચના', 'સંસાર' વગેરે માસિકોમાં આ બધા પ્રસંગચિત્રો—અનુભવકથાઓ અવારનવાર પ્રગટ થતા જ રહે છે અંગ્રેજી ઉપરથી ગુજરાતી વાચકો સામે ધરતા હોવા છતાં તેમની પ્રવાહી ગુજરાતી ક્યાંય તરજુમિયા જણાતી નથી

આની જ કથાઓ તો અત્યાર અગાઉ તેમના સંગ્રહ પ્રગટ થતા છે ને વિદ્યાર્થીઓથી માંડીને વૃદ્ધોને પણ એટલા જ ઉપયોગી નીવડ્યા છે આ સંગ્રહ પણ એટલો જ મહત્ત્વનો અને ઉપયોગી થઈ પડે તેવો વૈવિધ્યવાળો બન્યો છે સાહસ, સેવા, કર્તવ્ય કે માનવપ્રેમ દાખવતી આ બધી પ્રસંગકથાઓ અને અનુભવકથાઓ આપણી ઊછરતી પેઢીની વાચનભૂખ મટાડવા આપણે બેધડક તેમના હાથમાં મૂકી શકીએ તેવી છે

આ સંગ્રહથી માનવતાનો સાદ ગુજરાતી વાંચતી જનતા પાસે જાણે ખૂણે ખૂણે એ સાદ પહોંચાડે તેવું મહત્ત્વનું આ પુસ્તક આપણા સાહિત્યમાં—આ પ્રકારના સાહિત્યમાં કીમતી ઉમેરો કરે છે આપણે ઈચ્છીએ કે આવાં વધુ પુસ્તકો આપણને આ લેખક પાસેથી મળતાં રહે



આપણે ક્યારે સમજીશું કે આપણાં શિશુઓ પણ ઘણી બાબતમાં આપણને માર્ગદર્શન દેખાડવા માટે—ક્યારેક પ્રેરક ફરિશ્તાઓ છે એ આપણને શિક્ષા શીખવે છે આપણા અહમને ગાળે છે આપણી મનોહરતાને વિનમ્ર બનાવે છે


—ખલીલ જિબ્રાન

ભારતી સંઘનાં નવાં પ્રકાશનો

પુસ્તક	લેખક	કિંમત
સુખની ચાવી	ઈશ્વર પેટલીકર	૧/૨૫
જીવનસાર		૧/૫૦
મનમની સુવાસ		૧/૫૦
પ્રેમમાર્ગ		૧/૫૦
પાપને તાગો	પન્નાલાલ પટેલ	૨/૭૫
નવું લોહી	"	૬/૭૫
[illegible] મેળવી	ચુનીલાલ વ. શાહ	૬/૫૦
શ્રદ્ધામાર્ગ (નવી આ.)	"	/—
એક દીકરાની મા	"	૧/૭૫
વિશ્વાસનું વાવેતર	પન્નાલાલ પટેલ	—/૭૫
[illegible]	[illegible]	૨/૨૫
જીવનમધુ	જયન્ત પરમાર	૪/—
[illegible]	ઉમાકાન્ત	૬/૭૫
અંકુર	કાન્તિભાઈ પટેલ	/૫૦
પુનર્મિલન	"	૮/૭૫
[illegible]	ભૂપત વડોદરિયા	૫/૫૦
[illegible]	[illegible]	૪/—
આફ્રિકાની લોકકથાઓ (બે ભાગ)	"	૬/૭૫
[illegible]	[illegible] નાયક	૫/—
મનની વાતે	સત્યમ્	૫/૭૫
મોટી ચીંદડી (ભાગ ૧ ૨)	દેવશંકર મહેતા	૧૩/૨૫
[illegible]		૮/૭૫
માનવતાનો સાદ	[illegible] પટેલ	૦/૭૫
[illegible]	પીતાંબર પટેલ	—/૭૫
[illegible]		૧/૫૦
પીતાંબર પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ		૫/—
[illegible]	ભાનુશંકર ઓ. વ્યાસ	૪/૫૦
મોતની ખીણમાં	નવનીત સેવક	૨/૫૦
[illegible] પહાડમાં		૨/૫૦
વતનની અમી	મણિભાઈ પટેલ	૪/—
સાહિત્યનિકષ	અનંતરાય મ. રાવળ	૮/૨૫
ભારતયાત્રા	રામનારાયણ ના. પાઠક	૭/—
ધર્મકથાઓ ૧ થી ૫	રા. ના. પાઠક	૭/—
પાનખર અને વસંત	[illegible]	૫/૭૫
શ્યામ	"	૬/૭૫
[illegible]	[illegible] ગાંધી	૨/—
[illegible]	"	૨/૫૦
[illegible] સિદ્ધિ	[illegible]	૭/૫૦
[illegible] તૃપ્તિ		૭/૨૫
[illegible]	[illegible] પટેલ	૦/૫૦
[illegible]	ડી. પી. સુથાર	૨/૫૦
[illegible] નો ગાન બાકી છે	"	/૨૫
અમૃતપાન	ચંદુલાલ સેલારકા	૮/૫૦
ખરતા તારા	જિતુભાઈ પ્ર. મહેતા	૪/૫૦
[illegible]	વિજયકુમાર ત્રિવેદી	૧/૨૫
[illegible]	"	૧/૭૫
[illegible] દીપ	મોહનલાલ પટેલ	૮/૫૦
[illegible] ભાગ ૧-૨	[illegible]	૧૫/—
મનની વાતો	કૃષ્ણપ્રસાદ ભટ્ટ	૨/૭૫
[illegible]		૫/—
[illegible]	[illegible]	૧/૫૦
[illegible]	[illegible]	—/૭૫
[illegible]	ઘનશ્યામ ઠાકર	૨/૫૦

— ઉપરના નવા પ્રકાશનો ઉપરાંત અમારા બધા પ્રકાશનોનું સૂચિપત્ર મગાવો —

ભારતી સાહિત્ય સંઘ (પ્રાઈવેટ) લિમિટેડ — [illegible] ગાંધી રોડ [illegible] — અમદાવાદ ૧





અંક ૯ : સપ્ટેં૦ '૬૧
સળંગ અંક ૩૭૮

'ઊર્મિ' : વર્ષ ૩૨
'નવરચના' : વર્ષ ૨૬



સમાજમાં સંસ્કાર અને



સાહિત્ય પ્રેરતું સામયિક

— ક્રમ —

મુખપૃષ્ઠ ચિત્ર 'બુદ્ધ' ચિત્રકાર હેલિમાર રૉસમાન્સ

— સૂચના —

* લવાજમ વરસનું સાડાઆઠ રૂપિયા પરદેશમાં દશ રૂપિયા (શિ ૧૫)
* દર માસની ૧લી તારીખે નિયમિત પ્રગટ થાય છે
* વરસમાં ઑક્ટોબર, જુલાઈ, ઑક્ટોબર અને જાન્યુઆરી એ ચાર માસમાંથી કોઈપણ માસથી ગ્રાહક થઈ શકાય છે
* વી પી થી લવાજમ વસૂલ કરવામાં જે ખરચનો ખર્ચ થાય છે એ ગ્રાહકે જ ભોગવવાનો હોય છે એટલે લવાજમ પૂરું થયાની નોટિસ મળે ત્યારે ગ્રા નં અને પૂરા સરનામા સાથે કૃપા કરીને મનીઑર્ડરથી જ લવાજમ મોકલી આપવું
* નમૂનાનો અંક મંગાવતી વખતે ૭૦ નવા પૈસાની ટિકિટો બીડવી જરૂરી છે મફત અંક કોઈને મોકલાતો નથી
* દરેક જાતના પત્રવ્યવહારમાં ગ્રા નં લખવો ખાસ જરૂરી છે
* અસ્વીકૃત લખાણ પાછું મેળવવા જેટલી ટિકિટો બીડવી જરૂરી છે એ સિવાયનાં અસ્વીકૃત લખાણો ૧૫ દિવસ પછી રદ કરાય છે
* જાહેરખબર માટેનું, લવાજમ મોકલવાનું, લખાણો મોકલવાનું અને બીજા દરેક જાતના પત્રવ્યવહારનું સરનામું —

'ઊર્મિ—નવરચના'
ભારતી સાહિત્ય સંઘ (પ્રાઇવેટ) લિ,
ગાંધીરોડ, ૬૪, ફ્રીગંજ બ્રિજ
અમદાવાદ, ૧

★

પ્રકાશક ઈશ્વરલાલ મો. દવેએ અને મુદ્રક કાંતિલાલ ... ભાઈ પરીખે ... ભારતી સાહિત્ય સંઘ (પ્રાઇવેટ) લિમિટેડ વતી ગાંધીરોડ, ૬૪, ફ્રીગંજ બ્રિજ અમદાવાદથી પ્રસિદ્ધ કર્યું અને ... મુદ્રણાલય, રતનપોળ અમદાવાદમાં છાપ્યું.
તંત્રી ઈશ્વરલાલ મો૦ દવે અને સંપાદક જયન્ત પરમાર

લાગણી—એક ગુણ

'માગ્યા મેહ વરસે નહિ' અને 'ન માગ્યું દોડતું આવે' જેવી કહેવતો પાછળનું હાર્દ ખરેખર જબરું હોવું જોઈએ. સ્વાર્થ હોય ત્યારે, ગરજ હોય ત્યારે દરેક જાતનું કામ કઢાવવા ગરજવાન પાછું ફરી જુએ. પણ કામ પૂરું થયા બાદ આગળ આવીને વળતો જ્યારે પોતાની જરૂર માટે કોઈ ગરજવાન વ્યક્તિ પાસે જઈને થોડીક લાગણીની, પ્રેમની, હૂંફની કે મદદની અપેક્ષા રાખે ત્યારે તેમાંનું કશું તેને મળતું નથી. આવી માગ્યા મેહ વરસે નહિ એ કહેવત જાણે અક્ષરશઃ સાચી ઠરે. આ વિચાર કરનાર વ્યક્તિને ત્યારે લાગે છે કે ન માગ્યું હોત તો દોડતું આવત પણ એ સાથે પેલા ગરજવાનની ગરજ પણ યાદ આવી જાય છે. ગરજવાનને અક્કલ નથી હોતી એમ આપણે કહીએ છીએ પણ અક્કલ ગરજવાનને જ વધારે હોય છે. એટલે તો એ પોતાનું કામ યેન કેન પ્રકારેણ કઢાવી શકે છે ને!—એ અક્કલ ભલે ઊંધે રવાડે ચડી ગયેલી હોય.

આશા કે અપેક્ષા રાખવી એ જ જાણે નિરાશાને નોતરું આપવા બરાબર ગણાય. માનવ આશા, હૂંફ, પ્રેમ અને કાળજી ઇચ્છનાર છે. માણસ-માણસ વચ્ચે પ્રેમભાવ, લાગણીની હૂંફ અને એકમેકને અરસપરસ મદદરૂપ થવાની ઊંડી ઇચ્છાની કુદરતી બક્ષિસ આપણને મળેલી છે. પણ સ્વાર્થવૃત્તિ, થોડીક ભીતિ અને સંકુચિતતા એ બક્ષિસને વધારે તેજ બનાવવાને બદલે કુંઠિત કરી દે છે. લાગણીપ્રધાન માણસને આવે વખતે ખરેખર લાગી આવે છે. પોતે જેને માટે ઘણું ઘણું કર્યું હોય, તેના માટેની અમાપ લાગણીને લીધે કુદરતી રીતે જ બધું થઈ ગયું હોય, જેને માટે ઘણો બધો આત્મભોગ આપ્યો હોય તે જ વ્યક્તિ પાસેથી માગ્યા વિના તો ઠીક, પણ માગીનેય જ્યારે કશું ન મેળવી શકાય ત્યારે દુઃખ થાય છે, દિલ એક ઊંડો જખમ અનુભવે છે.

આમ લાગણીપ્રધાન માણસ ગરજવાન અને સ્વાર્થી માણસ પાસે પોતાની જાતને અપમાનિત થતી અનુભવે છે. છતાં એનામાં રહેલા પ્રેમ-લાગણી તો પેલી વ્યક્તિ માટે હંમેશાં જ અખૂટ અને અમાપ રહે છે.

*

શેખાદમ આબુવાલા

રિમઝિમ

'ચાંદની' 'મેહંદીલટ' અને 'અજંપો' જેવા ત્રણ લોકપ્રિય બનેલા કાવ્યસંગ્રહોના કર્તા અને ઊર્મિના વાચકોમાં ખૂબ જ લોકપ્રિય બનેલી કલમવાળા ... ત્રણ વર્ષના લાંબા જર્મનીના વાસ પછી નવા મુક્તકોનો ઝૂમખો ખાસ ઊર્મિ માટે મોકલે છે. દૂર બેઠાં બેઠાં આ મુક્તકો દરેકને સરખાં પ્રિય થઈ પડશે

૧ પ્રેમ

પ્રેમ એ શી ચીજ છે ?
વાદળી કે વીજ છે ?
જિંદગી નાચ્યા કરે
તેની એ તજવીજ છે

અધૂરી કલા

જિંદગીની આ કલા
શી ગજબની છે બલા !
હસ્તગત કરવાને કાજ
મોત પામ્યા ભલભલા

ચાંદની

ચાંદની આ એકલી
સાવ ભોળી ને ભલી
કોણે આ કન્યાને બહાર
અર્ધી રાતે મોકલી ?

જિંદગી

જિંદગી ગાથી હતી,
એટલે ચાખી હતી
સ્વર્ગમાંથી ઊતરી
મેનકા નાચી હતી !

ઉત્ક્રાન્તિ

ચોકી કોઈ મસ્તી નથી,
કોઈની પસ્તી નથી
ફૂલ કહે છે સુગંધ છે
જિંદગી સસ્તી નથી.

દ્વિધા

હું હસું છું—ગાઉં છું,
આંસુઓમાં ન્હાઉં છું,
પ્રેમ, હે હૈં સાજન
કેટલો ગભરાઉં છું !

કહો

આ હૃદય શું છે, કહો !
જયવિજય શું છે, કહો !
આરઝૂ કીધા પછી
આ પ્રણય શું છે, કહો !

એકાન્ત

સાવ અંધારું હતું,
કોઈ ન જોનારું હતું
હું હતો ને એ હતી
એટલે સારું હતું !

ડર

મોતનો ડર કમ કર !
દૂર દૃષ્ટિ નાખ, ડર !
તારી કાયા વાહ ! વાહ !
પણ થશે એ રાખ, ડર !

કેરવણી કલા

પ્રેમ ! કોરવણી કલા
એ ખરું પણ આ ભલા !
કોણ લેશે એક રંગ ?
માનવી તો રંગલા !

ખરું

મોર નાચે છે, ખરું !
ઢેલ શોધે છે ખરું !
રૂપ સાચા અર્થમાં
પ્રેમ યાચે છે ખરું ?

તનમનધન

તન હસાવે છે કદી,
મન રડાવે છે કદી,
બેઉ સુખને આવરી
ધન બનાવે છે કદી !

ક્યારે

સુખ મળે ભોગી થશે
દુઃખ મળે રોગી થશે,
બેઉ મળ્યાં બેઉ ભ્રમ
ક્યારે મન યોગી થશે ?

તો શું

નામ સુંદર હો તો શું !
રૂપ મનહર હો તો શું !
પ્યાસની તૃપ્તિ થશે ?
ભવ્ય સાગર હો તો શું !

આશા

ધરતીને છોડી હશો,
ચાંદનીને જઈ ફરો,
ચાંદના વધશે કે નક
ત્યાં જઈને ત્યાં વરો !

થા ઊભો

તપ ન કર, જોગી ન બન
દર્દનો રોગી ન બન,
થા ઊભો, કૈં કામ કર,
બન, નિરુપયોગી ન બન !

હે સાજન

અપ્સરા સુન્દર હશે,
સ્વર્ગ પણ મનહર હશે,



એ ખરું છે મન ! પણ
મારું તે ત્યાં ઘર હશે ?

આજ બસ

મોર સામે ઢેલ હો !
દિલ્લગીનો ખેલ હો !
મેઘ, મન મૂકી ગરજ !
આજ બસ રસહેલ હો !

શું કરું

શું કરું, બેકામ છું,
કેટલો બદનામ છું !
કોઈ તરસ્યું નો મળે,
હું છલકતો જામ છું.

બાજી

રાત ચલબેલી હતી,
ચાંદની ઘેલી હતી,
મેં ય બાજી પ્યારની
ખેલી મન ખેલી હતી

સપનાં

હું ય સપનાં જોઉં છું,
જોઉં છું ને રોઉં છું,
આંસુઓમાં રાતદિન
સ્વપ્ન મારાં ધોઉં છું

ભરવસંતે

વાત એ શાની હતી ?
શી પરેશાની હતી !
ભરવસંતે બાગમાં
શાની વેરાની હતી ?

છે કોણ તું

ફૂલ જાણે ફૂલ છે,
સુરભિમાં મશગૂલ છે,
પાનખર, છે કોણ તું ?
તારે મન શી શૂળ છે ?

પ્રેમની તક

ફૂલની માફક હસો,
આવો, મુજ મનમાં વસો,
રૂઠશો બેન્કાર તો
નહીં જવાનો વસવસો !

નાદાની

ફૂલને ચૂંટો નહીં,
બાગને લૂંટો નહીં,
આ રીતે સહકારનો
એકડો ઘૂંટો નહીં !

આંખ ખોલ

ચાંદની ખામોશ છે,
રાત પણ બેહોશ છે,
ઓ તપસ્વી ! આંખ ખોલ
જિન્દગી નિર્દોષ છે.

મન

ચાંદનીને ચૂમ મન !
પી, ને પીને ઝૂમ, મન !
પાપનો કર ના વિચાર.
છે બધું માસૂમ, મન !

વ્યર્થ

પાણીની તે જાત શી !
મારી તે ઔકાત શી !
તારી પાસે સ્વર્ગ છે.
સંત ! તારી વાત શી !

જીવન

પ્રાણને કાયા મળી,
તેજને છાયા મળી,
તત્ત્વના આકારમાં
કેટલી માયા મળી

શું હશે

આ નિરાશા શું હશે ?
હાય ! આશા શું હશે ?
કોણ સમજાવી શકે
આ તમાશા શું હશે ?

જીવ

જિન્દગી પુસ્તક નથી,
તું ય કંઈ બાલક નથી !
જીવ, કે આ જિન્દગી
ખેવડાતી તક નથી.

સફર

હું મુસાફર તું સફર,
આપણો સગપણ અમર,
ધ્યેય ના સમજો હવે !
ચાલશું બસ બેફિકર !

અલૌકિક

સંત ! તું ચાલાક છે,
બુદ્ધિ તારું નાક છે !
ભોગી તે યોગી બને ?
સ્વર્ગનો પરિપાક છે !

આવે તો ઠીક

ખુશનુમા મોસમ તો છે,
ધરતી લીલીછમ તો છે,
પ્રેમ જો આવે તો ઠીક
રાત પણ માઝમ તો છે.

શીતલ અગન

એનો સ્વર છે રાગ સમ,
એના નયનો આગ સમ,
પ્રેમ છે શીતલ અગન
ગ્રીષ્મમધ્યે બાગ સમ !

[illegible]

આંખને અંજન મળે,
ગાલને ખંજન મળે,
સજ્જ થા, કે પ્રેમની
આંખને રંજન મળે.

શેખાદમ આબુવાલા

રિમઝિમ

'ચાંદની' 'જિંદગી' અને 'આ પ્રેમ' જેવા નાનકડા છતાં પ્રિય અનેક કાવ્ય-સંગ્રહોના કર્તા અને ઉર્મિના વાચકોમાં ખૂબ જ પ્રિય એવી લેખમાળા ... શાયરના લેખક જર્મનીથી ખાસ ... નવાં મુક્તકોનો ઝૂમખો ખાસ ઉર્મિ માટે મોકલે છે. ટૂંકા ગાળાના આ મુક્તકો દરેકને સરખા પ્રિય થઈ પડશે.

૧ પ્રેમ

પ્રેમ એ શી ચીજ છે ?
વાદળી કે વીજ છે ?
જિંદગી નાચ્યા કરે
તેની એ તાલીજ છે

જાદુઈ કલા

જિંદગીની આ કલા
શી ગજબની છે બલા !
હસ્તગત કરવાને કાજ
મોત પામ્યા ભલભલા

ચાંદની

ચાંદની આ એકલી
સાવ ભોળી ને ભલી
કોણે આ કન્યાને બ્હાર
અર્ધી રાતે મોકલી ?

જિંદગી

જિંદગી સાચી હતી,
ઓરસે ગાચી હતી
સ્વર્ગમાંથી ઊતરી
મેનકા નાચી હતી !

ઉત્ક્રાંતિ

ઘેલી કોઈ મસ્તી નથી,
કૌડીની પસ્તી નથી,
કેમ કહેશો યુગનુ છે
જિંદગી સસ્તી નથી.

દ્વિધા

હું હસું છું—ગાઉં છું,
અશ્રુઓમાં ન્હાઉં છું,
પ્રેમ, હે હે સાજન
કેટલો ગભરાઉં છું !

કહો

આ હૃદય શું છે, કહો !
જયવિજય શું છે, કહો !
આરઝુ કીધા પછી
આ પ્રણય શું છે, કહો !

એકાન્ત

સાવ અંધારું હતું,
કો' ન જોનારુ હતું,
હું હતો ને એ હતી
ઓરડો નાનું હતું !

ડર

મોતનો ડર રાખ ડર !
દૂર દૃષ્ટિ નાખ, ડર !
તારી કાયા વાહ ! વાહ !
પણ થશે એ રાખ, ડર !

દોરંગી કલા

પ્રેમ : દોરંગી કલા
એ ખરું પણ એ ભલા !
કોણ લેશે શોક રંગ ?
માનવી તો રંગલા !

ખરું

મોર નાચે છે, ખરું !
ઢેલ રાચે છે, ખરું !
રૂપ ગાયા આર્યમાં
પ્રેમ વાંચે છે ખરું ?

તનમનધન

તન હસાવે છે કદી,
મન રડાવે છે કદી,
એક મુખને આરસી
ધન બતાવે છે કદી !

ક્યારે

સુખ મળે ભોગી થશે,
દુઃખ મળે રોગી થશે,
એક માયા એક ભ્રમ
ક્યારે મન યોગી થશે ?

તો શું

નામ સુંદર હો તો શું ?
રૂપ મનહર હો તો શું !
પ્યાસની તૃપ્તિ થશે ?
અબ્ધ સાગર હો તો શું !

આશા

ધરતીને છોડી હશો,
ચાંદનીને જઈ ઠરો,
ચંદ્રના વધશે કલંક
જાઓ જઈને ત્યાં વસો !

શા ઊણો

તપ ન કર, ભોગી ન બન,
જીવનો રોગી ન બન,
શા ઊણો, કૈં કામ કર,
ચલ, નિરુપયોગી ન બન !

હે ચલ

અપ્સરા સુન્દર હશે,
સ્વર્ગ પણ મનહર હશે,



એ ખરું છે સન ! પણ
મારું કે ત્યાં ઘર હશે ?

આજ બસ

મોર સામે ટેલ હો !
દિલ્લગીનો ખેલ હો !
મેઘ, મન મૂકી ગરજ !
આજ બસ રસહેલ હો !

શું કરે

શું કહું, બેફામ છું,
કેટલો બદનામ છું !
કોઈ વસ્તુ તો મળે,
હું છલકતો જામ છું

ચાંદની

રાત અલબેલી હતી,
ચાંદની ઘેલી હતી;
બે ય બાજુ પ્યારની
બેલી મન ખેલી હતી

સપના

હું ય સપના જોઉં છું,
જોઉં છું ને રોઉં છું,
ખ્વાબોમાં રાતદિન
ભ્રમ માગ ખોઉં છું

વસંત

વાત એ શાની હતી ?
શી પછેડાની હતી !
ભ્રમરને બાગમાં
શાની બેરાની હતી ?

તે કોણ તું

ફૂલ જાણે ફૂલ છે,
સુરભિમાં મશગુલ છે,
પાનખર, છે કોણ તું ?
તારે મન શી શૂલ છે ?

પ્રેમની તક

ફૂલની માફક હસો,
આવો, મુજ મનમાં વસો
રૂઢિઓ બેદરકાર નો
રહી જવાનો વસવસો !

નાદાની

ફૂલને ચૂંટો નહીં,
બાગને લૂંટો નહીં,
આ રીતે સંહારનો
એકડો ઘૂંટો નહીં !

આમ ખેલ

ચાંદની આમોશ છે,
રાત પણ બેહોશ છે,
એ તપસ્વી ! આમ ખેલ
જિન્દગી નિર્દોષ છે.

મન

ચાંદનીને ચૂમ મન !
પી, ને પીને ઝૂમ, મન !
પાપનો કર ના વિચાર.
છે બધું માસૂમ, મન !

સ્વર્ગ

પાપીની તે જાત શી !
મારી તે ઓકાત શી !
તારી પાસે સ્વર્ગ છે
મન ! તારી વાત શી !

જીવન

આભને કાયા મળી,
તેજને છાયા મળી,
તત્ત્વના આકારમાં
લોકની માયા મળી

શું હશે

આ નિરાશા શું હશે ?
હાય ! આશા શું હશે ?
કોણ સમજાવી શકે
આ તમાશા શું હશે ?

જીવ

જિન્દગી પુસ્તક નથી,
તું ય કંઈ બાલક નથી !
જીવ, કે આ જિંદગી
ખેલવાની તક નથી.

સંગમ

હું મુસાફર તું સફર '
આપણો સંગમ અમર;
ધ્યેય ના મળશે હવે !
ચાલશું બસ બેફિકર !

અનોખન

મન ! તું ચાલાક છે,
બુદ્ધિ તારું નાક છે !
ભોગી તે યોગી બને ?
સ્વર્ગનો પરિપાક છે !

આવે તો ઠીક

ખુશનુમા મોસમ તો છે,
ઘરની લીલીછમ તો છે,
પ્રેમ, એ આવે તો ઠીક
રાત પણ માઝમ તો છે.

શીતલ અગન

એનો સ્વર છે રાગ સમ,
એના નયનો આગ સમ,
પ્રેમ છે શીતલ અગન
ગ્રીષ્મમધ્યે બાગ સમ !

સર્જન

આભને અંજન મળે,
ગાલને ખંજન મળે,
સર્જ થા, કે પ્રેમની
આંખને રંજન મળે





મા

ચાંદની છે રેશમી,
રૂપમાં કૈં ના કમી,
સાન્ત્વન દે છે સદા
વિરહીઓને મા ભમી !

નશામાં ચૂર

હું નશામાં ચૂર છું,
જિંદગીથી દૂર છું,
આ દશા કાયમ નથી
એટલે મજબૂર છું

કંઈક તો સમજાવ

સત્યના રંગો જુદા,
બુદ્ધિના ઢંગો જુદા,
કૈંક તો સમજાવ તું
આ બધું શું છે પ્રભુ ?

પ્રેમસંગ

પ્યારને હો વંદના !
રંગ છે આનંદના !
જાણે સારસનું યુગલ
માસ પ્રેમાનંદના !

ઉપરનો ઓપ

આ ઉપરનો ઓપ છે,
માહ્ય સઘળું લોપ છે.
આત્મ શોધે છે અહીં ?
ભાઈ, આ યૂરોપ છે !

યુવા

પ્રેમમાં સક્તિ હતી,
રૂપમાં શક્તિ હતી,
ઓ યુવા ! ઓ બેઉના
કેવી આસક્તિ હતી !

મારું દિલ

હોઉં હું ખેડાણમાં
એન કે અગવાદમાં,
મારું દિલ તો હોય છે
નિત્ય અમદાવાદમાં

ધીર ધર

ધીર ધર, ચંચલ ન બન
પ્રેમમાં પાગલ ન બન,
તારો દી યે આવશે
રાહ જો, વિહ્વલ ન બન

રોયા ન કર

રૂપને જોયા ન કર,
થઈ દુખી રોયા ન કર,
આંસુઓ છે કીમતી
આ રીતે ખોયા ન કર

સોમરસ

મુજને ગંગાજલ ન દે
સંત, આવું છલ ન દે !
જોઈએ મારે નશો
સોમ દે, સોમલ ન દે

સમાધાન

તારી પાસે રામ છે,
મારી પાસે જામ છે,
અર્થ શો વિખવાદનો ?
બેઉને આરામ છે

હું નજર

હું નજર તું રૂપ છે
હું ઝરો તું ધૂપ છે
આ મિલન જોયા પછી
વિશ્વ આખું ચૂપ છે

હું પવન

હું પવન ને તું પતંગ
જોઈ દુનિયા થાય દંગ !
ઊડશું અવકાશમાં
ધરતીનો તજશું ન સંગ

જીવનરંગ

જિંદગીના રંગ જો !
શો વળે છે ખગ, જો !
આ તો તાંડવનૃત્ય છે
અંગ જો ને ભંગ જો !

મર્યાદા

કાયનો વહી છે તું,
આત્મનો ચોદી છે તું,
ગર્વ કર મા છે કબૂલ
કે ચતુર્વેદી છે તું !

યોગ્ય અવસર

એને રોકો તો ગણું
હોય મોકો તો ગણું,
યોગ્ય અવસર જોઈએ
જાય લોકો તો ગણું

બહાર આવ

જો, હવા વાતી નથી,
ને ક્ષણો જાતી નથી,
આવ સૂરજ, બહાર આવ
રાત સ્હેવાતી નથી

મોતી કે આંસુ

મોતીઓ જોતા હતા
કે પછી ખોતા હતા ?
માનસરની પાળ પર
હંસલા રોતા હતા

[જર્મની આગસ્ટ ૬૧]





આવતી કાલના સમાજનું ચિત્ર

આવતા વીસ વર્ષો પછી પોતાના દેશમાં કેવી સ્થિતિ હશે તે કહેવાની રશિયાએ હિંમત કરી છે જ્યારે દુનિયા આખી આજના એવું જે ચિત્ર રજૂ કર્યું છે તેથી સહુ ચકિત થયા છે. આ ચિત્ર રજૂ કરી રશિયાએ જાણે જગતને આહ્વાન આપ્યું છે કે આવો, આ ચિત્રમાં જ્યાં ખૂટતા રંગ હોય તે દર્શાવો અથવા તો આથી અદકેરું ચિત્ર તમે રજૂ કરો.

માનવીને નહિ પણ દરેક રાષ્ટ્રો આ ખુલ્લો પડકાર છે. આયોજનના આ યુગે છે કોઈ કોઈ દેશો વિના આયોજને પણ ઘણી પ્રગતિ થઈ શકી છે ને થતી રહે છે છતાં આવતા પાંત્રીસ-પચીસ વર્ષ પછી કેવી સ્થિતિ હશે તે કહેવાની કોઈની હિંમત નથી પણ રશિયાએ જ એક લક્ષ્ય રાખ્યું છે. કોઈ પણ એ માણસને કામ મળી રહે એ ફરજ રાજ્યને માથે ઊતરી પડી છે ને તેથી કારખાના કે નોકરીઓમાં વધારે માણસોને રોકવાના રાખવાનું અનિવાર્ય થઈ પડ્યું છે. એનો કોઈ આરો નથી ને એમ કરવા છતાં સ્થિતિ આવે તેની કલ્પના નથી. રશિયાએ હવે જાહેર કર્યું છે કે નમના ક્યાંય ભાગે આરોગ્ય ધામોની છૂટ થશે કેળવણી સહુને મળશે. અન્ન વિના કોઈ નહિ રહે.

આ વાતને કોઈ હવાઈ કિલ્લા ગણે ને કોઈ એમ માને કે નવા રાષ્ટ્રોને આંજી દેવાનો આ એક પ્રયત્ન છે. ચૂંટણી વખતે જાહેરનામા બહાર પાડી જુદા જુદા પક્ષો જેમ લોકોને ભાતભાતના વચનો આપે છે તે

પછી તરત ભૂલી જાય છે તેમ આ પણ પ્રચાર છે કેટલાક એમ માને છે કે માનવીને અન્ન વસ્ત્ર ખોરાક, રહેઠાણ, કેળવણી આરવાર રમતગમત, રોજી, વગેરે બધું આપી શકો ને તેની સાથે એની પોતાની પસંદ ના આપો તો જે બધું આપ્યું હોય તે મિથ્યા ઠરે છે. માણસને જ્યાં જવું હોય, જે વાંચવું હોય, જે કહેવું સાંભળવું હોય—તે મુક્ત ના કરી શકે તો એના ભર્યા ભંડાર નકામા છે.

આ અને આવા બીજા ઘણા પ્રશ્નો ઉભરવાની સહુ કોઈ તક તો છે જ એ ઉણપને લીધે ચિત્ર અધૂરું રહે ખરું ને છતાં પણ એની રજૂઆત મિનજરૂરી કરતી નથી. ધર્મ આવા ચિત્ર આપે જ છે, ને રાજ્યે પણ આપવું જોઈએ.

'મફત'નો આદર્શ ના હોય

ઉત્પાદનની સમૃદ્ધિ પછી ચીજવસ્તુઓ મેળવવી સહેલ બને એમ તો આપણે સમજી શકીએ પણ એ બધું 'મફત' મળશે એમ જણાવવામાં આવે ત્યારે મન શંકાશીલ બને છે. આ જગતમાં કુદરત આપેલા હવા પાણી ને તડકો એટલો જ મફત છે એના ઉપર પણ પ્રતિબંધો હાવે ત્યાં મૂકાય છે ને બધવાના છે. આપણે આ વ્યવહારમાં કોઈનું મફત લગાય કે લેવાય નહિ એવો આદેશ છે. મફત મેળવેલું ક્યાંય ટકતું નથી, એનું મૂલ્ય ચૂકવવું પડે છે—વ્યાજ અને લાગે પણ એ વિના છૂટકો નથી.

આપણે ત્યાં કોઈ કોઈ વાર મફત કેળવણી ને મફત દવાના પ્રયોગ થાય છે. આપણા દેશમાં ઘણી તંગીઓ છે તો ફરજિયાતનો પણ નથી એટલે મફત મળતી

અગત્યકે ફેરફારો લાભકારી જણાય છે પણ એથી એમનું માનસ પામર બને છે અનુદારતા ગેરલાભ લેવાની ટેવ પડતી જાય છે જેમને ખરેખરી જરૂર છે તેમનું તાત્કાલિક હિત જળવાય, પણ એકંદરે તો 'મહત્' પચતું નથી એવો આ દેશનો અનુભવ છે તો પછી 'મહત્'નો આદર્શ કેમ હોઈ શકે?

આ હકીકતમાં 'મહત્–મહત્' બહુ ગળતું થશે ત્યારે પણ રાજ્ય એનું સમ્યુ કઈ રીતે વસૂલ કરી લેશે તે કહેવું મુશ્કેલ નથી. લોક અને રાજ્ય બને એક નથી, જુદાં છે ને રહેવાનાં છે લોકસેવા કાજે ભાવના હશે તે જ ખપની છે, અને આ ભાવના લોકશાહીમાં વધે એવી બીજી કોઈ રાજ્યપદ્ધતિમાં એ ખીલવાની નથી લોકમેળો જ પ્રજાની પાસેથી લે તે કરતાં વિશેષ આપી શકશે. બીજા તો પ્રજાના નામે થઈ ખાવાના ને બળેથી સત્તાનો દુરુપયોગ કરવાના—બહુ આપખુદ થવા માટે સ્તો

સગવડો ઘટવી જોઈએ, અને પ્રાથમિક જરૂરીઆતો વિપુલ પ્રમાણમાં મળવી જોઈએ રોજી મળવી જોઈએ અને કામના કલાકો ઘટવા જોઈએ, પણ એવું થશે ત્યારે માનવી વધુ જવાબદાર જીવન માટે તૈયાર થયો હશે. જોઈશે સહકાર કુટુંબમાં એ સરખો હિસ્સો માગે એટલું જ નહિ, આપે પણ એવો હોવો જોઈએ આવી માનવધડતરયોજના ધર્મને વિસારી શી રીતે થવાની હતી? રાજ્યપ્રકરણ નહિ પણ આત્મસંયમ એ જ માનવશક્તિના વિકાસની ગુરુચાવી છે ને એવા સંયમ વિના 'મહત્ નાણાંગારે ઢગલા કર્યા હશે તોયે એળે જવાના છે

શક્તિની આસુરી ઉપાસના

રશિયાના ટિટોવ પૃથ્વીની સત્તર પ્રદક્ષિણા કરી પાછા ફર્યા! કેટલાકને આમાં માનવસિદ્ધિ જણાઈ તો કેટલાકને આ દાનવસિદ્ધિ લાગી. યુધિષ્ઠિર રાજાએ મય દાનવ પાસે અદ્ભુત રચનાઓ કરાવી હતી રાજાને ત્યાં તો વરુણ અને વાયુ સેવા કરતા હતા, અને કૃષ્ણની દ્વારિકામાં આવી કોઈ કમી નહોતી એમાંનું આજે કંઈ રહ્યું નથી આ સિદ્ધિઓ પ્રમાણ છે રહસ્ય ના જાણ્યું હોય ત્યાં સુધી અદ્ભુત ને પછી તો એને કેમ કામે લગાડવી રાખવી તેની સતત ફિકર

ટિટોવની સિદ્ધિ એના પછી આવનારી સિદ્ધિઓ આગળ નાની થવાની, ને મોટી સિદ્ધિઓ માનવીને કેવા સંયમમાં રાખે છે કે બહેકાવે છે તેના ઉપર એની ઉપયોગિતા નિર્ભર રહેશે. બદલાતા કાળમાં આવી સિદ્ધિઓ હજી જ ને અવિરામ આવશે માણસ ધારશે તો એ ઘણું મહત્ત્વનું છે માનવીની કોઈ ઈચ્છા અતૃપ્ત રહી નથી વિજ્ઞાનની આવનારી શોધો થતી રહેશે કેમકે માણસ એની શોધમાં છે એથી આપણે ચકિત થઈ જવાની કે મુગ્ધ બની જવાની જરૂર નથી

વિજ્ઞાનનો મદદ જેમને મળી છે તે ભૌતજ્ઞાનના શસ્ત્રોના સ્વામી થયા છે, અમેરિકા ને રશિયા એમના હાથ રમાં ખડકેલાં છે એમની કોઈ ઉદ્દેશ સફળ કરતું નથી શક્તિની આસુરી ઉપાસના વડે અમુક ફળ ના મળે છે એ ફળનું પ્રયોજન કંઈ એવું નથી હોતું, એમાં યશ ને પ્રભુત્વ મળે છે અને છતાં આસુરી સંપદા એના સ્વામીને ઉપકારક નથી હોતી કરનારી નીવડે છે આ સંપદા નથી ટિટોવની કે નથી રશિયાની— એ તો રશિયાના સામ્યવાદી પક્ષમાં રહેલા સત્તાધીશોની છે

ઠીક છે આ શોધખોળને અંતે માનવપ્રકૃતિમાં કદાચ પલટો આવે ને એનું રજસતમસ ઓગળી–પીગળી જાય તો એથી રૂડું શું! ને નહિ તો વધતા જતા અહંકારે નવી શોધખોળોના ભાર નીચે એ કચડાઈ જાય તો નવાઈ પણ શી! હમણાં તો આ અતિ હાસ્યક ગણાતા બનાવો તરફ સ્વસ્થતા કેળવવા યોગ્ય છે આવી સિદ્ધિઓને મૂલવવાનો સમય તો એ ફળ હાથ નીવડે ત્યારે છે

દરેક નવી શોધ આપણા હાથમાં એક નવું સાધન બની રહે છે વરાળ વીજળી ને અણુની અપાર શક્તિઓ આપણે વાપરી છે—એના ગુણદોષ જોયા



છે એ સાધનો [illegible] તેનું માનવહિત બને —
જેવો એનો ઉપયોગ થાય તેવું એનું ફળ મળે. એ
સાધન કેટલાં સક્ષમ છે તે વાત હેતુથી વધારે છે તે
વધારે મહત્ત્વનું છે. વાપરનાર સમર્થ હશે તો નબળું
સાધન વાપરીને એ સુંદર પરિણામ લાવી શકે.

જે લાભોને આપણે અત્યારે અનુભવીએ છીએ તે તો
વિશ્વ આખાને કેમ પ્રગતિના [illegible] કરવા તે
છે. [illegible] માટે પૃથ્વીની મૂળ પ્રક્રિયાઓની જરૂર
સૌની નથી.

નર્મદાના ઘટનની યોજના કઈ?

આજની નીતિ [illegible] ક્રમમાં [illegible] મળ્યા રહ્યું
વર્ષે એ યોજના પાર પડે એવો સહુને વિશ્વાસ
છે. દુનિયાભરના નિષ્ણાતોએ એ યોજના તપાસી
મંજૂર રાખી છે. ઘણા રાષ્ટ્રોએ એને રકમ આપી
છે. આ દેશની પ્રગતિમાં આવો બહોળો નિયમ હોય
તેનો આપણે [illegible] કમ ના કરીએ!

આ યોજનાઓ ઉગ્ર [illegible] પણ ત્યાર્થી વધુ સારી
યોજના માટે કોઈની પાસે સ્પષ્ટતા નથી. એના પાર
પડે પૂરી થાય ત્યારે એવી કોઈ [illegible] આવવાની
નથી. ટીકાઓ કરી કે વાંધા ઉઠાવવા સહેલા છે.
જૂના ને નવા સ્થાનોમાં આંદોલન કરવાનું પણ
મનગમતું છે. અને ભવિષ્યના ભય ઊભી કરવાનું
એ ભિન્નતા પણ આપણાથી અજાણી નથી. આ
યોજના પાર પડે એમ [illegible] સિવાય કોઈ બીજો
ચાલવાનું નથી.

આ કે એ પછીની એક-બે યોજનાઓ વડે પણ
ભાવનું ચિત્ર કેવું હશે તે આજે કોણ કહી શકે?
હોય તો ઘણું સારું થાય ત્યારે વાત થશે. [illegible]
સહેજે [illegible] [illegible] [illegible] —એવું
[illegible] ખૂબ [illegible] છે [illegible] [illegible]
[illegible] એમને [illegible] નિસબત નથી.
યોજના તો આગળ વધી એનું [illegible] કરનાર
[illegible] [illegible] [illegible] [illegible] એમાં
કોઈ [illegible] આવવાના નથી. એનો નિકાલ થઈ
જાય તે પછી આ [illegible] આવતી [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] આપણે [illegible] [illegible] [illegible]
[illegible] નથી પણ આ દેશની પ્રગતિના [illegible]
[illegible] [illegible] એનું [illegible] લોકોનેય [illegible]
[illegible] ને માનવ વ્યવસ્થામાં [illegible] [illegible]
[illegible] [illegible] આપણે ત્યારે નિર્માણ [illegible]
આપણે [illegible] નિર્ણાયક [illegible] [illegible]
છે અને આવતી [illegible] [illegible] [illegible] અર્થ
[illegible] [illegible] છે [illegible] દેશમાં [illegible] છે
એવું જ નહિ, પણ એમાં [illegible] [illegible] [illegible]
[illegible] છે આપણી બધી [illegible] એ સાથે
પાર [illegible] પડે સમય લાગે તો તેની [illegible] શી?
જેટલું છે તેના અભાવની [illegible] [illegible] [illegible] તો
કેવો અંધકાર જણાય છે! [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] ને આપણી ભૂલો [illegible] સુધારી
શકાય એવી છે. એમ છતાં [illegible] [illegible]
ચિત્ર સ્પષ્ટ કરવાની જ [illegible] રહે જ છે. નર્મદાના
ઘટનનું આયોજન કયાર [illegible] થશે?

પાણી ખાડ કોને ભાગે ઉતારવી?

આ દેશના [illegible] પ્રધાનને એમ કહેવું પડે કે ખાડનો
વધારે ઉપયોગ [illegible] એ કેવી નવાઈની વાત છે!
[illegible] [illegible] [illegible] કે ફક્ત [illegible] [illegible]
એમણે [illegible] હોત તો [illegible] [illegible]. એ સત્ય [illegible]
નથી તો પછી ખાડનો [illegible] વધારવા એમણે
કમ [illegible]?

ખાડના [illegible] વધી પાવા તે ખોગ પ્રધાનની [illegible]
[illegible] નથી [illegible] એ [illegible] [illegible] ખાડ ખપાવવા
ગયા તે પહેલાં જ એમણે ચેતવણામાં [illegible] [illegible] કે
આ [illegible] [illegible] [illegible] કોઈ [illegible] નહિ ને ઓછા
ભાવથી ખાડનું ઉત્પાદન [illegible] [illegible] નો [illegible]
[illegible] [illegible] અને ખાડના [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] નિયમ [illegible] જ [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

સવા મોંઘી તે અછત થઈ પડી

દેશમાં પાછા આવીને એમણે કોઈ ઉકેલ નથી બતાવ્યો. શેરડીના ભાવ કાપવાની જાહેરાત જેવી કરી તેવો દગાવો કીધો—ફેરવી તોળી ને ખાંડ વધારે વાપરવી તો શક્ય—તેનો કશો સુધારો એ ના કરી શક્યા. આ દેશમાં ગોળ વધારે વાપરવાનું કોઈ કદાચ કહી શકત પણ ખાંડ ખરીદવી એટલે મોજશોખમાં પડવા જ. વાત આપણા ખોરાકપ્રધાન એવી વાત કરે તો તેમને રજા આપવી જોઈએ. હજુ સુધી આવી સ્પષ્ટ જ સૂચનાઓ જાહેર નથી થઈ તે આ દેશવાસીઓની અખૂટ ધીરજ બતાવે છે. એમની પાસે કોઈ યોજના તો છે જ નહિ, ને જે વાણી છે તે જવાબદારીના ભાન વગરની છે.

અઠવાડિયે એક દિવસ પણ જાહેર ઉપવાસ ના કરી શકે, ભેળસેળ વિનાનો સાત્વિક ખોરાક લોકોને સસ્તે ભાવથી મળે એવી જોગવાઈ ના કરી શકે, ઢોરની ઓલાદ સુધારી ના શકે, જંગલો જાળવી ના શકે તેને ખોરાક કે ખેતીના પ્રધાન કેમ નીમી શકાય! એમના કરતાં તો પછાત કે વર્ગીકૃત જાતિમાંથી કોઈ આવું બિચારું હોત તો ઠીક થાત.

ઉપવાસના અધિકાર કોઈએ

જેમણે જિંદગી આખી રાજકારણના કાવાદાવા કર્યા હોય તે પોતાનું ધાર્યું કરવા ઉપવાસ ચાલુ કરે ત્યારે એ ઉપવાસ ત્રાગું પણ નહિ—બદ્દુ બની રહે છે. એ ઉપવાસની એસી તેસી કરી હાંસી નીકળે. રમ આવો મચો, એકતા ખંડિત થાય, વર્ષો સુધી ના મટે એવી કડવાશ રહે—એમ હોય તો એ ઉપવાસ નહિ—હિંસા જ છે.

પણ શું થાય? પઠાન કોમ જેવા મુસલમાનોનું ઝનૂન ઉશ્કેરી કોઈ નેતા બની શક્યું, તો શીખનું ઝનૂન ને ભેરનામ બીજો કેમ ના ઉઠાવે! એ કરુણતા છે કે પાંચ દસ વ્યક્તિઓમાં જે ગુનો કરે તે પાંચ-પચીસ લાખમાં ભાન અપાવે, કાનૂન ત્યાં લાચાર ઠરે ને દેશ એને અનિવાર્ય દૂષણ માની ચલાવી લે, કોઈ મત. ભૂખ વેઠીને આવા આંદોલન ચલાવી શકતાં નથી, ત્યારે ડરાવીને, બધું બગાડીને, મૂંઝવીને, સતાવીને, ધમકાવીને, છીનવીને એ જપે છે. વધુ બગાડ થતો અટકાવવા નમવું પડે છે, એમ પ્રધાનમંડળે થયું. રાજકીય કે આર્થિક માગણીઓ કરવા ઉપવાસનું શસ્ત્ર કોઈ વાપરે તો એ શોભાસ્પદ છે. નૈતિક રીતે કામ કરનારાનો એ અધિકાર છે. તારાસિંગ અમૃતસરના સુવર્ણ મંદિરમાં રહી, મંદિરને કિલ્લો બનાવી દઈ, રાજકીય હેતુ માટે ઉપવાસ કરે એની નિંદા સહુએ કરવી જોઈએ. ઉપવાસની એક આધ્યાત્મિક પ્રતિભા છે તે રગદોળવાનો તારાસિંગને કશો હક નથી.

કુલડીમાં ગોળ ભાંગવાની ટેવ

ગુજરાત પ્રાંતિક સમિતિએ આવતી ચૂંટણીમાં કયા ઉમેદવારોને ઊભા રાખવા તેનો નિર્ણય નવી ચૂંટણી સમિતિ ઉપર છોડી દીધો. એમાં સમિતિની નાલેશી તો છે જ, તેમ ગુજરાતની પણ નાલેશી છે. સમજાય એવું આવે તેથી તેના ઉકેલ ના શોધવા અને પોતાના હક છોડી દેવા એ પ્રૌઢ સંસ્થાનું લક્ષણ નથી, એની કમજોરી છે.

દશ વર્ષનો નિયમ એ સંસ્થાની નીતિ ઊંચે લઈ જનારું પગથિયું હતું. જેમ દરેકને માટે એ નિયમ ફરજિયાત કરી ના શકાય તેમ એ નિયમને અવગણનારું ઠરાવી દેવાય પણ ના શકાય. અમુક મર્યાદામાં એના અમલ કાજે આગ્રહ લોકશાહીના હિતમાં જ હોય. આવો ઉદાર મત રાખ્યા પછી સમસ્યા ઉકેલી શકાત.

હજુયે લોકશાહીને વરેલી કોંગ્રેસ પોતાના પક્ષના ઉમેદવારો માટે પક્ષની ચૂંટણી રાખી શકે. જેમનું પક્ષમાંથી વજન નથી, કદર નથી તેમણે લાયકાત હોય તો ય ખસવું જ રહ્યું. પક્ષ ના પસંદ કરે તેમને પ્રજા કબૂલ રાખે એ કેવું વિચિત્ર!

પણ કોંગ્રેસને હમણાં ચાલાકીપૂર્વક કરીને વહીવટ રાખવું છે, ધર્મો ટાળવા છે કે આ પક્ષના ઉપનેતા ચૂંટવા

[અનુસંધાન માટે જુઓ પાનું ૫૪]

આ અંકનું પૂંઠા–ચિત્ર

આ અંકના પૂઠા ઉપરના વિશિષ્ટ ચિત્ર કરના 'ઊર્મિનવરચના' એ દીખાઉ અક્ષરો તરફ દરેકની નજર પહેલી જશે ગુજરાતી લિપિથી અજાણ્યુ એવા કલાકારના અક્ષરો તો આવા જ હોઈ શકે ને? ગુજરાતી માસિકના પૂઠા ઉપર છેક જર્મનીથી એક જર્મન કલાકારે ખાસ દોરેલુ ચિત્ર છપાય એવો ગર્વ આ અંકના પૂઠા–ચિત્રને લીધે 'ઊર્મિનવરચના' લઈ શકે છે કળાને કોઈ સીમાબંધ નડતા નથી એક જાણીતા જર્મન–કળાકારનુ ચિત્ર 'ઊર્મિનવરચના' ઉપર છપાય છે ત્યારે એ કળાકારનો ઊડતો પરિચય ઊર્મિના વાચકોને જાણીના અને અત્યારે જર્મનીમા અભ્યાસ કરી રહેલા શ્રી શેખાદમ આબુવાલા તેમની આગવી શૈલીમા નીચે મુજબ આપે છે—

હેલિમાર શોરમાન્સ

એનુ નામ Helimar schoormans ઉચ્ચાર હેલિમાર શોરમાન્સ

જુવાન પરેશાન હતો નાજુક આંગળીઓ ફર ફરના સપનો જોતી આંખો એને જોતા જ લાગે કે આ જીવ કોઈ નામાર હોવો જોઈએ અને નીકળ્યુ પણ તેવુ જ નામાંકિત જર્મન કલાકાર જર્મન દૈનિક પત્રોમા તેમ જ પુસ્તકોમા અઘરા હોય સમજાય તેવા ચિત્રો ચીતરતો આ કલાકાર એક જર્મન કલાકારનુ ચિત્ર આપણા ગુજરાતી માસિકના મુખપૃષ્ઠ પર છપાય તો કેવુ સરસ! આ જાતનો તરંગ મારા મનમા જાગ્યો મે એને ઊર્મિ માટે એક ચિત્ર તૈયાર કરવા વિનતિ કરી ઊર્મિ–નવરચનાના ગુજરાતી અક્ષરોનો નમૂનો આપ્યો બે દિવસ પછી એ એક ચિત્ર લઈને આવ્યો શુદ્ધ

એની સાથે થયેલા સવાલ જવાબ અહી ઉતારુ છુ

—તમારા જન્મ?

—શકાસ્પદ ચીજ લાગે છે?

—મતલબ, કયી સાલમા?

—૧૯૨૫

—કલાનો વ્યવસ્થિત અભ્યાસ ખરો?

—પાચ વરસ સ્ટાર્ટગાર્ટની Kunstsehule (કલાભવન)મા અને બર્લિનના રંગભંડારમા

—અત્યારે?

—ચાર વન મેન શો

—ક્યા અને ક્યારે?

—માઈન્ટ્સ ૧૯૫૪ કોલોન ૧૯૫૫ માઈન્ટ્સ ૧૯૫૬ માઈન્ટ્સ ૧૯૬૧

—કોઈ સ્મૃતિ?

—એક વરસ સૈનિક અને ચાર વરસ યુદ્ધકેદી ફ્રાન્સની કેદમા અધારી દિવાલો ઉપર ચાક વડે ચીતરેલા ચિત્રો હૃદય જીવે છે તે સ્મૃતિ

—પરિણીત?

—હા

—સતાન?

—બે દીકરીઓ

—તમારી કલાના થયેલા વિવેચનોમા કોનુ વિવેચન શ્રેષ્ઠ?

—મારી પત્નીનુ

—પ્રિય કલાકારો?

—ક્રે સાગાલ અને રુઓ

—કલા અગે કઈ અભિપ્રાય?

—મનની સચ્ચાઈ

—પેઈન્ટિંગ ઉપરાંત?

—ડ્રોઈંગ ગ્રાફ પોઈટ ટેકનિક મોઝેઇક એનેમલ ગ્લાસ વર્ક

—ઊર્મિમા તમારુ ચિત્ર છપાય તેનો પુરસ્કાર?

—ભારતના કોઈ અનાથગૃહમા મોકલી આપજો



ડૉ. સુમન્ત મહેતા

ક્રાન્તિકારી મહિલા માદામ કામા

આ રજમી સપ્ટેંબરે ગુજરાતી વીરાંગના શ્રીમતી ભીખાઈજી કામાના જન્મદિવસ નિમિત્તે દેશભરમાં ઉજવાય છે. તેમના વિષે મૂળ જ આધારભૂત માહિતી આ લેખમાં આપણા પીઢ દેશસેવકે આપણી પેઢી માટે આલેખી છે.

શ્રીમતી ભીખાઈજી કામાનો જન્મ ૧૮૬૧ની સાલમાં ૨૪મી સપ્ટેમ્બરે મુંબાઈમાં રહેતા પારસી કોમના સોરાબજી ફરામજી પટેલને ઘેર થયો હતો. સોરાબજી પટેલ કાંઈક એક્સ્પોર્ટ ઈમ્પોર્ટના મોટા વેપારી હતા. તેઓનું કુટુમ્બ ધનાઢ્ય તેમજ ખૂબ ખાનદાન હતું. શ્રીમતી કામાને બીજા આઠ ભાઈબહેનો હતાં. ભાઈઓ પણ પિતાના ધંધામાં લાગી જઈને સારૂં કમાતા હતા. શ્રીમતી કામા નાનાં હતાં ત્યારથી જ બહુ બુદ્ધિશાળી અને ચાલાક હતાં. ટેવાથી કેટલેક અંશે સ્વતંત્ર મિજાજના હતાં. છતાંયે નાનાં હતાં ત્યારથી જ સ્વભાવે દયાળુ અને સમદુઃખી હતાં. ગરીબોનું દુ:ખ જોઈને એમનો જીવ જ બળી જતો.

એમના શિક્ષણ વિષે વધુ માહિતી મળતી નથી પરંતુ એ જમાનામાં ગુજરાતીઓને હિસાબે પારસી કોમ ઘણી આગળપડતી હતી એટલે તેમને શિક્ષણ તો સારૂં મળ્યું જ હશે એમ માનવામાં આવે છે. એ સમયે સ્ત્રી–પુરુષને છૂટથી હળવા મળવાનું વાતાવરણ ન હોવા છતાંયે શ્રીમતી કામા ઉપર જણાવ્યું તેમ સ્વતંત્ર મિજાજના હોવાને કારણે પોતે છૂટથી બધાને મળતાં અને ચર્ચા વિચારણા કરી શકતાં. તેઓના માતા–પિતા આ બાબતમાં ઉદાર હતાં. શ્રીમતી કામા અંગ્રેજી સાહિત્ય સારી રીતે વાંચી શકતાં અને ખાસ કરીને એમાંયે રસ અર્થશાસ્ત્રમાં લેવા માંડ્યો હતો. કારણ કે એ સમયે હિંદમાં બ્રિટિશ રાજ્ય તરફથી પ્રજાનું જે નિર્દયતાપૂર્વક ચુસણ થતું હતું તેના વિષે દેશના અનેક મહાન પુરુષોએ પુસ્તકો લખ્યાં હતાં. તેમાં શ્રી દાદાભાઈ નવરોજી, દીનશા વાચ્છા, રમેશચંદ્ર દત્ત, રાનડે વગેરે હતા.

શ્રીમતી કામાનાં લગ્ન ક્યારે થયાં તેની ચોક્કસ કોઈ માહિતી નથી પરંતુ ત્યારે બહુ મોટી ઉંમરે લગ્ન થયાં નહિ હોય તેવું અનુમાન કરી શકાય છે. તેઓના લગ્ન ભારત તેમજ કેટલેક અંશે પરદેશમાં જાણીતા ભારત અને ઈરાનના ઇતિહાસ અને શાસ્ત્રોમાં નિષ્ણાત ગણાતા શ્રી ખુરશેદજી આર. કામા (કે. આર. કામા) ઈન્સ્ટીટ્યુટના સ્થાપકના પુત્ર શ્રી રુસ્તમજી સાથે થયાં હતાં. તેઓ વકીલ હતા અને સોલીસીટરનો ધંધો કરતા હતા.

શ્રીમતી કામાએ ધીમે ધીમે રાજકીય વિષયોમાં રસ લેવા માંડ્યો અને રાજકીય મંડળોના સભ્ય પણ થયાં. આવાં મંડળોની સભાઓમાં બોલવા પણ માંડ્યું. બનવા જોગ છે કે રુસ્તમજીને આ બાબતમાં વાંધો નહિ હોય, પરંતુ તેઓનાં સાસરીઆંઓએ એમની આ પ્રવૃત્તિ તરફ અણગમો બતાવવા માંડ્યો અને સાસરીઆં સાથે સુમેળ રહ્યો નહિ. ૧૮૮૫ની સાલમાં નૅશનલ કોંગ્રેસની પહેલી બેઠક મુંબાઈમાં ભરાઈ ત્યાર પછી દેશનું રાજકીય વાતાવરણ ગરમાગરમ થવા માંડ્યું. થોડા સમય બાદ મહારાષ્ટ્રમાં લોકમાન્ય તિલકે 'કેસરી' નામે છાપું કાઢ્યું. એમાં સરકાર સામે તીવ્ર અસંતોષ જનતામાં પેદા કરવાનો પ્રયાસ થઈ રહ્યો હતો. ગરીબના બેલી શ્રીમતી કામા પણ ખૂબ ઉશ્કેરાઈ ગયાં હતાં. ત્યાર પછી એમનું પૂરેપૂરું વલણ રાજકારણ તરફ વળવા માંડ્યું.

૧૮૯૬ પછીમાં મુંબઈ અને પૂનામાં ભયંકર રોગચાળો ફેલાયો. તેને અટકાવવા માટે સરકારે જે પગલાં લીધાં હતાં તે આવશ્યક તો હતાં જ પરંતુ તેનો અમલ નાના નાના પરદેશી અધિકારીઓએ એવી ક્રૂરતા અને સખતાઈથી કર્યો કે પ્રજામાં એનાથી વિશેષ અસંતોષ ઉત્પન્ન થયો. તે એટલે સુધી કે લોકોએ બે યુરોપિયન પોલીસને મારી નાખ્યા અને એક બ્રિટિશ કલેક્ટરનું ખૂન પણ કર્યું. એ જ અરસ







કાઢવામાં પણ સફળ થયાં હતાં. તે અરસામાં એટલે ૧૯૦૭માં જર્મનીના સ્ટુટગાર્ડ શહેરમાં આખા વિશ્વના સમાજવાદીઓની પરિષદ ભરાઈ હતી. એમાં ભારતના વિપ્લવવાદી મંડળ તરફથી એક ડેલીગેશન મોકલવામાં આવ્યું હતું. તેમાં શ્રીમતી કામા પણ એક પ્રતિનિધિ હતાં. પરિષદના હોલમાં પેસતાં એમણે જોયું કે આ વિશ્વ પરિષદમાં જે જે દેશો ભાગ લેવાના હતા તે બધા દેશોના રાષ્ટ્રીય ધ્વજો ફરકતા હતા. તેમાં માત્ર ભારતનો જ રાષ્ટ્રધ્વજ નહોતો. તે વખતે ભારતને પોતાનો ધ્વજ હતો જ નહિ. તેથી શ્રીમતી કામાએ રંગીન કાપડ લાવી પોતાને હાથે ભારતનો ધ્વજ બનાવ્યો.


એ અરસામાં કલકત્તાની નેશનલ કોંગ્રેસની બેઠકમાં એક ઠરાવ પસાર થયો હતો કે ભારતનો રાષ્ટ્રધ્વજ તૈયાર કરવો. અને સૂચના હતી કે લાલ, પીળો અને લીલો એ ત્રણ રંગના પટા જોડવા અને લાલ રંગમાં આઠ કમળનાં ફૂલ મૂકવાં. પીળામાં નાગરી લિપિમાં મોટા અક્ષરથી 'વંદેમાતરમ્' લખવું. લીલામાં એક ખૂણે સૂર્ય અને બીજા ખૂણામાં ચંદ્ર અને તારક મૂકવા. શ્રીમતી કામાએ લાલ પટામાં એક કમળ અને સાત તારા મૂક્યા. આટલો ફેરફાર કરી ધ્વજ તૈયાર કર્યો. પરિષદની બેઠક મળી ત્યારે ભારતને પોતાનો ધ્વજ ન હોવાને કારણે દિલગીરી વ્યક્ત કરી અને પોતાની પાસે જે ધ્વજ હતો તે તેમણે ફરકાવ્યો. આને લઈને પ્રેક્ષક વર્ગમાં ખૂબ જ ઉત્સાહ પ્રેરાયો અને ભારતના લોકોને પહેલાં કદી પણ જાહેરાત મળી નહોતી તેવી જાહેરાત આ પગલાથી મળી.

૧૯૦૮માં હરદયાળને અમેરિકા મોકલવામાં આવ્યા અને કેનેડામાં મજૂર તરીકે કામ કરતા હજારો શીખોને બળવા તરફ વાળ્યા. ત્યાં પણ એક 'ગદ્દાર' નામનું છાપું બહાર પાડ્યું. આવી રીતે આખા યુરોપ–અમેરિકામાં પ્રચાર થયો.

૧૯૦૯માં આ જુવાનોએ એક સીક્રેટ સોસાયટી કાઢી. તેમાં એવી પ્રતિજ્ઞા લેવામાં આવતી કે મંડળના સભ્યને જે કાંઈ કામ સોંપવામાં આવે તે વિના આનાકાનીએ પૂરું કરવું જોઈએ. ત્યાર પછી બે વર્ષ સુધી છાની રીતે હજારો પિસ્તોલો, રાઈફલો વગેરે જકાતખાતાની નજર ચૂકવીને ભારતમાં મોકલવામાં આવતી હતી. તે માટે નાણાંની જોગવાઈ પેરિસમાંથી થઈ રહેતી હતી.

આપણા ભારતના વિદ્યાર્થીઓને મદદ કરવા સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ડિયાની ઓફિસમાં કેટલાક અમલદારો હતા તે બહારથી જેના આપણા વિદ્યાર્થીઓની બીજી પ્રવૃત્તિઓ ઉપર છૂપી નજર પણ રાખતા હતા અને કનડગત પણ થતી હતી. કર્નલ વાઈલી નામનો એક અમલદાર અત્યંત કનડગત કરતો હતો તેને એક હિંદી વિદ્યાર્થીએ ગોળીથી મારી નાખ્યો. આ બનાવથી બ્રિટિશનું પોલીસખાતું ખૂબ જ ચોંકી ઊઠ્યું અને આ મંડળીના સભ્યોને પકડવા સરકારે હુકમ કાઢ્યા. આ વાતની ખબર આપણા ભારતીય ભાઈઓને પડી અને બધા ફ્રાન્સ નાસી ગયા. આમાં શ્રીમતી કામા પણ હતાં. આ બનાવોથી યુરોપના જુદા જુદા પાટનગરમાં વિખરાઈ જઈ ભારતની મુક્તિનો વિચાર કરવા લાગ્યા અને બ્રિટિશ સરકારના જુલમોનો પ્રચાર કરવા માંડ્યો.

૧૯૧ ના સાલમાં લંડનમાં સત્તાધારીઓ ખાનગી પત્રોની જપ્તી પડી હતી તેથી સાવરકર વેશ બદલીને ભાગી ગયા. ત્યાં તેઓ પકડાઈ ગયા અને કેસ ચલાવવા તેમને ભારત મોકલવામાં આવ્યા. રસ્તામાં ફ્રાન્સના કિનારા પાસે માર્સેલ્સમાં જ્યારે સ્ટીમર લંગારી ત્યારે જાજરૂની નાની બારીમાંથી નીકળી જઈ કિનારે પહોંચ્યા. સાવરકરે ફ્રેન્ચ સરકારનો આશ્રય માગ્યો. પરંતુ બ્રિટિશ સરકારના દબાણને લઈને શ્રી સાવરકરને સ્ટીમરમાં પાછા સોંપી દીધા. આને લઈને બ્રિટિશ તેમ જ ફ્રેન્ચ પ્રજામાં ઘણો જ ખળભળાટ થયો. પાર્લામેન્ટમાં પણ અનેક પ્રશ્નો પૂછાયા. આ પ્રસંગને લઈને ઈન્ડિયા હાઉસની ખ્યાતિ જગતભરમાં ફેલાઈ ગઈ.



૧૯૧૦માં મધ્ય ફ્રાન્સના પ્રખ્યાત ગામ વિશી— જે ગરમ પાણીના ઝરાની સારવાર માટે જાણીતું છે ત્યાં—હું વડોદરાના મહારાણી સાથે ગેસ્ટ તરીકે ગયો હતો ત્યારે મહારાણીએ મને શ્રીમતી કામાની સાથે પરિચય કરાવ્યો. ત્યારપછી પૅરિસમાં હું એમને ઘેર મળવા ગયો અને ધીમે ધીમે અમારો સંબંધ ગાઢો થયો. આ દિવસોમાં તેઓ ફ્રાન્સમાં રહેતા હોવાથી તેમને લોકો મૅડમ કામાને નામે ઓળખતા હતા. એમની મુખ્ય પ્રવૃત્તિ તે સમયે પણ હિંદુસ્તાન આઝાદી ભારતમાં મોકલવાની જ હતી. પૅરિસમાં રહેતા હિન્દી વિદ્યાર્થીઓ અને પૅરિસના સ્ટેશનથી પસાર થતા હિન્દીઓમાં પ્રચાર કરી તેમનો મત કેળવવો નાણું મેળવવા પ્રયાસ કરતા હતા.

આ વર્ષોમાં મેં જોયા ત્યારે તેઓ લગભગ પચાસ વર્ષની ઉંમરના મોટા બાંધાના અને ભારે શરીરના છતાં પણ ખૂબ સ્ફૂર્તિવાળા જણાતા હતા. આવી જ રીતે ફરી ૧૯૧૧માં મારે યુરોપ જવાનું થયું ત્યારે હું એમના અનેક મિત્રોને પણ મળ્યો હતો. ખાસ કરીને ઝવેરાતનો ધંધો કરતા શ્રી રાણા—જે કોઈ કાઠિયાવાડી રાજ્યના રાજકુમાર હતા—અને આખા કુટુંબમાં એમના પૅરિસના આલીશાન મકાનમાં રહેતા હતા. તેઓ આ બધા ચળવળના પ્રણેતા હતા.

અત્યાર સુધી મૅડમ કામાને તેમના કુટુંબ તરફથી તેમ જ યુરોપમાં રહેતા ધનાઢ્ય પારસી વેપારીઓ પાસેથી જોઈતા નાણાં મળ્યા કરતાં હતાં.

૧૯૧૧ની સાલ પછી પણ એમણે તો પોતાનું કાર્ય ચાલુ જ રાખ્યું. પહેલા વિશ્વયુદ્ધની તૈયારી ત્યાર પછી યુરોપમાં શરૂ થઈ ગઈ એટલે આ મહિલાના કાર્યની કોઈ માહિતી મળતી નથી. પરંતુ યુદ્ધ દરમિયાન આપણા હિન્દી સૈનિકો જે બ્રિટિશ લશ્કરમાં હતા તેમને બ્રિટિશ સરકારની વિરુદ્ધ આ મહિલાએ કાર્ય કરવા બધો જ પ્રયાસ કર્યો હતો તેનું પરિણામ તાત્કાલિક તો નહિ જણાયું પરંતુ એ સૈનિકો ભારતમાં પાછા આવ્યા ત્યારે તેમનામાં બ્રિટિશરો સામે અસંતોષ ઘણો જ હતો.

૧૯૨૧ની સાલમાં હું ફરીથી એમને મળ્યો. તે વખતે તેમનું વય લગભગ ૬૦ વર્ષનું હતું. શરીર ઘણું જ ભારે થયું હતું અને એક નાના બોર્ડીંગમાં તેઓ રહેતા હતા. બ્રિટિશ સરકારના જુલ્મને લઈને નાણાકીય મદદ મળતી લગભગ બંધ થઈ હતી. આ દિવસોમાં અત્યંત હાડમારીને લઈને એમને કોઈ ને કોઈ દર્દનો હુમલો થઈ જતો. આવી દુઃખદ સ્થિતિમાં તેઓ એમનું જીવન વીતાવી રહ્યા હતા.

ભારતમાં હવે અસહકારની લડત ચાલતી હતી. એક દરે આપણી રાષ્ટ્રીય લડત વિષેના વિચારસરણી પણ બદલાઈ ગઈ હતી. તેથી જે બધા વિપ્લવવાદીઓ યુરોપમાં રહેતા હતા તેમને હવે કોઈ ભારતીઓ મદદ કરતા નહોતા. તે કહો દેશ માટે સર્વસ્વ અર્પણનું સેવા મૅડમ કામા કરી શક્યા હોય તેનું જાણવામાં આવ્યું નથી. છેવટે મૅડમ કામાએ નક્કી કીધું કે એમનાથી હવે ભારતમાં અથવા ગ્રેટબ્રિટનમાં પાછા જવાશે નહિ તેથી એમણે પૅરિસના કબ્રસ્તાનમાં પોતાને જોઈતી જમીન ખરીદી અને ત્યાં આરસનો એક પાળિયો તૈયાર કરાવીને મૂક્યો. તેમાં પોતાનું નામ, જન્મ તારીખ, મૃત્યુની તારીખ માટેની ખાલી જગ્યા રાખી નીચે એક સૂત્ર કોતરાવ્યું:

અન્યાયની સામે થવું એ ઈશ્વરની
આજ્ઞાનું પાલન કર્યા બરાબર છે.

